بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

## પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટ્રિએ


**સંપાદક**

મુફ્તી મુનીબુર્રહમાન સાહબ

**અનુવાદક**

પટેલ શબ્બીર અલી રઝવી

(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



**પ્રકાશક**

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

Mo. 94274 64411 Mo. 96645 21477

Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૫૯ આવૃત્તિ–૧ પ્રત:૨૦૦૦

૨૫–શવ્વાલુલ્ મુકર્રમ હિ.સ. ૧૪૪૨ જુન–૨૦૨૧

BANK

BANK DETAILS

બેંક ઓફ બરોડા

A/c. No. 34620100000303,

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

PhonePe

Mo. 94274 64411

G Pay paytm

હદિયો

₹ 100/-

## અનુક્રમણિકા


☞ ✍....**પ્રસ્તાવના** *(અઝ : હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી)* 03

❇ અહલે સુન્નતની વ્યાખ્યા તથા ઓળખ 03

❇ રાફઝીઓનું ઘટાડો કરવું તથા અતિશયોક્તપણુ 04

❇ ખારજીઓનો ઈફરાત તથા તફરીત 04

❇ સિદ્દીક અકબર رضی اللہ عنہની ખિલાફત તથા અફઝલિયત માનવું કેમ જરૂરી છે ? 05

❇ ઈજમાઅની ઈસ્તેલાહી વ્યાખ્યા 06

❇ ઈજમાએ અકવા (ઈજમાઅમાં સૌથી મજબૂત ઈજમાઅ)નો હુકમ 06

☞ ઈસ્તિફતા (શરઈ જવાબ માટે પ્રશ્ન) 13

☞ ઈસ્તિફતાનો જવાબ–૧ 15

☞ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ અને કુર્આને હકીમ 20

☞ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ હદીષોની રોશનીમાં 25

☞ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં સહાબાનાં કથનો 27

☞ જવાબ–૨ 32

☞ સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત વિશે ઈમામો તથા દીનના બુઝુર્ગોનાં કથનો 32

☞ જવાબ–૩ 45

☞ જવાબ–૪ 46

☞ અહલે બયતે અત્હાર અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મહોબ્બત તથા તા'ઝીમ વિશે 46

☞ કુર્આન તથા સુન્નતની સ્પષ્ટતાઓ પ્રમાણે સહાબીઓના બારામાં અહલે સુન્નતનો અકીદો 49

☞ જવાબ–૫ : 57

☞ બદ્ મઝહબ સૈયદની તા'ઝીમ વાજિબ હોવાનો અર્થ શું છે ? 60

☞ ચેતવણી 68

☞ ઈમામ માલિકના મઝહબનો ખુલાસો 69

## પ્રસ્તાવના

❖ અઝ ❖

**હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ**

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

અલ્લાહ عزوجل تعالیٰ એ અહલે હક્ક અહલે અદ્‌લની એક ઉખરવી સિફતનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવ્યો : یَّوۡمَ تَبۡیَضُّ وُجُوۡہٌ وَّ تَسۡوَدُّ وُجُوۡہٌ ''જે દિવસે કેટલાંક મોં ઉજ્જવળ હશે અને કેટલાંક કાળાં.'' *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૦૬)* આ આયતે મુબારકાની તફસીરમાં તફસીરવેત્તા કુર્તબી, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત પેશ કરે છે :

قَالَ اِبۡنُ عَبّاسٍ رضي الله عنه تَبۡیَضُّ وُجُوۡہُ اَھۡلِ السُّنَّۃِ وَ تَسۡوَدُّ وُجُوۡہُ اَھۡلِ الۡبِدۡعَۃِ

''કયામતના દિવસે સુન્નીઓના ચહેરા રોશન અને પ્રકાશિત હશે અને બદ્‌અકીદાઓના ચહેરા કાળા તથા સિયાહ હશે.'' જે સુન્નીઓના ચહેરા હશ્રના દિવસે નૂરે ઈમાનના કારણે રોશન તથા ચમકદાર હશે તેઓ જ અદ્‌લવાળા, દુનિયામાં ઈસ્લામ ધર્મના હકીકી પ્રતિનિધિ છે. દરમિયાની ઉમ્મતની હકીકી પહેચાન છે, સીધી રાહના રહબરો છે, સહાબા તથા અહલે બયતના અકીદાઓના વારસ તથા અમીન છે.

### ★ અહલે સુન્નતની વ્યાખ્યા તથા ઓળખ ★

હઝરત મુલ્લા જીવન رحمۃ اللہ علیہ એક મુસલ્લમ મુત્તફક અલૈહ શખ્સિયત છે. આપ નૂરુલ અન્વારમાં અહલે સુન્નતની ઓળખ આપતાં ઈર્શાદ ફર્માવે છે :

Web. : www.barkatekhwaja.net

الصَرَاطُ الْمُسْتَقِيمُ هُوَ الصَرَاطُ الَّذِي يَكُونُ عَلٰي الشَارِعِ الْعَامِّ وَ يَسْلُكُهُ كُلُّ وَاحِدٍ مِنْ غَيْرِ اَنْ يَكُونَ فِيهِ اِلْتِفَاتٌ اِلٰي شَعْبِ الْيَمِينِ وَالشِمَالِ وَهُوَ الَّذِي يَكُونُ مُعْتَدِلًا بَيْنَ الْاِفْرَاطِ وَالتَّفْرِيطِ وَهٰذَا صَادِقٌ عَلٰي عَقَائِدِ السُّنَّةِ وَالْجَمَاعَةِ فَاِنَّهَا مُتَوَسِّطَةٌ بَيْنَ الرِّفْضِ وَالْخُرُوجِ

સિરાતે મુસ્તકીમનો એક અર્થ તે આમ સડક તથા રસ્તો છે જેના પર દરેક જમણે ડાબે ધ્યાન કર્યા વિના સરળતાપૂર્વક ચાલી શકે છે. અને સિરાતે મુસ્તકીમનો બીજો અર્થ તે મધ્યમ માર્ગ છે જે ઈફરાત તથા તફરીત (અતિશયોક્તિ કરવી કે ઘટાડવું)થી પાક હોય. અને સિરાતે મુસ્તકીમનો આ અર્થ અહલે સુન્નતના અકીદાઓ પર ફીટ થાય છે, કેમ કે અહલે સુન્નતના અકીદા રાફઝીઓ તથા ખારજીઓના અતિશયોક્તિપણા કે ઘટાડા (ઈફરાતો તફરીત)થી પાક છે.

## ★ રાફઝીઓનું ઘટાડો કરવું તથા અતિશયોક્તપણુ ★

الرَّوَافِضُ رَفَضُوْا اَكْثَرَ الصَّحَابَةِ وَاَنْكَرُوا اِمَامَةَ الشَّيْخَيْنِ وَالْمَسْحَ عَلَي الْخُفَّيْنِ وَسَبُّوا مُعَاوِيَةَ وَاَحْزَابَهُ فَهُمْ اَفْرَطُوا فِي مَحَبَّةِ عَلِيٍّ رضي الله عنه۔

"રાફઝીઓએ મોટાભાગના સહાબાએ કિરામની શાન ઘટાડવાનો જુર્મ કર્યો. શયખૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہما ની ઈમામતનો ઈન્કાર, હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ અને તેમના લશ્કરને ગાળો આપી. હઝરત અલી رضی اللہ عنہ ની મહોબ્બતમાં અતિશયોક્તિથી કામ લીધું.

## ★ ખારજીઓનો ઈફરાત તથા તફરીત ★
## (ઘટાડો કરવું તથા અતિશયોક્તપણુ)

اَلْخَوَارِجُ فَرَّطُوا فِي مَحَبَّتِهِ حَتّٰي خَرَجُوا عَنِ الطَّرِقَةِ الْقَوِيمَةِ وَ حَارَبُوْا مَعَ عَلِيٍّ وَشَتَمُوا اَصْهَارَهُ صلي الله عليه وسلم۔

ખારજીઓએ હઝરત અલી رضی اللہ عنہ ની મહોબ્બતમાં ઘટાડા (ઉણપ)થી કામ

Web: www.barkatehwaja.net

લીધુ અને રાહે હક્કથી ખારિજ થઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہ સાથે જંગ કરી અને સરકારે દો આલમ ﷺના જમાઈઓને ગાળો આપી.

**અહલે સુન્નત** : અહલે સુન્નત વ જમાઅત રાફઝીઓ તથા ખારજીઓના ઘટાડા તથા અતિશયોક્તિપણાવાળા અક઼ીદાઓથી પાક અક઼ીદો ધરાવે છે કે સહાબાએ કિરામના આપસી મામલાઓમાં જીભને બંધ રાખે છે અને યક઼ીન રાખે છે કે સર્વ સહાબાએ કિરામ પૂરી ઉમ્મતમાં સૌથી અધિક ખૈર તથા અદ્લ (ભલાઈ તથા ન્યાય)વાળા છે.

હઝરત મુલ્લા જીવન رحمۃ اللہ علیہના ઉપરોક્ત ફર્માન અને તેની શરહની રોશનીમાં શયખૈનની ઈમામત ખાસ કરીને સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયતનો ઈન્કાર કરવો એ રાફઝીઓની તફરીત (ઉણપ વર્તવું) છે. અને બિહમ્દિહી તઆલા અહલે સુન્નતનો અક઼ીદો આ તફરીતથી પાક છે. અમારી પાસે પોતાનું સ્વરચિત કોઈ મીઝાન તથા ત્રાજવુ એવું નથી કે મુક઼દ્દસ હસ્તીઓની જાતોને માપી તોલી શકીએ, હા ! શરીઅતે તેમના મર્તબાઓની જે દરજાબંદી કરી છે તે તહફ્ફૂઝે શરીઅતની જ ખાતર માનવું લાઝિમ તથા જરૂરી સમજીએ છે. બીજી સ્થિતિમાં પૂરા દીનની બુનિયાદ હલી ઉઠશે અને શરીઅતથી અમાન ઉઠી જશે.

## ★ સિદ્દીક઼ અકબર رضی اللہ عنہની ખિલાફત તથા અફઝલિયત માનવું કેમ જરૂરી છે ? ★

શરીઅતના પાયાના ચાર ઉસૂલ નિયમો છે : કુર્આન, સુન્નત, ઈજમાઅ તથા ક઼યાસ. આ ચાર પાયાના ઉસૂલોમાં ઈજમાઅનું મહત્વ તથા અગ્રતાનો અંદાઝો ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના એક લખાણથી લગાડો. ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૯, પેજ–૨૧૫માં છે : "જે રીતે ફિક઼હમાં ચાર ઉસૂલ છે : કિતાબ, સુન્નત, ઈજમાઅ અને ક઼યાસ. એ જ રીતે અક઼ીદાઓમાં ચાર ઉસૂલ છે : કિતાબ, સુન્નત, સવાદે આ'ઝમ, સહીહ અક઼લ.

ફિક઼હમાં જેવી રીતે ઈજમાઅ અક઼વલ અદિલ્લા (દલીલોમાં સૌથી મજબૂત) છે કે ઈજમાઅની વિરુદ્ધ તો મુજતહિદને પણ અધિકાર નથી ભલે તે પોતાની

રાયમાં કિતાબ તથા સુન્નતથી તેના વિરુદ્ધ પામતો હોય. યકીનન ! સમજવામાં આવશે કે ક્યાં તો સમજની ગલતી છે અથવા હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે, ભલે મુજતહિદને તેનો નાસિખ માલૂમ ન હોય. આમ પણ ઈજમાએ ઉમ્મત તો મહાન ચીજ છે. સવાદે આ'ઝમ એટલે અહલે સુન્નત કોઈ અકીદાના મસ્અલા પર એકમતી અહીં અક્વલ અદિલ્લા છે. કિતાબ તથા સુન્નતથી એની વિરુદ્ધ સમજમાં આવે તો સમજની ગલતી છે, હક્ક સવાદે આ'ઝમની સાથે છે. અને એક અર્થમાં અહીં અક્વલ અદિલ્લા અક્લ છે કે અન્ય દલીલોની હુજ્જિયત પણ એનાથી જ જાહેર થઈ છે. પણ અશક્ય છે કે સવાદે આ'ઝમની એકમતી કોઈ સહીહ અક્લી દલીલની વિરુદ્ધ હોય. આ ગણત્રીનાં વાક્યો છે પણ બિહમ્દિહી તઆલા ખૂબ લાભદાયી તથા ફાયદાકારક છે. فعضوا علیھا بالنواجذ તો એમને મજબૂતીથી દાઢો વડે પકડી લો.

### ★ ઈજમાઅની ઈસ્તેલાહી વ્યાખ્યા ★

ઉમ્મતે મુહમ્મદિયહ્ અલા સાહિબહિસ્સલાતુવત્તસ્લીમના સર્વ સાલેહ મુજતહિદોનું કોઈ એક જમાનામાં કોઈ કૌલી અથવા ફેઅલી મસ્અલા પર ઈન્દશ્શરઅ ઈત્તેફાક (શરીઅતની દષ્ટિએ એકમતી) ઈજમાઅ કહેવાય છે.

ઈજમાઅના મર્તબાઓમાં સૌથી ઉચ્ચ તથા મજબૂત સહાબાએ કિરામનો તે ઈજમાઅ જે બિલકૌલ હોય. એટલે સહાબાએ કિરામે કોઈ શરઈ બાબત પર પોતાના ઈજમાઅનો કૌલ કર્યો હોય.

### ★ ઈજમાએ અક્વા (ઈજમાઅમાં સૌથી મજબૂત ઈજમાઅ)નો હુકમ ★

આ ખબરે મુતવાતિરના હુકમમાં છે. એટલે કતઈ ઈલ્મનો ફાયદો કરશે. તેના મુન્કિરની તકફીર કરવામાં આવશે. (કાફિર ઠરશે) જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ખિલાફત પર સહાબીઓનો ઈજમાઅ. *(ઉસૂલે ફિકહે હનફી)*

ઉપરોક્ત ઉસૂલી ચર્ચાઓનો ખુલાસો એ છે કે પાયાના ઉસૂલે અરબા (પાયાના ચાર ઉસૂલો)માં ઈજમાઅ અક્વલ અદિલ્લા એટલે સૌથી અધિક મજબૂત દલીલ છે, ત્યાં સુધી કે મુજતહિદને પણ તેની વિરુદ્ધની ઈજાઝત નથી.

હા ! જો મુજતહિદ પોતાની રાયમાં કોઈ ઈજમાઅને કુર્આન તથા સુન્નતથી વિરુદ્ધ પામે તો એ મુજતહિદની સામે શરીઅતે બે માર્ગો રાખ્યા છે : **પ્રથમ** એ કે તમને કુર્આન તથા સુન્નતની વિરુદ્ધ નજર આવ્યું એ આપની સમજની ભૂલ છે. **બીજુ** એ કે આપને એ જે કુર્આન તથા સુન્નતમાં ઈજમાઅની વિરુદ્ધ જણાય રહ્યું છે તે હુકમ મન્સૂખ છે.

**આપ જોઈ રહ્યા છો ઈજમાઅનું મહત્વ તથા અગ્રતા ?! કે મુજતહિદને પણ તેની વિરુદ્ધ કરવાની ઈજાઝત નથી. અને સિદ્દીકે અકબર رضی اللہ عنہની ખિલાફત પર સહાબાએ કિરામનો ઈજમાઅ છે અને ઈજમાઅ અક્વલ અદિલ્લા છે અને ખિલાફતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર સહાબાએ કિરામનો જે ઈજમાઅ છે તે ઈજમાઅના મર્તબાઓમાં પણ આ'લા તથા મજબૂત છે.**

આપના દિમાગમાં એ સવાલ પેદા થઈ શકે છે કે અફઝલિયતના મસ્અલાના પ્રકરણમાં ખિલાફતના મસ્અલાને શું લેવાદેવા ?! તો સાંભળો ! હુઝૂર સદરુશ્શરીઅહ્ બદરુત્તરીકહ અલ્લામા અમજદઅલી આ'ઝમી رحمۃ اللہ علیہ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની પ્રથમ ખિલાફત તેમની અફઝલિયતના કારણે ઠરાવે છે. એટલે કે **અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સર્વ સહાબાએ કિરામમાં સૌથી અફઝલ હતા એટલા માટે આપને પ્રથમ ખલીફા પસંદ કરવામાં આવ્યા.**

**અકીદા (૨)** : તેમની ખિલાફત ફઝીલત ક્રમ પ્રમાણે છે : એટલે કે **જે અલ્લાહની નજીક અફઝલ તથા આ'લા તથા અકરમ હતો તે જ પ્રથમ ખિલાફત પામતો ગયો,** ખિલાફતના ક્રમ પ્રમાણે અફઝલિયત ન હતી. *(બહારે શરીઅત)*

એવું નથી કે પ્રથમ ખલીફા હતા એટલે અફઝલ બન્યા બલ્કે અફઝલ હતા એટલા માટે પ્રથમ ખલીફા સહાબીઓના ઈજમાઅથી પસંદગી પામ્યા. ખલીફા બનતા પહેલાં હુઝૂર صلی اللہ علیہ وسلمની જાહેરી હયાતમાં જ આપની અફઝલિયતની ચર્ચાઓ સહાબાએ કિરામ દરમ્યાન થવા લાગી.

અફઝલિયતે સિદ્દીક અકબર رضی اللہ عنہ વિશે મઝકૂર કિતાબ (પેજ નં. **૨૦**થી



Web. www.barkatekhwaja.net

**૨૬** સુધી ફત્વા)માં કુર્આન હદીષની રોશનીમાં અભ્યાસ કરી લો તો તમારું ઈમાન તાજુ થઈ જશે.

અને આ અકીદાની વિરુદ્ધ પ્રથમ તો કોઈ હદીષ સહીહમાં છે જ નથી અને ધારો કે ક્યાંક વિરુદ્ધની બૂ પામે તો પણ સમજી લે કે એ આપણી સમજનો કુસૂર (અને આપણી નાસમજી) છે, નહીં તો રસૂલુલ્લાહ ﷺ તથા ખુદ હઝરત મૌલા અલી તથા અહલે બયતે કિરામ શા માટે વિના શર્તે (કોઈ બાજુની કે કોઈ હૈસિયતની શર્ત વિના) તેમને અફઝલ તથા ખયરે ઉમ્મત તથા અવ્વલીન તથા આખેરીનના સરદાર બતાવતા ?! *(ફતાવા રઝવિય્યહ્, ૨૯/૩૬૨)*

**આખરી વાત** : જેમણે મુબારક હદીષો ઉમ્મત સુધી પહોંચાડી તેમને હદીષના રાવીઓ કહેવામાં આવે છે. અને ઈલ્મે અસ્માઉર્રિજાલમાં હદીષના રાવીઓ પર નક્દ તથા જરહ (જાંચ પડતાલ) કરવામાં આવે છે અને એના પરિણામ રૂપે હદીષો પર સહીહ તથા ઝઈફ હોવાનો હુકમ લગાડવામાં આવે છે. એ સિદ્ધ થયેલ ઉસૂલ છે કે નાકેદીન તથા જારેહીન (છાનબીન કરનારા) જ્યારે હદીષોની પરખના માટે રાવીઓ પર નક્દ તથા જરહ (છાનબીન) કરે છે અને એ દરમ્યાન તેમની સામે આ શબ્દ આવી જાય : اَنَّهُ صَحَابِيٌّ اَنَّهُ قَدْ صَحِبَ النَّبِيَّ ﷺ કે ફલાણા હઝરત સહાબીએ રસૂલ ﷺ છે અથવા તેમણે હુઝૂર ﷺની સોહબત મેળવી છે તો નાકેદીન નક્દ તથા જરહથી (છાનબીન) પોતાનો કલમ રોકી દે છે, કેમ કે હુઝૂરે અકરમ ﷺએ ખુદ ઈર્શાદ ફર્માવ્યો : اَلصَّحَابَةُ كُلُّهُمْ عُدُوْلٌ ''મારો દરેક સહાબી આદિલ તથા ન્યાયી છે.''

قَالَ اِبْنُ اَبِيْ مُلَيْكَةَ اَوْتَرَ مُعَاوِيَةُ بَعْدَ الْعِشَاءِ بِرَكْعَةٍ وَ عِنْدَهُ مَوْلًى لِاِبْنِ عَبَّاسٍ فَاَتَى اِبْنَ عَبَّاسٍ فَاَخْبَرَهُ فَقَالَ دَعْهُ فَاِنَّهُ قَدْ صَحِبَ النَّبِيَّ ﷺ

એટલા માટે હિબ્રુલ ઉમ્મત, તર્જુમાનુલ કુર્આન, ઈબ્ને અમ્મે રસૂલુલ્લાહ ﷺ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી તેમના ગુલામે, હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના બારામાં સવાલ કર્યો કે તે ઈશા બાદ એક રકાત વિત્ર પઢે છે તો આપ એમના બારામાં શું કહેશો ? તો હઝરત ઈબ્ને અબ્બાસ

رضی اللہ عنہما એ એવું કહીને વાત પતાવી દીધી કે તે સહાબીએ રસૂલ ﷺ છે. *(જામિઉલ ઉસૂલ ફી અહાદિષિર્રસૂલ, હદીષ : ૪૪૧૦, અખરઝહુલ્ બુખારી, બાબે ઝિક્રે મુઆવિયહ્)*

જ્યારે કેવળ એક સહાબીની અદાલત તથા ષક્ાહત (ષિક્હ હોવું) એટલી વિશ્વસનીય છે કે નાકેદીન (છાનબીન કરનારા) નક્દ તથા જરહ (છાનબીન)થી કલમ ઉઠાવી લે છે તો સર્વ સહાબાએ કિરામની ષક્ાફતનો મામલો કેવો હશે ?! અને સર્વ સહાબીઓએ ભેગા મળીને અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہને પ્રથમ ખલીફા નિયુક્ત કર્યા. અને પ્રથમ ખલીફા એટલા માટે પસંદ કર્યા કે આપ ખલીફા બનતા પહેલાં જ સહાબીઓમાં અફઝલ હતા. એનાથી જાણવા મળ્યું કે અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہનો ઈન્કાર કરવો એ સર્વ સહાબાએ કિરામની ષક્ાફત તથા અદાલતનો ઈન્કાર કરવું છે. અને જ્યારે સર્વ સહાબીઓ જ ષિક્હ તથા આદિલ ન રહેશે અલ્અયાઝુબિલ્લાહ ! તો આપણા સુધી કુર્આન તથા દીન કેવી રીતે પહોંચ્યો ?! *(ષિક્હ = તક્વો, સદાકત વગેરેમાં મજબૂત)*

એટલા માટે યાદ રાખો ! અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہનો ઈન્કાર કરવો એ પૂરા દીનથી હાથ ધોઈ લેવું છે.

કેટલાક લોકો કૌલ લઈને આવે છે. આ'લા હઝરત ફતાવા રઝવિય્યહ્, ૨૯/૨૧૫માં ફર્માવે છે : એક બે દસ વીસ ઉલમાએ કેબાર જ હોય જો જમહૂર તથા સવાદે આ'ઝમની વિરુદ્ધ લખશે તે વખતે તેમના કથનો પર ન ભરોસો કરવો જાઈઝ છે ન તેને સનદ બનાવવું. જેથી અફઝલિયતના અકીદા પર પહેરો આપવો એ પૂરા દીન પર પહેરો આપવું છે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જઝાએ ખૈર અતા ફર્માવે હમદર્દે કૌમો મિલ્લત, નાશિરે મસ્લકે આ'લા હઝરત અલ્હાજ શબ્બીર પટેલ સાહબ રઝવીને જેમણે મુફતી મુનીબુર્રહમાન સાહબની કિતાબ (ફત્વા)નો ગુજરાતી ભાષામાં સરળ તર્જુમો કરીને ગુજરાતી ભાષીઓ માટે આ અકીદાને સમજવું આસાન કરી આપ્યું.

**–(મૌલાના) મુહમ્મદઝહીર મિસ્બાહી**

(નૂરી તર્બિયતી સેન્ટર–જંબુસર, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી જંબુસર)

*(તા. ૨–જુન–૨૦૨૧, બુધવાર, હિ.સ. ૧૪૪૨, ૧૯–શવ્વાલુલ મુકર્રમ)*

# નબી સિદ્દીકે અકબર કા ખુદા સિદ્દીકે અકબર કા

*(અઝ : ઉસ્તાદે ઝમન હઝરત અલ્લામા હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ)*

બયાં હો કિસ ઝબાંસે મર્તબા સિદ્દીકે અકબર કા
હૈ યારે ગાર મહબૂબે ખુદા સિદ્દીકે અકબર કા

યા ઈલાહી ! રહમ ફર્મા ખાદિમે સિદ્દીકે અકબર હૂં !
તેરી રહમત કે સદકે વાસ્તા સિદ્દીકે અકબર કા

રુસુલ ઔર અંબિયા કે બાદ જો અફઝલ હો આલમ સે
યહ આલમ મેં હૈ કિસ કા મર્તબા સિદ્દીકે અકબર કા

ગદા સિદ્દીકે અકબર કા ખુદાસે ફઝ્લ પાતા હૈ
ખુદા કે ફઝ્લ સે હૂં મૈં ગદા સિદ્દીકે અકબર કા

નબી કા ઔર ખુદા કા મદહ ગો સિદ્દીકે અકબર હૈ
નબી સિદ્દીકે અકબર કા ખુદા સિદ્દીકે અકબર કા

ઝિયામેં મહરે આલમયાત કા યૂં નામ કબ હોતા
ન હોતા નામ ગર વજહે ઝિયા સિદ્દીકે અકબર કા

ઝઈફી મેં યહ કુવ્વત હૈ ઝઈફોં કો કવી કર દેં
સહારા લેં ઝઈફો અકવિયા યા સિદ્દીકે અકબર કા

ખુદા ઈકરામ ફર્માતા હૈ ઈત્કા કહકર કુર્આં મેં
કરેં ફિર ક્યૂં ન ઈકરામ અત્કિયા સિદ્દીકે અકબર કા

સફા વો કુછ મિલી ખાકે સરે કૂએ પયંબર સે
મુસફ્ફા આઈના હૈ નકશે પા સિદ્દીકે અકબર કા

હૂએ ફારૂકો ઉષ્માનો અલી જબ દાખિલે બયઅત
બના ફખ્રે સલાસિલ સિલસિલા સિદ્દીકે અકબર કા

મકામે ખ્વાબે રાહત ચૈનસે આરામ કરને કો
બના પહલૂએ મહબૂબે ખુદા સિદ્દીકે અકબર કા

અલી હૈં ઉસ્કે દુશ્મન ઔર વો દુશ્મન અલી કા હૈ
જો દુશ્મન અકલ કા દુશ્મન સિદ્દીકે અકબર કા

લુટાયા રાહે હક્ક મેં ઘર કઈ બાર ઈસ મહબ્બત સે
કે લુટ લુટ કર 'હસન' ઘર બન ગયા સિદ્દીકે અકબર કા

Web. :www.barkatekhwaja.net

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ، وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ
وَعَلٰی اٰلِہٖ وَصَحۡبِہٖ اَجۡمَعِیۡنَ

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની અફઝલિયતની બાબતને વિવાદાસ્પદ બનાવવાની ચાલી રહેલી ચળવળના બારામાં કેટલાક સવાલો આવ્યા એના પર એક સંક્ષિપ્ત ફત્વો સંપાદિત કર્યો જે ઘણા લોકો સુધી પહોંચી ચૂક્યો છે, પરંતુ એ બાબતની જરૂરત મહેસૂસ થઈ કે આ મસ્અલાને વિગતવાર દલીલો સાથે સાબિત કરવામાં આવે કે જેથી જે લોકો હિદાયતના માર્ગેથી ભટકી ચૂક્યા છે તેમની સુધારણા થાય અને ફિત્નાને ફેલાતો રોકવામાં આવે.

જેથી કરાચીમાં અહલે સુન્નત વ જમાઅતના જય્યદ તથા મુમતાઝ મુફ્તિયાને કિરામની મીટિંગ થઈ અને સૌની એકમતિએ આ રિસાલો સંપાદિત કરવામાં આવ્યો છે. એના લેખન, સંપાદન તથા નઝરે ષાની (ચેક) કરવામાં જલીલુલ કદ્ર મુફ્તિયાને કિરામે ઈલ્મી સહકાર કર્યો. એકથી અનેકવાર લખાણની મેટરને બારીક દૃષ્ટિએ જોવામાં આવી અને પછી તેને એક મજબૂત સ્વરૂપ આપવામાં આવ્યું.

પાછલા કેટલાક સમયથી એક અફસોસનાક વલણ એ ઉછેર પામ્યું છે કે પોતાની પ્રિય શખ્સિયતની ફઝીલતની શાનનું વર્ણન કરવામાં વાંધા વચકા, વસવસા શંકાઓ ખડી કરવી અને અમુક વખતે અન્ય સન્માનને પાત્ર હસ્તીઓની તૌહીન કરવામાં આવે છે, આ અફસોસનાક વલણ છે, એનો ક્રમ રોકાવો જોઈએ. એનાથી ખુદ અહલે સુન્નત વ જમાઅતને નુકસાન પહોંચી રહ્યું છે અને તેમના વર્તુળોમાં બેચેની વધી રહી છે. આ વિસ્તારપૂર્વકનો ફત્વો એ બેચેની તથા વિખવાદને ખત્મ કરવાની એક કોશિશ છે. કોઈના દિલને ઠેસ પહોંચાડવાનો કે

વ્યક્તિગત ટીકા કરવાનો અમારો હેતુ નથી બલ્કે હાલતોની સુધારણા અને ઈત્માએ હુજ્જત (દલીલોની પરિપૂર્ણતા)નો હેતુ છે.

અહલે સુન્નત વ જમાઅતની હમેશાંની એ નિશાની રહી છે કે ઝાતે રિસાલત મઆબ ﷺથી નિસ્બત રાખનારી દરેક હસ્તી તથા દરેક ચીજનો એહતેરામ કર્યો છે. જેમ કે આપણે અહલે બયતે અત્હાર, ઉમ્મહાતુલ મો'મિનીન, સહાબાએ કિરામ, દીને મતીનના ઈમામો અને અવલિયાએ મુહમ્મદીયીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین સૌની સાથે મહોબ્બત કરીએ છીએ, અક઼ીદતનો સંબંધ રાખીએ છીએ. અને જરૂર એ બાબતની છે કે આ ફિત્નાઓથી ભરપૂર દૌરમાં વર્તમાનકાળના ફિત્નાઓની રોકથામ માટે આપણે પોતાની ઈલ્મી તથા ફિક્રી કોશિશો ખર્ચ કરીએ. જે સાબિત થઈ ચૂકેલ, સિદ્ધ થયેલ બાબતો છે તેની વિરુદ્ધ પોતાની દલીલોના આધારે કોઈની અલગ રાય છે તો તેને આમ મુસલમાનોમાં ન વર્ણવે, એને પોતાની જાત સુધી સીમિત રાખે અને પોતાની ઈલ્મી મજલિસોમાં ચર્ચા હેઠળ લાવે. જે ચીજો અહલે સુન્નતની પબ્લિકની ઈલ્મી તથા ફિક્રી (વૈચારિક) કક્ષાથી ઉપરની છે તેમાં એમને ન નાખે.

દુઆ છે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા પોતાના હબીબે મુકર્રમ ﷺના તુફૈલ અમારી આ કોશિશને પોતાની બારગાહમાં મક઼બૂલ ફર્માવે, હમેશાં આપણને હક્ક઼ પર અડગ રાખે અને હક્ક઼ વર્ણન કરવાની હિંમત તથા તૌફીક઼ અતા ફર્માવે. આમીન યા રબ્બલ આલમીન બિજાહિ સૈયદિલ મુરસલીન અલા નબિય્યિના વઅલા આલિહી વ સહ્બિહી અફઝલુસ્સલાતુ વત્તસ્લીમાત.

Web.:www.barkatekhwaja.net

## ઈસ્તિફ્તા (શરઈ જવાબ માટે પ્રશ્ન)

મહેરબાની કરીને નીચે દર્શાવેલ મસ્અલા પર શરઈ હુકમ વર્ણવો :–

આજકાલ ધાર્મિક બાબતે લોકોમાં વિખવાદ ખડો કરવાના માટે વિવિધ સાબિત થઈ ચૂકેલ (મસ્અલા તથા અકીદા)ને ચર્ચાનો વિષય બનાવીને વસવસા તથા શંકા કુશંકાઓ પેદા કરવામાં આવી રહી છે. આ જ હવાલાથી એક ચર્ચા જે ઘણી જોરો શોરની સાથે ચાલી રહી છે તે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ તથા હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ના દરમિયાન અફઝલિયતના હવાલાથી છે. ઘણા બધા સુન્નિયતના દાવેદારો અને કહેવાતા મશાઈખ (પીરો) જેમને શરીઅતના પાયાના મસાઈલનો પણ ઈલ્મ નથી, તે આમ પબ્લિકમાં આ વિષયને ચર્ચામાં લાવીને વસવસા તથા શંકા કુશંકા પેદા કરી રહ્યા છે અને સોશ્યલ મીડિયા પર પણ આના હવાલાથી ફિત્નાખોરી પ્રગતિ પર છે. (નીચેના સવાલોના જવાબોના સંપાદક : મુફતી મુનીબુર્રહમાન–કરાચી છે. –*અનુવાદક*)

આ સર્વ પરિસ્થિતિઓને જોઈને સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત સિદ્ધ હસ્ત અહલે સુન્નતના અકીદાના હવાલાથી ઉમ્મતના ઉલમા તથા દીનના મુફતીઓની ખિદમતમાં અમુક સવાલો રજૂ કરીએ છીએ જેના પર વિચારણા કરીને જો એક સમૃદ્ધ તથા દલીલપૂર્ણ તથા વિગતવાર ફત્વો એનાયત કરી દેવામાં આવે તો યકીનન ! ગુમરાહી તથા ફિત્નાઅંગેઝીના આ પુરની સામે બંધ બાંધવામાં તથા નવજવાન પેઢીના ઈમાન તથા અકીદાની હિફાઝતમાં ઘણી જ મદદ મળશે.

૦૧. સવાલ એ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક તથા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہماના દરમ્યાન અફઝલિયતના હવાલાથી અહલે સુન્નતનો સર્વ સંમતિપૂર્વકનો અકીદો શું છે ? દલીલોની રોશનીમાં માર્ગદર્શન આપશો.

૦૨. એ પણ જણાવો કે આના બારામાં ઉમ્મતના અગ્રગણ્ય તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)નો શું અકીદો છે ?

૦૩. જે લોકો આ વિષયોને પબ્લિકમાં લાવીને વસવસા પેદા કરી રહ્યા છે તો શરીઅતની રૂએ તેમની આ પ્રવૃત્તિ કેવી છે ?

૦૪. અહલે બયતે અત્હાર તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બત તથા તા'ઝીમના મામલામાં સહીહ તથા મધ્યમમાર્ગી માન્યતા પણ સ્પષ્ટ કરશો જેથી ઈફરાતો તફરીત (હદથી વધવા ઘટવા)થી અને ગુમરાહીથી અમો મહેફૂઝ રહી શકીએ.

૦૫. આજકાલ ઘણા કહેવાતા પીર પોતાના ખાનદાન તથા નસબનો અધિક રીતે ઉપયોગ કરી રહ્યા છે. સવાલ એ છે કે ઈલ્મ તથા તકવાને બદલે પોતાના સૈયદ હોવાને પાયો બનાવવામાં અને "ઈમામુસ્સાદાત વ ફખ્રુસ્સાદાત" اِمَامُ السَّادَات وَفَخْرُ السَّادَاتْ જેવા લકબોનો પ્રસાર પ્રચાર કરવો અને ઈલ્મી માપદંડ કાયમ કરવાને બદલે ખાનદાની પ્રભાવોને પાયો બનાવવો શરીઅતની રૂએ કેવું છે ? અને આ રીતની હરકતોથી જે લોકો ઈલ્મ તથા ચિંતનના બદલે નસબ, ખાનદાન તથા અમુક ખાસ નારાઓને અહલે સુન્નતની પહેચાન બનાવવા ચાહી રહ્યા છે, એવા લોકોના વિશે શરીઅતની તા'લીમાત શું છે ? بَیِّنُوْا تُوْجَرُوْا

*[**પ્રશ્નકર્તા** : અરાકીને ફિદાઈયાને ખત્મે નબુવ્વત, પાકિસ્તાન (કરાચી)]*

Web.:www.barkatekhwaja.net

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
اَلۡجَوَابُ بِعَوۡنِ الۡوَهَّاب. اَللّٰهُمَّ هِدَايَةَ الۡحَقِّ وَ الصَّوَاب

**જવાબ–૧ :** નબીઓ તથા માનવી રસૂલો તથા રસૂલ ફરિશ્તાઓ علیہم السلامના બાદ સર્વ માનવીઓ, જિન્નાતો તથા ફરિશ્તાઓથી અફઝલ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે. પછી ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ, પછી ઉષ્માન ગની رضی اللہ عنہ, પછી મૌલા અલી کَرَّمَ اللّٰہُ وَجْهَهٗ છે. શયખૈન કરીમૈન એટલે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ તથા હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને સર્વ સહાબીઓથી અફઝલ માનવા એ અહલે સુન્નતનો ઈજમાઈ (સર્વ માન્ય) અક્રીદો છે. એટલા માટે જે શખ્સ હઝરત અલી અથવા કોઈ અન્ય સહાબી અથવા અહલે બયતે અત્હારમાંથી કોઈને, ભલે પછી જિગર ગોશએ રસૂલ ફાતિમા બતૂલ رضی اللہ عنہا અથવા જન્નતના નવ જવાનોના સરદાર હઝરત હસ્નૈન કરીમૈન (હસન, હુસૈન) رضی اللہ عنہماને અબૂબક્ર સિદ્દીક અથવા ઉમર ફારૂક رضی اللہ عنہماથી અફઝલ માને અથવા એમાં મૌન ધારણ કરે તે ગુમરાહ, બદમઝહબ અને અહલે સુન્નત વ જમાઅતથી ખારિજ છે. તેની પાછળ નમાઝ 'મકરૂહે તહરીમી' દોહરાવવી વાજિબ છે. અને તેને પીર બનાવવો પણ જાઈઝ નથી. જે કોઈ પીર આ અક્રીદાથી વિમુખ થઈને તેની વિરુદ્ધ અક્રીદો રાખે અથવા તેમાં મૌન અપનાવે તો તેની બયઅત તોડવી વાજિબ છે. અફઝલિયતે મુત્લકાનો અર્થ એ છે કે સવાબની અતિ અધિકતા અને અલ્લાહ તઆલાના કુર્બમાં નબીઓ તથા રસૂલો علیہم السلامના પછી સૌથી વધીને હઝરત અબૂબક્ર સિદ્દીક છે. આ અફઝલિયત અન્ય સહાબાએ કિરામ અને અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعینના જુઝઈ ફઝાઈલ તથા ખાસિયતો અને વિશિષ્ટતાઓની વિરુદ્ધ નથી, વિવિધ સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعینને અલ્લાહ તઆલાએ એવી ફઝીલતો અતા કરી જે એમની સાથે જ ખાસ છે, કોઈ અન્યને અતા નથી થઈ.

ઈમામે અહલે સુન્નત અહમદ રઝાખાન કાદરી رحمۃ اللہ علیہ એ مَطۡلَعُ الۡقَمَرَیۡن فِیۡ اِبَانَۃِ سَبۡقَۃِ الۡعُمَرَیۡن (મત્લઉલ કમરૈન ફી ઈબાનતિ સબકતિલ્ ઉમરૈન)ના નામથી અફઝલિયતે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما પર એક પ્રતિભાશાળી કિતાબ લખી છે, એમાં આપે જે લખ્યું એ લખાણનો ખુલાસો આ પ્રમાણે છે :–

''સહાબાએ કિરામમાં 'અફઝલિયતે મુત્લકા' ક્રમસર હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને હાંસલ છે. અલ્બત્ત વિવિધ વિભાગો તથા પાસાંઓએથી વિવિધ સહાબાએ કિરામને ખાસ કરવા તથા ફઝીલતથી નવાઝેલ છે અને ખાસિયતો તથા વિશિષ્ટતાઓમાં અમીરુલ મો'મિનીન હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ તથા کرم اللہ وجہہ الکریم ની શાન સૌથી વિશિષ્ટ છે, અને એનો કોઈ ન્યાયપ્રિય ઈલ્મવાળા તથા દષ્ટિવાનને ઈન્કાર ન હોવો જોઈએ. 'અફઝલિયતે મુત્લકા'થી મુરાદ એ છે કે જો કોઈ ઈમાનવાળાથી સવાલ કરવામાં આવે કે તમામ સહાબાએ કિરામમાં અફઝલ કોણ છે ? તો એનો જવાબ હશે : હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ. પરંતુ એને પોઝિટિવ અર્થમાં લેવામાં આવે, નકારાત્મક અર્થમાં ન લેવામાં આવે. વળી અફઝલિયતે મુત્લકા અને અફઝલિયતે مِنۡ کُلِّ الۡوُجُوۡہ સમાનઅર્થી નથી.'' *(પેજ : ૬૮)*

સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની અફઝલિયત પર અહલે સુન્નત વ જમાઅતનો ઈજમાઅ તથા એકમતિ છે. જેનો સ્વીકાર કર્યા વિના કોઈ શખ્સ કદાપિ કદાપિ અહલે સુન્નત વ જમાઅતથી નથી થઈ શકતો, ભલે તે પોતે પોતાને સુન્ની કહેતો ફરે એના કહેવાથી કાંઈ થશે નહીં. આ અકીદાનો મુન્કિર (નકાર કરનાર) રાફઝી, બિદઅતી, ગુમરાહ તથા બદ્દીન છે. એ જ કારણે હુઝૂર علیہ الصلوٰۃ والسلام બાદ રાજનૈતિક તથા રૂહાની ખિલાફતે ઉઝમા વ ઈમામતે કુબરા બિલા ફસ્લ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના હિસ્સામાં આવી. તેમના બાદ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ તેના પર બિરાજમાન થયા. સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની ખિલાફતને કેવળ રાજનૈતિક સ્વીકારવી અને રૂહાનીનો ઈન્કાર કરવો પણ અહલે સુન્નત વ જમાઅતની માન્યતાની વિરુદ્ધ છે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની

વિરુદ્ધતા કરવું છે. કેમ કે તેમણે દીની અફઝલિયતને રાજનૈતિક ખિલાફતની દલીલ બનાવી હતી. હઝરત અલી کرم اللہ وجہہ الکریم નું એ હઝરાતના મુબારક હાથો પર બયઅત કરવું અને તેમની સત્તા હેઠળ સંપૂર્ણપણે ફર્માંબરદારી કરવું એ પણ ખિલાફતના ક્રમ પ્રમાણે તેમના અફઝલ હોવાની મોટી દલીલ છે. સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની અફઝલિયતે મુત્લકા (અંબિયા બાદ કોઈ અપવાદ વિના સૌથી અફઝલ) કુર્આન તથા હદીષ અને ઉમ્મતના ઈજમાઅ જેવી રદ ન કરી શકાય એવી દલીલો સાથે મુહક્કક (તેહકીક પામેલ) અને સાબિત થયેલ છે.

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ સરહિંદી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૩૪) લખે છે : ''જે શખ્સ હઝરત અલી رضی اللہ عنہ ને સિદ્દીકે અકબરથી અફઝલ કહે તે અહલે સુન્નતના ગિરોહ (વર્તુળ)થી નીકળી જાય છે.''

*(મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ, દફ્તર દોમ)*

**શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૩૧) લખે છે : ''મિલ્લતે ઈસ્લામિયામાં અફઝલિયતે શૈખેનનો મસ્અલો કતઈ (યકીની છે કે જેમાં કોઈ શંકા કુશંકા નથી) છે.''

*(કુર્રતુલ ઐનૈનિ ફી તફઝીલિશ્શયખૈન, પેજ : ૨૬)*

**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૩૯) લખે છે : ''અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદીએ પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ એ જ અકીદો શીખવાડયો કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી અફઝલ છે.'' *(તોહફએ ઈષ્ના અશરિય્યહ, પેજ : ૪૧)*

**ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૪૦) લખે છે : ''સારાંશ કે તફઝીલે સિદ્દીક (સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની અફઝલિયત) કુર્આન તથા હદીષ તથા ઈજમાએ ઉમ્મતથી સાબિત છે. જે એનાથી ઈન્કાર કરે તો નજીક છે કે તેના ઈમાનમાં ખતરો હોય. અત્યંત આશ્ચર્યની વાત છે કે જે સહાબા તથા તાબઈનના ઈજમાઅ તથા અહલે સુન્નતના ગિરોહની વિરુદ્ધ વર્તે છતાં પોતે પોતાને સુન્ની જાણે ?!

હે અઝીઝ ! જેવી રીતે સર્વ ઈમાનિયાત પર યક઼ીન લાવવાથી માણસ મુસલમાન બને છે અને એમાંથી એકનો ઈન્કાર કાફિર તથા મુર્તદ કરી દે છે, એ જ પ્રમાણે સુન્ની તે જ છે જે સર્વ અહલે સુન્નતના અક઼ીદાઓમાં એનો મુવાફિક઼ (સમર્થક) હોય. જો એકમાં પણ વિરુદ્ધ કરે છે તો તે કદાપિ સુન્ની નથી, બિદઅતી છે. એટલા માટે દીનના ઉલમા તફઝીલીયાને સુન્નીઓમાં નથી ગણતા, અને તેમને બિદઅતીઓની શાખ જાણે છે.''

*(મત્ઉલ ક઼મરૈન ફી ઈબાનતિ સબક઼તિલ ઉમરૈન, પેજ : ૧૨૯)*

વધુમાં ફર્માવ્યું છે : ''જે મૌલા અલી رضی اللہ عنہ ને હઝરાતે શયખૈન رضی اللہ عنہما કરતાં કુર્બે ઈલાહીમાં ફઝીલત આપે તે ગુમરાહ, સુન્નતનો વિરોધી છે.''

*(ફતાવા રઝવિય્યહ્, ૨૯/૬૧૫)*

વધુમાં લખે છે : ''આજકાલના જાહિલો, હઝરાત શયખૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہما પર હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને ફઝીલત આપે છે, એ બાબત શરીઅતથી ટકરાનારી અને સુન્નતની વિરુદ્ધમાં છે. એટલા માટે દીનના ઈમામોએ તફઝીલીઓને રાફઝીઓમાં ગણેલા છે.''

વધુમાં લખે છે : ''બલ્કે ઈન્સાફની રૂએ જો શયખૈનની ફઝીલતના વિરુદ્ધ કોઈ સહીહ હદીષ પણ આવે તો ક઼તઅન (નિશ્ચિતપણે) તેની તાવીલ કરવું વાજિબ ઠરે છે. અને જો તમને લાગે કે તાવીલની ગુંઝાઈશ નથી તો તેનું રદ કરવું વાજિબ છે. શયખૈન મુતવાતિર તથા ઈજમાઈ છે અને મુતવાતિર તથા ઈજમાઈની સરખામણીમાં આહાદ (એક જણની ખબર) કદાપિ સાંભળવામાં આવશે નહીં.''

વધુમાં લખે છે : ''સર્વાંશે અફઝલિયતનો મસ્અલો કદાપિ ફઝાઈલના પ્રકરણથી નથી જેમાં ઝઈફ હદીષો સાંભળી શકીએ બલ્કે મવાફિક઼ તથા શરહે મવાફિક઼માં તો સ્પષ્ટ છે કે અક઼ીદાઓના પ્રકરણથી છે, અને એમાં આહાદે સિહાહ પણ ના મસ્મૂઅ. એટલે એમાં સહીહ ખબરે વાહિદ પણ સાંભળવામાં નહીં આવે.

*(ફતાવા રઝવિય્યહ્, ૫/૫૮૧)*

વધુમાં લખે છે : ''સર્વાંશે સુન્નીઓનો હાંસલ મઝહબ એ છે કે નબીઓ

તથા રસૂલો عَلَيْهِمُ السَّلَامُ પછી જે કુર્બ તથા મર્તબો તથા ઈજ્જત તથા કરામત તથા ઊંચી શાન તથા બુલંદ સ્થાન તથા ઉચ્ચ મક઼ામ તથા મહાન શાન બારગાહે રબમાં ચારેવ ખલીફા હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને હાંસલ છે, તો તેમનો ગૈર ભલે ગમે તેવા ઈલ્મ તથા ઈબાદત અને મઅરેફત તથા વિલાયતના દરજે પહોંચે, પહેલાના હોય કે બાદના, અહલે બયત હોય કે સહાબી, કદાપિ કદાપિ એના સુધી નથી પહોંચી શકતો.''

*(મત્લઉલ ક઼મરૈન ફી ઈબાનતિ સબક઼તિલ્ ઉમરૈન, પેજ–૧૦૧)*

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ક઼ાદરીથી સવાલ થયો કે એક શખ્સ આવું કહે છે : ''સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ભલે અંબિયા (નબીયો) પછી સર્વ લોકોથી અફઝલ છે, પરંતુ આ હુકમથી હસ્નૈન કરીમૈન (હસન, હુસૈન) رضی اللہ عنہما અલગ છે. કેમ કે હસ્નૈન કરીમૈન ખાનદાને નબુવ્વતના શહઝાદાઓ છે. અને ચારેવ ખલીફા, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના વઝીરો છે અને શહઝાદાઓનો મર્તબો વઝીરથી બુલંદ હોય છે.'' તો આપે એના જવાબમાં લખ્યું :–

''જો તે કહે છે કે હઝરાત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما જુઝઈય્યતે કરીમા (ખૂને રસૂલ)ના કારણે એક જુઝઈ ફઝ્લ (આંશિક ફઝીલત) હઝરાતે આલિયા ચારેવ ખલીફાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર ધરાવે છે, અને ખલીફા હઝરાતનો મર્તબો ઉચ્ચ તથા આ'લા છે, તો સત્ય હતું. પણ તેણે પોતાની જહાલતથી ફઝ્લે કુલ્લી (પૂરે પૂરી ફઝીલત) સિબ્તૈનને (હસન, હુસૈનને) આપી અને અફઝલુલ બશર બઅદલ્ અંબિયા અબૂબક્ર સિદ્દીક઼ને આમ મખ્સૂસ મિન્હુલ બઅઝ ઠરાવ્યા (એટલે કે તેણે પોતાની જહાલતથી એ સમજ્યું કે આમ હુકમ એ જ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નબીઓ પછી બધાથી અફઝલ છે. પણ આ હુકમથી હસન હુસૈન رضی اللہ عنہما અલગ છે, એટલે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એમનાથી અફઝલ નથી.) અને તેમને એટલે હસ્નૈન કરીમૈનને અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم કરતાં અફઝલ કહ્યા. આ સર્વ બાતિલ અને અહલે સુન્નતની વિરુદ્ધ છે. આ બાતિલ અક઼ીદાથી તૌબા ફર્ઝ છે, નહીં તો તે સુન્ની નથી. અને તેની દલીલ તદ્દન મરદૂદ તથા નીચ છે. જો જુઝઈય્યત અલ્લાહની નજીક

અફઝલિયતના મર્તબાનો સબબ હોય તો લાઝિમ ઠરશે કે આજકાલના પણ સર્વ મીર (સાદાત) સાહબો ભલે ગમે તેવા ફિસ્કો ફુજૂરમાં પડેલા હોય પણ અલ્લાહ عزوجل تعالیٰની નજીક અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہથી અફઝલ તથા આ'લા ઠરશે ! અને આવું કોઈ ન કહેશે પણ જાહિલ, અજહલ મજનૂન અથવા ગુમરાહ, ગુમરાહ કરનાર, ફિત્નામાં પડેલો.

રબ તઆલા ફર્માવે છે : قُلۡ هَلۡ يَسۡتَوِى الَّذِيۡنَ يَعۡلَمُوۡنَ وَالَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ ''તમે ફર્માવી દો, શું સરખા થઈ જશે આલિમ તથા બેઈલ્મ.'' *(સૂ. ઝુમર, આ. ૯)*

يَرۡفَعِ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ ۙ وَالَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ دَرَجٰتٍ ''અલ્લાહ બુલંદ ફર્માવશે તમારામાંથી મો'મિનો અને ખાસ કરીને આલિમોના દરજા.''

*(સૂ. મુજાદિલા, આ. ૧૧)*

તો અલ્લાહની નજીક ઈલ્મનો ફઝ્લ નસબના ફઝ્લથી અશરફ તથા અઅ્ઝમ છે. આ મીર (સૈયદ) સાહબ કે આલિમ ન હોય ભલે સાલેહ હોય તે આજકાલના આલિમ સુન્ની સહીહુલ અકીદાના મર્તબાએ શરઅન્ નથી પહોંચતા, તો પછી એ કઈ રીતે યોગ્ય થશે કે ઈમામો, સહાબીઓ, મૌલા અલી તથા સિદ્દીક તથા ફારૂક رضوان اللہ تعالیٰ علیہم اجمعینમાંથી કોઈના સમાન મર્તબાએ માનવામાં આવે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૨૯/૨૭૪, ૨૭૫)*

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ અને કુર્આને હકીમ

**(૧)**

وَ سَيُجَنَّبُهَا الۡاَتۡقَىۙ الَّذِىۡ يُؤۡتِىۡ مَالَهٗ يَتَزَكّٰىۚ وَ مَا لِاَحَدٍ عِنۡدَهٗ مِنۡ نِّعۡمَةٍ تُجۡزٰٓىۙ اِلَّا ابۡتِغَآءَ وَجۡهِ رَبِّهِ الۡاَعۡلٰىۚ وَلَسَوۡفَ يَرۡضٰىࣖ

''અને સૌથી મહાન પરહેઝગાર એના (જહન્નમની આગ)થી ઘણો જ દૂર રાખવામાં આવશે, જે પોતાનો માલ ખર્ચ કરે છે જેથી પાકીઝા થાય. અને એના પર કોઈનું કાંઈ એહસાન નથી જેનો બદલો આપવામાં આવે, કેવળ પોતાના રબની રઝા ચાહવું છે જે સૌથી બુલંદ છે. અને બેશક ! તે નજીકમાં જ રાજી થઈ જશે.'' *(સૂરએ લૈલ, ૯૨/૧૭ થી ૨૧)*

ઈમામ ફખ્રુદ્દીન રાઝી તફસીરે કબીરમાં આ આયતો હેઠળ ફર્માવે છે :–

أَجْمَعَ الْمُفَسِّرُوْنَ مِنَّا عَلٰى أَنَّ الْمُرَادَ مِنْهُ أَبُوْبَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''અહલે સુન્નતના મુફસ્સિરોએ એ વાત પર એકમતિ દર્શાવી છે કે 'સૌથી મહાન પરહેઝગાર'થી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મુરાદ છે.''

*(તફસીરે કબીર, ૧૧/૧૮૯, મક્તબતુલ ઉલૂમે ઈસ્લામિયા)*

**(૨)**

يٰۤاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّ اُنْثٰى وَ جَعَلْنٰكُمْ شُعُوْبًا وَّ قَبَآىِٕلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ﴿۱۳﴾

''હે લોકો ! બેશક ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રી થકી પેદા કર્યા છે. અને અમે તમને કૌમો તથા કબીલાઓ બનાવી દીધા કે જેથી તમો એકબીજાની ઓળખ કરો. બેશક ! અલ્લાહની નજીક તમારામાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે 'સૌથી પરહેઝગાર' છે. બેશક ! અલ્લાહ સર્વ કાંઈ જાણનાર બેહદ ખબર રાખનાર છે.'' *(સૂરએ હુજુરાત, આ. ૧૩)*

જે લોકો પોતાના વંશ પર ગર્વ કરતા હતા અને બીજાઓના વંશ પર મહેણા મારતા હતા, અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતે મુબારકામાં એ લોકોનો રદ કર્યો છે અને અફઝલિયતનો આધાર તક્વાને ઠરાવ્યો અને સ્પષ્ટપણે એ એલાન કરી આપ્યું કે તમારામાં અલ્લાહની બારગાહમાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે اَتْقٰى એટલે 'સૌથી અધિક પરહેઝગાર' છે. જ્યારે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે 'સૂરતુલ્લૈલ'ની આયતે મુબારકામાં اَتْقٰى (સૌથી મહાન પરહેઝગાર)થી મુરાદ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે, તો કુર્આને હકીમનો જ ફૈંસલો છે કે જે સૌથી મહાન પરહેઝગાર છે તે જ સૌથી અફઝલ છે.

Web: www.barkatekhwaja.net
Web: www.barkatekhwaja.net

(૩)

وَ مَنْ يُّطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ ۚ وَ حَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ؕ

"અને જેઓ અલ્લાહ અને રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી) કરે તો તેઓ એ લોકોની સાથે હશે જેમના પર અલ્લાહે ઈનામ કર્યું છે જેઓ નબીઓ, સિદ્દીકો, શહીદો તથા સાલેહીન છે. અને આ કેટલા ઉમદા સાથી છે !"

*(સૂરએ અંબિયા, આ. ૬૯)*

સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૬૭) આ આયતે મુબારકાના હેઠળ લખે છે :–

"સિદ્દીકો, નબીઓના સાચા અનુયાયીઓ છે જેઓ ઈખ્લાસની સાથે એમની રાહ પર કાયમ રહ્યા. પણ આ આયતમાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના અફાઝિલત (અગ્રગણ્ય) સહાબા મુરાદ છે, જેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ."

*(કન્ઝુલ ઈમાન મઅ ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૧૬૦, પાક કંપની–લાહોર)*

અલ્લાહ તબારક વ તઆલાએ ચાર તબકાત (વર્ગો)નો ઉલ્લેખ કર્યો જે ચારેવ તેની બારગાહના મુકર્રબ છે, પણ તેમનામાંથી સૌથી અધિક અલ્લાહની બારગાહમાં મકામે કુર્બ (કરીબી સ્થાન) નબીઓને હાંસલ છે, પછી સિદ્દીકોને, પછી શહીદોને અને પછી સાલેહીન (નેક લોકો, વલીઓ)ને.

તો ક્રમના એતબારથી ખુદાની મખ્લૂકમાં સૌથી અફઝલ (શ્રેષ્ઠ) અંબિયાએ કિરામ એટલે નબીઓ (عَلَيْهِمُ السَّلَام) છે. તેમના પછી સિદ્દીકો પછી શહીદો અને તેમના બાદ આમ સાલેહીન છે. આમ તો સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સદાકતની ખૂબી (ગુણ)થી જોડાયેલા છે, પણ સદાકત (સચ્ચાઈ)નો તાજ જેમના માથા મુબારક પર સજાવવામાં આવ્યો તે હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

જેવી રીતે આદિલ સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે પરંતુ અદાલતમાં ઉમર ફારૂક رضی اللہ عنہની વિશિષ્ટતા છે. સખી સર્વ સહાબાએ કિરામ

رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે પણ સખાવતે ઉષ્માન ગની رضی اللہ عنہની વિશિષ્ટતા સૌમાં નિરાળી છે. શુજાઅ (બહાદુર) સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે, એમનામાં કોઈ ડરપોક નથી, પણ સુજાઅતે અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم નિરાળી છે.

એ જ પ્રમાણે સદાકતની સિફત (ગુણ) વડે તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સજજ છે, પણ સદાકતના તાજનો લકબ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ખુદ જે સહાબીના સર પર સજાવ્યો તે હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ખુદ જનાબ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને સિદ્દીકનો લકબ અતા કર્યો. મુબારક હદીષોમાં છે :–

(૧)

عَنْ قَطَادَۃَ، أَنَّ أَنَسَ بْنَ مَالِکٍ رَضِیَ اللّٰہُ، حَدَّثَھُمْ : أَنَّ النَّبِیَّ ﷺ صَعِدَ أُحُدًا وَ أَبُوْبَکْرٍ وَ عُمَرُ وَ عُثْمَانُ فَرَجَفَ بِھِمْ، فَقَالَ : اُثْبُتْ أُحُدُ ! فَإِنَّمَا عَلَیْکَ نَبِیٌّ وَ صِدِّیْقٌ وَ شَھِیْدَانِ۔

"હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે : નબી કરીમ ﷺ, હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) ઓહદ પહાડ પર ચઢયા, તો પહાડ તેમના કારણે કાંપવા લાગ્યો. તો આપ ﷺએ ફર્માવ્યું, હે ઓહદ ! થોભી જા ! કેમ કે તારા પર એક નબી, એક સિદ્દીક તથા બે શહીદ છે." *(સહીહ બુખારી, ૩૬૭૫)*

(૨)

عَنْ أُمِّ ھَانِیءٍ قَلَتْ : حَدَّثَنِیْ نَبْعَۃُ : أَنَّ انَّبِیَّ ﷺ قَالَ لِاَبِیْ بَکْرٍ : یَاأَبَا بَکْرٍ ! إِنَّ اللّٰہَ سَمَّاکَ ''اَصَّدِیْقٌ''

"હઝરત ઉમ્મેહાની વર્ણવે છે, મને નબ્આએ વર્ણવ્યું : બેશક ! નબી علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, હે અબૂબક્ર ! અલ્લાહ તબારક વ તઆલાએ તમારું નામ સિદ્દીક રાખ્યું છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૩૫૬૬૪)*

(૩) રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

يَا عَائِشَةُ ! أَنَا سَيِّدُ الْمُرْسَلِيْنَ وَأَبُوْكِ أَفْضَلُ الصِّدِّيْقِيْنَ "હે આઈશા ! હું સર્વ રસૂલોનો સરદાર છું અને તમારા પિતા (અબૂબક્ર) સિદ્દીક઼ોમાં સૌથી અફઝલ છે." *(અર્રિયાઝુ નસરતિ ફી મનાક઼િબિલ્ અશરહ, ૧/૩૫)*

**(૪)** મૌલા અલી کرم اللہ وجہہ الکریم નું ફર્માન છે :–

عَنْ أَبِيْ يَحْيٰى، سَمِعَ عَلِيًّا : يَحْلِفُ لَأَنْزَلَ اللّٰهُ تَعَالٰى اِسْمَ أَبِيْ بَكْرٍ رَضِيَ اللّٰهُ عَنْهُ مِنَ السَّمَآءِ صِدِّيْقًا

"હઝરત અબૂ યહયાથી રિવાયત છે. તે ક઼સમ ખાયને કહેતા, બેશક ! અલ્લાહ તઆલાએ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નું નામ આસ્માનથી સિદ્દીક઼ નાઝિલ કર્યું છે." *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન લિલ્હાકિમ, ૪૪૦૫)*

**(૫)** ઈમામ અબૂ ઈસા તિર્મિઝી લાંબી હદીષમાં રિવાયત કરે છે :–

عَنْ أَسْمَاءَ بْنِ الْحَكَمِ الْفَزَارِيِّ، قَالَ : سَمِعْتُ عَلِيًّا، يَقُوْلُ، إِنِّيْ كُنْتُ رَجُلًا إِذَا سَمِعْتُ مِنْ رَّسُوْلِ اللّٰهِ ﷺ حَدِيْثًا نَفَعَنِي اللّٰهُ مِنْهُ بِمَاشَآءَ أَنْ يَنْفَعَنِيْ بِهٖ وَإِذَا حَدَّثَنِيْ رَجُلٌ مِنْ أَصْحَابِهِ اسْتَحْلَفْتُهٗ، فَإِذَا حَلَفَ لِيْ صَدَّقْتُهٗ، وَإِنَّهٗ حَدَّثَنِيْ أَبُوْ بَكْرٍ وَ صَدَقَ أَبُوْبَكْرٍ

"અસ્મા ઈબ્ને હકમ ફઝારી વર્ણવે છે, મેં હઝરત અલી رضی اللہ عنہ ને કહેતાં સાંભળ્યા : હું એક એવો શખસ હતો કે જ્યારે હું રસૂલુલ્લાહ ﷺ થી કોઈ વાત સાંભળતો તો અલ્લાહ તઆલા જેટલુ ચાહતો તેના ઝરીયા મને નફો પહોંચાડતો. અને જ્યારે મને આપના કોઈ સહાબી કોઈ હદીષ વર્ણન કરતા તો હું તેમનાથી ક઼સમ લેતો. પછી જો તે ક઼સમ ખાઈ લેતા તો હું તેમનું સમર્થન કરી દેતો. અને મને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ આ હદીષ વર્ણવી છે, અને તેમણે સાચુ કહ્યું છે. *(સુનને તિર્મિઝી, ૪૦૬)* આ હદીષનો હેતુ એ છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પર વિશ્વાસ કરતા હતા અને ક઼સમ આપ્યા વિના તેમની વાતને સમર્થન કરતા હતા. એટલે કે તે આપને સિદ્દીક઼ رضی اللہ عنہ છે.

આ પ્રકરણમાં પુષ્કળ હદીષો છે જેનાથી સ્પષ્ટ થાય છે કે ઉમ્મતે

મુહમ્મદિયામાં અફઝલુસ્સિદ્દીક઼ીન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની ખૂબીઓવાળી જાત છે અને અંબિયાના પછી મર્તબો તથા મક઼ામ સિદ્દીક઼ોનો છે જેથી સર્વ અંબિયા તથા બશર રસૂલો તથા ફરિશ્તા રસૂલો عَلَیۡہِمُ السَّلَامُ પછી સૌથી અફઝલ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ હદીષોની રોશનીમાં

**(૧)** ઈમામ બુખારી તથા મુસ્લિમ رحمۃ اللہ علیہم اجمعین સહીહૈનમાં હઝરત અબૂ મૂસા અશ્અરીથી રિવાયત કરે છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلام જ્યારે બીમાર પડયા અને આપ صلی اللہ علیہ وسلمની બીમારીમાં વધારો થઈ ગયો તો આપ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

مُرُوْا أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بَالنَّاسِ، قَالَتْ عَاءِشَةُ : إِنَّهُ رَقِيْقٌ إِذَا قَامَ مَقَامَكَ لَمْ يَسْتَطِعْ أَنْ يُصَلِّيَ بِالنَّاسِ، قَالَ : مُرُوْا أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بَالنَّاسِ، فَعَادَتْ، فَقَالَ : مُرِيْ أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بَالنَّاسِ، فَإِنَّكُنَّ صَوَاحِبُ يُوْسُفَ، فَأَتَاهُ الرَّسُوْلُ، فَصَلّٰى بِالنَّاسِ فِيْ حَيَاةِ النَّبِيِّ ﷺ۔

"અબૂબક્રને કહો તે લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી, તે નરમ દિલ શખ્સ છે. જ્યારે તે આપની જગાએ ઉભા થશે તો (ગમની સખ્તીના કારણે) તે લોકોને નમાઝ નહીં પઢાવી શકે. આપ صلی اللہ علیہ وسلمએ (બીજીવાર) ફર્માવ્યું, અબૂબક્રને કહો કે તે જ લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ પોતાની વાત દોહરાવી. આપ صلی اللہ علیہ وسلمએ (ત્રીજીવાર) ફર્માવ્યું, અબૂબક્રને કહો કે તે જ લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. વળી તમે હઝરત યૂસુફના જમાનાની સ્ત્રીઓ (ની જેમ) છો. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની પાસે આપનો ક઼ાસિદ આવ્યો. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ નબી صلی اللہ علیہ وسلمની હયાત મુબારકમાં નમાઝો પઢાવી."

*(સહીહ બુખારી, ૬૭૮)*

આ હદીષ ભાવાર્થના રૂપે મુતવાતિર છે. હઝરત આઈશા, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ

ઈબ્ને ઉમર, હઝરત અબ્દ ઈબ્ને જમઆ, હઝરત અબૂ સઈદ, હઝરત અલી બિન અબી તાલિબ અને હઝરત હફસા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત પામેલ છે. એ જ કારણે ઉલમાએ કિરામે આ હદીષને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની અફઝલિયતે મુત્લક઼ા, ખિલાફતે હક્ક઼ા અને આપના સૌથી અધિક ઈમામતને લાયક હોવાની મજબૂત દલીલ ઠરાવી દીધી છે.

યાદ રાખશો કે આ કેવળ નમાઝની ઈમામતનો મસ્અલો ન હતો, બલ્કે ઉમ્મતની રાજનૈતિક તથા રૂહાની ઈમામત હતી. ત્યારે જ તો રસૂલુલ્લાહ ﷺએ ઉમ્મુલ મો'મિનીનના આગ્રહ છતાં નારાઝગી પ્રદર્શિત કરીને કેવળ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ઈમામતનો હુકમ આપ્યો.

ઈમામ ઈબ્ને હજર મક્કી (વફાત : હિ.સ. ૯૭૪) ફર્માવે છે :

قَالَ الْعُلَمَآءُ : فِيْ هٰذَا الْحَدِيْثِ أَوْضَحُ دَلَالَةً عَلٰى أَنَّ الصِّدِّيْقَ أَفْضَلُ الصَّحَابَةِ عَلَى الْإِطْلَاقِ وَأَحَقُّهُمْ بِالْخِلَافَةِ وَأَوْلَاهُمْ بِالْإِمَامَةِ

''ઉલમાએ કિરામે આ હદીષના બારામાં કહ્યું, આ એ વાતને પુરવાર કરવામાં ખૂબ જ સ્પષ્ટ દલીલ છે કે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સર્વ સહાબા કરતાં મુત્લક઼ન (કોઈ અપવાદ વિના) અફઝલ અને ખિલાફતના સૌથી અધિક હક્ક઼દાર અને ઈમામતના સૌથી અધિક લાયક છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

*(અસ્સવાઈકુલ મુહરિકા, ૧/૬૦)*

**(૨)** فَاقْتَدُوْا بِاللَّذَيْنِ مِنْ بَعْدِيْ وَأَشَارَ إِلٰى أَبِيْ بَكْرٍ وَ عُمَرَ ''રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તો મારા પછી આ બંનેવની પયરવી (અનુસરણ) કરો અને અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની તરફ ઈશારો કર્યો.''

*(સુનને ઈબ્ને માજહ, પેજ–૯૭, જામેઅ તિર્મિઝી, ૩૬૬૩)*

**(૩)** એક સ્ત્રીએ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! ﷺ જો હું આપ علیہ الصلوٰۃ والسلامને ન પામુ તો ?! ફર્માવ્યું, إِنْ لَمْ تَجِدِيْنِيْ فَأْتِ أَبَا بَكْرٍ ''જો મને ન પામો તો અબૂબક્રની પાસે આવજો.'' *(સહીહ બુખારી : ૩૬૫૯)*

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં સહાબાનાં કથનો

**(૧)** ઈમામ બુખારી رحمۃ اللہ علیہ સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે. તેમણે કહ્યું :

كُنَافِيْ زَمَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم لَا نَعْدِلُ بِابِيْ بَكْرٍ أَحَدًا، ثُمَّ عُمَرَ، ثُمَّ عُثْمَانَ، ثُمَّ نَتْرُكُ أَصْحَابَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم، لَا نُفَاضِلُ بَيْنَهُمْ

"નબી صلی اللہ علیہ وسلمના મુબારક જમાનામાં અમો કોઈને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના બરાબર ગણતા ન હતા. પછી ઉમર رضی اللہ عنہ, પછી ઉષ્માન رضی اللہ عنہ, પછી અમો નબી صلی اللہ علیہ وسلمના સહાબીઓને છોડી દેતા. તેમને એકબીજા પર ફઝીલત ન આપતા." *(સહીહ બુખારી, ૩૬૯૭)*

**(૨)** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના સાહબઝાદા હઝરત મુહમ્મદ ઈબ્ને હનફિયા رضی اللہ عنہ કહે છે : મેં મારા પિતાને પૂછયું કે :–

أَيُّ النَّاسِ خُيْرٌ بَعْدَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم قَالَ : أَبُوْبَكْرٍ، قُلْتُ : ثُمَّ مَنْ، قَالَ : ثُمَّ عُمَرُ، وَ خَشِيْتُ أَنْ يَّقُوْلَ : عُثْمَانُ، قُلْتُ : ثُمَّ أَنْتَ، قَالَ : مَا أَنَا إِلَّا رَجُلٌ مِّنَ الْمُسْلِمِيْنَ

"**રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم **પછી લોકોમાં સૌથી અફઝલ કોણ છે ?** ફર્માવ્યું, **અબૂબક્ર** رضی اللہ عنہ. (તેમણે કહ્યું) મેં પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, ઉમર رضی اللہ عنہ અને મેં અંદેશો કર્યો કે ક્યાંક હવે ઉષ્માન رضی اللہ عنہનું નામ ન લઈ લે, જેથી મેં કહ્યું, પછી તો તમો જ અફઝલ છો ?! (હઝરત અલી رضی اللہ عنہએ) ફર્માવ્યું, હું તો આમ મુસલમાનોમાંથી એક મર્દ છું." *(સહીહ બુખારી, ૩૬૭૧)*

એ લોકો પર આશ્ચર્ય છે જેઓ હઝરત અલી کَرَّمَ اللّٰهُ وَجْهَهٗથી મહોબ્બતનો દાવો પણ કરે અને તેમના ઉઘાડા ફર્માનની વિરુદ્ધ પણ કરે ! હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને આપના સાહબઝાદા મુહમ્મદ ઈબ્ને હનફિયા رحمۃ اللہ علیہએ અફઝલિયતના અકીદાના બાબતે સવાલ કર્યો હતો. તો તેના જવાબમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પોતાના અકીદાનો ઈઝહાર કર્યો. હવે એને ઈન્કેસાર

(આજીજી) તથા મૃત્યુ પામેલ બુઝુર્ગોની પ્રશંસા પર ધારવું એ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના ફર્માનમાં ફેરફાર કરવું તથા તેને રદ કરવું નથી તો બીજુ શું છે ?! તેમજ બોલ્ડ કરેલ લખાણ એના માટે ઉઘાડી દલીલ છે.

**(૩)**

عَنْ وَهِبٍ السُّوَّائِيِّ، قَالَ : خَطَبَنَا عَلِيٌّ، فَقَالَ : خَيْرُ هٰذِهِ الْأُمَّةِ بَعْدَ نَبِيِّهَا، فَقُلْتُ : أَنْتَ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ ! قَالَ : لَا خَيْرُ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِيِّهَا أَبُوْبَكْرٍ، ثُمَّ عُمَرُ، وَ مَا نُبْعِدُ أَنَّ السَّكِيْنَةَ تَنْطِقُ عَلٰى لِسَانِ عُمَرَ

''વહબ સુવાઈ વર્ણવે છે : હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ખુત્બામાં પૂછયું, ઉમ્મતમાં એના નબી બાદ કોણ સૌથી અફઝલ છે ? મેં કહ્યું, અમીરુલ મો'મિનીન ! આપ છો ! હઝરત અલી رضی اللہ عنہ એ (એનો રદ કરતાં) ફર્માવ્યું, નહીં ! આ ઉમ્મતમાં એના **નબી બાદ સૌથી અફઝલ હઝરત અબૂબક્ર** છે. પછી હઝરત ઉમર છે. અને અમે એને ખોટુ નથી સમજતા કે હઝરત ઉમરની ઝબાન પર સકીના જારી થતો હતો. (એટલે આપની વાતચીત મો'મિનોના દિલી સુકૂનનો સબબ હતી.) '' *(મુસ્નદે ઈમામ અહમદ, ૮૩૪)* શોઐબુલ અરનૂતે કહ્યું, આ હદીષની સનદ કવી (મજબૂત) છે.

**(૪)**

حَدَّثَنِيْ أَبُوْ جُحَيْفَةِ، اَلَّذِىْ كَانَ عَلِيٌّ يُسَمِّيْهِ وَ هُبَ الْخَيرِ، قَالَ : قَالَ عَلِيٌّ يَا أَبَا جُحَيْفَةَ! أَلَا أُخْبِرُكَ بِأَفْلِ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِيِّهَا، قَالَ:قُلْتُ: بَلٰى : قَالَ : وَلَمْ أَكُنْ أَرٰى أَنَّ أَحَدًا أَفْضَلُ مِنْهُ، قَالَ : أَفْجَلُ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِيِّهَا أَبُوْبَكْرٍ وَ بَعْدَ أَبِيْ بَكْرٍ، عُمَرُ، وَبَعْدَ هُمَا آخَرُ ثَالِثٌ وَلَمْ يُسَمِهٖ۔

અબૂ જુહૈફા જેમને હઝરત અલી, વહબુલ ખૈર કહ્યા કરતા હતા. વર્ણવે છે : **હઝરત અલી** کرم اللہ وجہہ الکریم **એ મને ફર્માવ્યું,** અબૂ જુહૈફા ! શું હું તમને એ ખબર ન આપુ કે આ **ઉમ્મતમાં તેના નબી પછી સૌથી અફઝલ કોણ છે ?** મેં કહ્યું, જરૂર બતાવો ! અને હું ન સમજતો હતો કે હઝરત અલી કરતાં કોઈ

અન્ય અફઝલ હોઈ શકે છે. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, આ ઉમ્મતના નબી પછી **સૌથી અફઝલ હઝરત અબૂબક્ર છે** અને હઝરત અબૂબક્ર બાદ હઝરત ઉમર છે. (رضی اللہ عنہما) અને એમના પછી એક ત્રીજી વ્યક્તિ છે. અને આપે તેમનું નામ ન લીધું. *(મુસ્નદે ઈમામ અહમદ : ૮૩૫)*

શોઐબુલ અરબૂતે કહ્યું, આ હદીષની સનદ ઈમામ મુસ્લિમની શર્તના પ્રમાણે સહીહ છે અને તેના સર્વ રિજાલ ષિક્હ છે.

**(૫)** હઝરત અબ્દુલ્લાહ બિન સલમા رضی اللہ عنہ મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરે છે. ફર્માવે છે :–

خَيْرُ النَّاسِ بَعْدَ رَسُوْلِ ﷺ أَبُوْ بَكْرٍ. وَ خَيْرُ النَّاسِ بَعْدَ أَبِيْ بَكْرٍ عُمَرُ "રસૂલુલ્લાહ ﷺ પછી લોકોમાં સૌથી બેહતર અબૂબક્ર છે અને અબૂબક્ર પછી લોકોમાં સૌથી બેહતર ઉમર છે." (رضی اللہ عنہما) *(સુનને ઈબ્ને માજહ : ૧૦૬)*

**(૬)** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે :

لَا اَجِدُ اَحَدًا فَضَّلَنِيْ عَلٰى اَبِيْ بَكْرٍ وَ عُمَرَ اِلَّا جلدتُهُ حَدَّ الْمُفْتَرِيْ "જેને મેં એ હાલમાં પામ્યો કે અબૂબક્ર તથા ઉમર પર મને ફઝીલત આપે છે તેને તોહમત લગાડનારની શિક્ષા (૮૦ કોરડા) મારીશ.

*(અલ એઅ્તેક઼ાદુ વલ્ હિદાયતુ ઈલા સબીલિર્રશાદિ લિલ્બયહક઼ી,*

*પેજ–૩૫૮, અલ્મુઅ્તલિફુ વલ્મુખ્તલિફુ લિદ્દાર કુત્ની, બાબુલ હ઼ાઅ, ૩/૯૨)*

મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ ખાસ કરીને આ અફઝલિયતના મસ્અલાનો પોતાના ખિલાફત કાળમાં ખૂબ જ પ્રમાણમાં ફેલાવો કર્યો. જેમ કે ઈમામ ઝહબીએ તારીખે ઈસ્લામમાં લખ્યું : هٰذَا مُتَوَاتِرٌ عَنْ عَلِيٍّ "તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની સૌમાં ફઝીલત) મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી તવાતુરની નકલ થયેલ છે."

*(તારીખુલ ઈસ્લામિ લિઝ્ ઝહબી, બાબુ અહદિલ ખુલફા, ૩/૧૧૫)*

હઝરત મૌલા અલી رضی اللہ عنہથી આ ક઼ૌલ મુબારક રિવાયત કરનાર ૮૦થી અધિક સહાબાએ કિરામ તથા તાબઈન છે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

ઈમામ ઈબ્ને હજર મક્કી (વફાત : હિ.સ. ૯૭૪) લખે છે :

قَالَ الذَّهَبِيُّ : وَقَدْ تَوَاتَرَ ذٰلِكَ عَنْهُ فِيْ خِلَافَتِهٖ وَ كُرْسِيِّ مَمْلَكَتِهٖ وَبَيَّنَ الْجَمَّ الْغَفِيْرَ مِنْ شِيْعَتِهٖ ثُمَّ بَسَطَ الْاَسَانِيْدَ الصَّحِيْحَةَ فِيْ ذٰلِكَ قَالَ وَ يُقَالُ : رَوَاهُ عَنْ عَلِيٍّ نَيِّفٌ وَ ثَمَانُوْنَ نَفْسًا وَ عَدَّدَ مِنْهُمْ جَمَاعَةً

''ઈમામ ઝહબીએ કહ્યું : હઝરત અમીરુલ મો'મિનીન અલી મુતર્ઝા رضی اللہ عنہથી તેમની ખિલાફતના જમાનામાં જ્યારે કે આપ સત્તાની ખુરશી પર બિરાજમાન હતા, તવાતુરથી સાબિત છે કે આપે આપની જમાઅતની વિશાળ ભીડમાં અફઝલિયતે શયખૈન (અબૂબક્ર ઉમર رضی اللہ عنہما) ને વર્ણન કરી. પછી તેની સહીહ સનદો વિગતવાર વર્ણવી. કહ્યું, અને કહેવામાં આવે છે કે એંસી (૮૦)થી અધિક વ્યક્તિઓએ તેના બારામાં આપના થકી રિવાયત કરી છે. ઈમામ ઝહબીએ એનામાંથી અમુક નામો ગણાવ્યાં છે.''

*(અસ્સવાઈકુલ મુહરિકા, અલ્બાબુલ અવ્વલ, અલ્ફસ્લુલ અવ્વલ, પેજ : ૯૦, ૯૧)*

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''મસ્અલએ તફઝીલ (અફઝલિયતના મસ્અલા)ને સૌથી અધિક વર્ણન કરનારા અને વિરોધીઓને સખત સજાનો ડર અપાવનારા સૈયદના અલીયે મુર્તઝા, અલ્લાહ બુલંદો બાલાના શેર کرم اللہ وجہہ الکریم છે. એટલા માટે કે તેમની ખિલાફતના દિવસોમાં અને સત્તાકાળમાં તેમનું શયખૈન અબૂબક્ર તથા ઉમરને પોતાના પર અને તમામ ઉમ્મત પર ફઝીલત આપવું તવાતુરથી સાબિત થયું.

*(ફતાવા રઝવિય્યહ્, ૨૮/૬૭૪)*

**(૭)** ક઼ાઝી શુરૈહ ફર્માવે છે : મૌલા અલી رضی اللہ عنہ જાહેર મિમ્બર પર ઈર્શાદ ફર્માવ્યા કરતા હતા : خَيْرُ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِيِّهَا اَبُوْ بَكْرٍ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ اَنَا ''આ ઉમ્મતના સૌથી બેહતર શખ્સ નબી પાક صلی اللہ علیہ وسلم પછી અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન, પછી હું. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(તારીખે મદીના દમિશ્ક, ઈબ્ને અસાકિર, ૪૧/૧૦૪)*

**(૮) અહલે બયતના ઈમામોમાંથી હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہના શહઝાદા હઝરત ઈમામ સૈયદ ઝયદ શહીદ رضی اللہ عنہએ કૂફીઓને ફર્માવ્યું :**

اِنْطَلَقَتِ الْخَوَارِجُ فَبَرِئَتْ مِمَّنْ دُوْنَ أَبِیْ بَكْرٍ وَ عُمَرَ وَ لَمْ يَسْتَطِيْعُوْا أَنْ يَّقُوْلُوْا فِيْهِمَا شَيْئًا وَ انْطَلَقْتُمْ أَنْتُمْ فَطَفَرْتُمْ أَیْ وَثَبْتُمْ فَوْقَ ذٰلِکَ فَبَرِئْتُمْ مِنْهُمَا، فَمَنْ بَقِیَ، فَوَاللّٰهِ ! مَا بَقِیَ أَحَدٌ إِلَّا بَرِئْتُمْ مِنْهُ

''ખારજીઓએ ગુમરાહીના રસ્તા પર ચાલીને એમનાથી જ બેઝારી જાહેર કરી જેઓ અબૂબક્ર, ઉમરથી નીચે છે, એટલે ઉષ્માન તથા અલી. પણ અબૂબક્ર તથા ઉમરની શાનમાં કાંઈ ન કહી શક્યા. અને હે રાફઝીઓ ! તમે તેમનાથી ઉપર હિંમત કરી કે ખુદ અબૂબક્ર, ઉમરથી બેઝારી જાહેર કરી બેઠા ! તો હવે કોણ રહી ગયું ?! ખુદાની કસમ ! કોઈ બાકી ન રહ્યું જેમનાથી તમે બેઝારી જાહેર ન કરી હોય. *(અસ્સાવઈકુલ મુહરિકા, ૨/૭૯)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ આ રિવાયત લખ્યા બાદ જણાવે છે કે, ''ઈમામ ઝયદ શહીદ رضی اللہ عنہનો આ ઈર્શાદ મુબારક અમ ગુલામાને ખાનદાને ઝયદ માટે પૂરતો છે.''

*(ફતાવા રઝવિય્યહ્, ૨૮/૪૮૦, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

આ પ્રકરણમાં ખૂબ જ અધિક પ્રમાણમાં રિવાયતો છે. લખાણ લંબાવાના ડરથી આટલા પર જ સંતોષ માનીએ છીએ. અહલે ઈમાન અને અહલે બયતના સાચા ગુલામો માટે આટલુ જ પૂરતુ છે.

Web.:www.barkatekhwaja.net

## સવાલ : ૨

**એ પણ જણાવશો કે એના બારામાં ઉમ્મતના અકાબિરીન તથા સલફે સાલિહીન (અગ્રેસર ઉલમા તથા પૂર્વજ બુઝુર્ગો)નો શું અક઼ીદો છે?**

**:: અલ્જવાબ બિ અર્વાનિલ વહ્હાબ ::**

## સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત વિશે ઈમામો તથા દીનના બુઝુર્ગોનાં કથનો

**૦૧. ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૧૫૦)નો અક઼ીદો :-**

اَفْضَلُ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اَبُوْ بَكْرِ الصِّدِّيْق، ثُمَّ عُمَرُ بْنُ الْخَطَاب، ثُمَّ عُثْمَانُ بْنُ عَفَّان، ثُمَّ عَلِيُّ بْنُ اَبِيْ طَالِبٍ

"લોકોમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી અફઝલ અબૂબક્ર સિદ્દીક઼, પછી ઉમર બિન ખત્તાબ, પછી ઉષ્માન બિન અફ્ફાન, પછી અલી બિન અબી તાલિબ છે." *(અલ્ ફિક઼્હુલ અકબરુ મઅ શરહિ મુલ્લા અલી અલ્ક઼ારી, પેજ : ૬૧, ૬૨, ક઼દીમી કુતુબખાના કરાચી)*

આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી **'અહલે સુન્નત વ જમાઅત'**ની નિશાની પૂછવામાં આવી તો ફર્માવ્યું : تَفْضِيْلُ الشَّيْخَيْنِ وَحُبُّ الْخَتَنَيْنِ وَمَسْحُ الْخُفَّيْنِ "હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક઼ તથા અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماને સર્વ સહાબાથી બુઝુર્ગ જાણવા અને અમીરુલ મો'મિનીન ઉષ્માને ગની તથા અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہماથી મહોબ્બત રાખવી, અને મોજાઓ પર મસહ કરવો."

આ ત્રણેવ વાતો ખાસ કરીને એટલા માટે ફર્માવી કે હઝરત કૂફામાં રહેતા હતા અને ત્યાં રાફઝીઓની અધિક વસ્તી હતી, જેથી એ જ નિશાનીઓ જણાવી

કે જેમાં એમનો રદ છે. આ રિવાયતનો એ અર્થ નથી કે કેવળ આ ત્રણ વાતો જ હોવી સુન્ની હોવા માટે પૂરતી છે.'' *(બહારે શરીઅત, ૧/૩૬૩, મક્તબતુલ મદીના)*

**૦૨. ઈમામ માલિક رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૭૯)નો અક઼ીદો :–**

ઈમામ માલિક رحمۃ اللہ علیہને તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની અફઝલિયત)ના બારામાં સવાલ થયો તો આપે જવાબ આપ્યો : لَیْسَ فِیْ اَبِیْ بَکْرٍ وَعُمَرَ شَکٌّ

''અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની (તફઝીલ–અફઝલિયત)માં કોઈ શક નથી.'' *(શરહુઉસૂલિ એ'તેક઼ાદિ અહલિસુન્નુનતિ લિલ્ અલ્કાઈ બાબુ જિમાઈ ફઝાઈલિસ્સહાબા, ૨/૧૯૪)*

**૦૩. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૨૦૪)નો અક઼ીદો :–**

یَقُوْلُ فِی الْخِلَافَةِ وَالتَّفْضِیْلِ نَبْدَأُ بِاَبِیْ بَکْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِیٍّ رضی اللہ عنہم

''ઈમામ શાફઈ ખિલાફત અને તફઝીલ (અફઝલિયત)ના મામલામાં ફર્માવતા હતા : અમે શરૂઆત કરીએ છીએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલીથી.'' (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(અલ એઅ્તેક઼ાદ લિલ્બયહક઼ી, પેજ–૧૯૨)*

**૦૪. ઈમામ અહમદ બિન હંબલ બગદાદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૪૧)નો અક઼ીદો :–**

سُئِلَ عَنْ رَجُلٍ یُحِبُّ اَصْحَابَ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ لَا یُفَضِّلُ بَعْضَهُمْ عَلٰی بَعْضٍ وَ هُوَ یُحِبُّهُمْ، قَالَ : اَلسُّنَّةُ اَنْ یُّفَضِلَ اَبَا بَکْرٍ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِیًّا مَنَ الْخُلَفَآءِ

''ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہથી એવા શખ્સના બારામાં પૂછવામાં આવ્યું જે અસ્હાબે રસૂલ ﷺથી મહોબ્બત તો કરે છે પણ કોઈના પર કોઈને ફઝીલત નથી આપતો. તો આપે ફર્માવ્યું, ખલીફાઓમાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન તથા હઝરત અલીયે મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعینને ફઝીલત આપવી સુન્નત (ઉમ્મતનો નિયમ) છે.''

*(અસ્સુન્નતુ લિબ્નિ ખિલાલ : ૫૯૯)*

**૦૫. ઈમામ સુફયાન થૌરી** رحمۃ اللہ علیہ **(વફાત : ૧૬૧ હિ.સ.)નો અક઼ીદો:**

مَنْ فَضَّلَ عَلٰی اَبِیْ بَکْرٍ وَ عُمَرَ فَقَدْ عَابَھُمَا "જેણે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہما પર કોઈને ફઝીલત આપી તો તેહકીક઼ તેણે એ બંનેવ પર અયબ લગાડી."

*(શર્હુ ઉસૂલિલ્ એ'તેક઼ાદ, રક઼મ : ૨૬૧૭, ઉસૂલુસ્સુન્નહ્ લિ ઈબ્નિ ઝમનૈન, રક઼મ : ૧૦૪)*

**૦૬. ઈમામુલ મુહદ્દિષીન ઈમામ બુખારી** رحمۃ اللہ علیہ **(વફાત : ૨૫૬ હિ.સ.)નો અક઼ીદો :–**

ઈમામ બુખારીએ બુખારી શરીફમાં પ્રકરણ રચ્યું છે :

بَابُ فَضْلِ أَبِیْ بَکْرٍ بَعْدَ النَّبِیِّ ﷺ એટલે નબી કરીમ ﷺ બાદ ઉમ્મતમાં અબૂબક્ર સિદ્દીક઼ અફઝલ હોવાના બારામાં પ્રકરણ." *(સહીહ બુખારી, ૨/૪૧૨)*

**૦૭. ઈમામ અબૂ દાઊદ** رحمۃ اللہ علیہ **(વફાત : ૨૭૫ હિ.)નો અક઼ીદો :–**

إِنَّ خَيْرَ النَّاسِ بَعْدَ مُحَمَّدٍ وَزِيْرَاهُ قَدَمَا. ثُمَّ عُثْمَانُ الْاَرْجَحُ وَ رَابِعُهُمْ خَيْرُ الْبَرِيَّةِ بَعْدَ هُمْ عَلِيٌّ حَلِيْفُ الْخَيْرِ

"બેશક ! રસૂલુલ્લાહ ﷺના પછી લોકોમાં બેહતરીન આપ علیہ الصلوٰۃ والسلامના બે પ્રથમ વઝીર (હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂક઼) છે. પછી હઝરત ઉ ષ્માન અધિક અગ્રતાવાળા છે અને તેમના બાદ તેમનામાંથી ચોથા ખયરુલ બરિય્યહ્ હલીફુલ ખૈર હઝરત અલીયે મુર્તઝા છે."

*(તબક઼ાતુલ્ હનાબિલા, ૨/૫૩)*

**૦૮. ઈમામ તહાવી** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૨૧)નો અક઼ીદો :–**

وَنُثْبِتُ الْخِلَافَةَ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ أَوَّلًا لِاَبِیْ بَكْرِنِ الصِّدِّيْقِ رَضِیَ اللّٰهُ عَنْهُ تَفْضِيْلًا لَهٗ تَقْدِيْمًا عَلٰی جَمِيْعِ الْاُمَّةِ

"અમે રસૂલુલ્લાહ ﷺ પછી સૌ પ્રથમ ખિલાફત હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના માટે સાબિત કરીએ છીએ. સર્વ ઉમ્મત પર અગ્રસ્થાને રાખીને તેમને અધિક ફઝીલતવાળા ઠરાવીએ છીએ." *(શર્હુલ અક઼ીદતિત્તહાવિયા, પેજ : ૫૭)*

Web: www.barkatekhwaja.net

**૦૯. ઈમામ અબુલ હસન અશ્અરી** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૨૩)નો અક઼ીદો :-**

وَاَجۡمَعُوۡا عَلٰی اَنَّ خَیۡرَ الۡعَشَرَۃ، الۡاَئِمَّۃُ الۡاَرۡبَعَۃُ : اَبُوۡبَکۡرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثۡمَانُ ثُمَّ عَلِیٌّ رِضۡوَانُ اللّٰہِ عَلَیۡھِمۡ

"ઉમ્મતનો ઈજમાઅ છે કે અશ્રએ મુબશ્શિરામાં અફઝલ અબૂબક્ર, પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે."

*(રિસાલતુલ અશ્અરિય્યિ ઈલા અહલિષ્ ષગ઼્ર, પેજ–૨૨૯)*

**૧૦. ફક઼ીહ અબુલ લૈષ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૩૭૩)નો અક઼ીદો:**

قَالَ مُحَمَّدُ بۡنُ الۡفَضۡلِ : اَجۡمَعُوۡا عَلٰی اَنَّ خَیۡرَ ھٰذِہِ الۡاُمَّۃِ بَعۡدَ نَبِیِّھَا صلی اللہ علیہ وسلم اَبُوۡ بَکۡرٍ ثُمَّ عُمَرُ

"ઈમામ મુહમ્મદ બિન ફઝ્લ ફર્માવે છે : સુન્નીઓનો ઈજમાઅ છે કે આ ઉમ્મતમાં અફઝલ શખ્સ નબી علیہ الصلوٰۃ والسلام પછી અબૂબક્ર છે, પછી ઉમર." رضی اللہ عنہما

*(બુસ્તાનુલ આરિફીન, પેજ : ૧૨૯)*

**૧૧. હાફિઝ ઈબ્ને શાહીન** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૮૫ હિ.)નો અક઼ીદો:**

وَاَشۡھَدُ اَنَّ اَفۡضَلَ النَّاسِ بَعۡدَ رَسُوۡلِ اللّٰہ صلی اللہ علیہ وسلم اَبُوۡ بَکۡرٍ وَ عُمَرُ وَ عُثۡمَانُ وَ عَلِیٌّ

"હું ગવાહી આપુ છું : બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ છે, પછી હઝરત ઉષ્માને ગની છે, પછી હઝરત અલીયે મુર્તઝા છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

*(શર્હે મઝાહિબે અહલે સુન્નહ, પેજ–૩૨૦)*

**૧૨. ઈમામ અબૂ નુઐમ અસ્બહાની** رحمۃ اللہ علیہ **(વફાત : ૪૩૦ હિ.)નો અક઼ીદો :-**

اَفۡضَلُ النَّاسِ بَعۡدَ الرَّسُوۡلِ صلی اللہ علیہ وسلم وَاَوۡلَاھُمۡ بِالۡاِمَامَۃِ بَعۡدَہٗ اَبُوۡ بَکۡرِ نِ الصِّدِّیۡقُ ثُمَّ عُمَرُ بۡنُ الۡخَطَّابِ

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌથી અફઝલ અને સૌથી અધિક ઈમામતના પાત્ર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર ખત્તાબ رضی اللہ عنہ

છે.'' *(અલ ઈમામતુ વર્રદ્દુ અલર્રાફિઝા, ૧/૨૦૬)*

**૧૩. અબુલ હસન અલી ઈબ્ને ઉષ્માન દાતાગંજ બખ્શ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૪૬૪)નો અકીદો :–**

شیخ الاسلام وبعد از انبیاء بہترین انام ''અબૂબક્ર સિદ્દીક શયખુલ ઈસ્લામ છે અને નબીઓ પછી ખુદાની સર્વ મખ્લૂકથી અફઝલ છે.'' *(કશ્ફુલ મહજૂબ : ફારસી, પેજ : ૮૩)*

**૧૪. ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ. ૫૦૫)નો અકીદો :–**

وَاَنْ يَّعْتَقِدَ فَضْلَ الصَّحَابَةِ تَرْتِيْبَهُمْ وَاَنَّ اَفْضَلَ النَّاسِ بَعْدَ النَّبِيِّ اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِيٌّ

''સહાબાની ફઝીલત તથા ક્રમમાં અકીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના પછી લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક, પછી હઝરત ઉમર, પછી હઝરત અલી છે.'' (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(ફવાઈદુલ અફાઈદ, પેજ–૩૦)*

**૧૫. ઈમામ કાઝી અબૂ યઅલા અલફરા** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૨૬)નો અકીદો :–**

ثُمَّ الْاِيْمَانُ بِاَنَّ خَيْرَ الْخَلْقِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَكْرٍ اَعْظَمُ مَنْزِلَةً بَعْدَ النَّبِيِّيْنَ وَ الْمُرْسَلِيْنَ اَحَقُّهُمْ بِخِلَافَةِ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَكْرٍ الصِّدِّيْقِ رِضْوَانُ اللّٰهِ عَلَيْهِ. ثُمَّ بَعْدُ عَلٰى هٰذَا التَّرْتِيْبِ اَبُوْ حَفْصٍ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ ثُمَّ ذُو النُّوْرَيْنِ عُثْمَانُ بْنُ عَفَّانَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَلٰى هٰذَا النَّعْتِ وَ الصِّفَةِ اَبُو الْحَسَنِ عَلِيُّ بْنُ اَبِيْ طَالِبٍ رَضِيَ اللّٰهُ عَنْهُ۔

''પછી યકીન રાખવું જોઈએ કે રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂકમાં બેહતરીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અંબિયા તથા મુરસલીન પછી અધિક અઝમતવાળા છે. અને રસૂલુલ્લાહ ﷺની ખિલાફતના સૌથી અધિક હક્કદાર છે. એટલે કે પછી હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ, પછી હઝરત ઉ ષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ, પછી હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ છે.'' *(કિતાબુલ એઅ્તેકાદ, પેજ–૪૨)*

**૧૬. અબૂ હફ્સ ઉમર બિન મુહમ્મદ નસફી હનફી માતુરીદી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૩૭)નો અકીદો :–**

اَفْضَلُ الْبَشَرِ بَعْدَ نَبِيِّنَ اَبُوْ بَكْرِ الصِّدِّيْقُ، ثُمَّ عَمَرُ الْفَارُوْقُ، ثُمَّ عُثْمَانُ ذُو النُّوْرَيْنِ، ثُمَّ عَلِيُّ الْمُرْتَضٰى۔

"આપણા નબી علیہ الصلوۃ والسلامના પછી અફઝલુલ બશર હઝરત અબૂબક્ર સિદ્દીક, પછી હઝરત ઉમર ફારૂક, પછી હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન, પછી હઝરત અલી મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે." *(અલ અકાઈદ લિન્નસફી, પેજ–૨)*

**૧૭. શયખુલ ઈસ્લામ અદી બિન મુસાફિર હક્કારી** رحمۃ اللہ علیہ **(વફાત : ૫૫૭ હિ.)નો અકીદો :–**

وَاَنَّ خَيْرَ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِيِّهَا عَلَيْهِ الصَّلٰوةُ وَ السَّلَامُ اَبُوْ بَكْرِنِ الصِّدِّيْقُ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ عَلِيٌّ رَضِيَ اللّٰهُ عَنْهُمْ۔

"બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના પછી આ ઉમ્મતના બેહતરીન હઝરત અબૂબક્ર સિદ્દીક છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલીયે મુર્તઝા છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(એઅ્તેકાદુ અહલિ સુન્નતિ વલ્ જમાઅત, પેજ–૩૬)*

**૧૮. ગૌષે આ'ઝમ મહબૂબે સુબ્હાની** رضی اللہ عنہ **(વફાત : ૫૬૧ હિ.)નો અકીદો :–**

اَفْضَلُ الْاَرْبَعَةِ اَبُوْ بَكْرٍ ثُمَّ عَمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِيٌّ "ચારેવ ખલીફાઓમાં સૌથી અફઝલ અબૂબક્ર છે. પછી ઉમર છે, પછી ઉષ્માન છે, પછી અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(ગુન્યુત્તાલિબીન, ભાગ–૨, પેજ–૧૫૮)*

**૧૯. ઈમામ હાફિઝ અબુલ કાસિમ અલી ઈબ્ને અસાકિર** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૭૧)નો અકીદો :–**

وَاَنْ يَّعْتَقِدَ فَضْلَ الصَّحَابَةِ وَ تَرْتِيْبَهُمْ وَ اَفْضَلُ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم اَبُوْ بَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِيٌّ رَضِيَ اللّٰهُ عَنْهُمْ۔

"સહાબાની ફઝીલત અને ક્રમમાં અક઼ીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(તબ્યીનુ કઝિ બિલ્મુફતરી, પેજ–૩૦૬)*

**૨૦. હાફિઝ અબ્દુલગની મક઼દિસી (વફાત : હિ.સ. ૬૦૦)નો અક઼ીદો :**

وَنَعْتَقِدُ أَنَّ خَيْرَ هٰذِهِ الْأُمَّةِ وَ أَفْضَلَهَا بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ صَاحِبُهُ الْاَخَصُّ وَ اَخُوْهُ فِيْ الإِسْلَامِ وَ رَفِيْقُهُ فِي الْحِجْرَةِ وَ الْغَارِ أَبُوْبَكْرِ الصِّدِّيْقُ وَزِيْرُهُ فِيْ حَيَاتِهِ وَ خَلِيْفَتُهُ بَعْدَ وَفَاتِهٖ عَبْدُ اللّٰهِ بْنُ عُثْمَانَ عَتِيْقُ بْنُ أَبِيْ قُحَافَةَ

"અને અમારો એ અક઼ીદો છે કે આ ઉમ્મતમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી બેહતરીન તથા અફઝલ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. જેઓ આપ علیہ الصلوٰۃ والسلامના ખાસ સહાબી તથા દીનીભાઈ, હિજરતની સફર તથા ગારે ષૌરમાં આપ ﷺના (વિશ્વાસુ) સાથી, આપ ﷺની હયાતે મુબારકામાં આપ ﷺના વઝીર અને આપના વિસાલ મુબારક પછી આપ علیہ الصلوٰۃ والسلامના ખલીફા છે. આપનું નામ મુબારક હઝરત અબ્દુલ્લાહ અતીક઼ બિન અબૂ ક઼ુહ઼ાફા ઉષ્માન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે."

*(અક઼ીદતુલ હાફિઝ તક઼ીઉદ્દીન અબ્દુલ ગની બિન અબ્દુલ વાહિદ મક઼દિસી, પેજ : ૯૯)*

**૨૧. શયખ અકબર મુહીયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૬૩૮)નો અક઼ીદો :–**

وَمِنْهُمْ مَنْ يَّكُوْنَ ظَاهِرَ الْحُكْمِ وَ يَحُوْزُ الْخِلَافَةَ الظَّاهِرَةَ كَمَا حَازَ الْخِلَافَةَ الْبَاطِنَةَ كَاَبِيْ بَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِيٍّ وَ الْحَسَنِ. الخ۔

"અને એમનામાંથી અમુક અવલિયા એવા હોય છે જેમની હુકૂમત જાહેર હોય છે, તેમને મક઼ામ તથા મર્તબાના લેહાઝથી જે રીતે બાતિની ખિલાફત હાંસલ થાય છે. એવી જ રીતે જાહેરી ખિલાફત પણ હાંસલ થાય છે, જેમ કે હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન તથા અલી તથા હસન." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(ફુતૂહાતે મક્કિયા, ૨/૯, રસાઈલે ઈબ્ને આબિદીન, ૨/૨૬૫)*

**૨૨. ઈમામ નવવી** رحمۃ اللہ علیہ **(વફાત : ૬૭૬)નો અકીદો :–**

اِتَّفَقَ اَهْلُ السُّنَةِ عَلٰى اَنَّ اَفْضَلَهُمْ اَبُوْبَكْرٍ ثُمَّ عَمَرٌ "અહલે સુન્નતની એકમતિ છે કે અફઝલ સહાબી અબૂબક્ર છે પછી ઉમર." *(શરહે સહીહ મુસ્લિમ, ૧૫/૧૪૮)*

**૨૩. હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૮૫૨)નો અકીદો :–**

وَأَنَّ الاِجْمَاعَ انْعَقَدَ بِآخِرِهٖ بَيْنَ أَهْلِ السُّنَّةِ أَنَّ تَرْتِيْبَهُمْ فِي الْفَضْلِ كَتَرْتِيْبِهِمْ فِي الْخِلَافَةِ رَضِيَ اللّٰهُ عَنْهُمْ أَجْمَعِيْنَ

"અહલે સુન્નત વ જમાઅત દરમિયાન એ વાત પર ઈજમાઅ થઈ ચૂક્યો છે કે ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ફઝીલતમાં ક્રમ તેમની ખિલાફતના ક્રમની જેમ છે." *(ફત્હુલબારી, ૭/૩૪)*

**૨૪. અલ્લામા ઈબ્ને હુમામ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૮૬૧)નો અકીદો :**

بِاَنَّ اَبَابَكْرٍ اَفْضَلُ النَّاسِ "હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સર્વ લોકોમાં (સહાબામાં) અફઝલ છે." *(અલ્મુસામરહ, પેજ–૨૫૯)*

**૨૫. અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૯૧૧)નો અકીદો :–**

اَجْمَعَ اَهْلُ السُّنَّةِ اَنَّ اَفْضَلَ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْبَكْرٍ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ عَلِيٌّ، ثُمَّ سَائِرُ الْعَشَرَةِ، ثُمَّ بَاقِيْ اَهْلِ بَدْرٍ، ثُمَّ بَاقِيْ اَهْلِ اُحُدٍ، ثُمَّ بَاقِيْ اَهْلِ الْبَيْعَةِ ثُمَّ بَاقِي الصَّحَابَةِ۔

"અહલે સુન્નતનો એ વાત પર ઈજમાઅ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના પછી સૈયદુના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અફઝલુન્નાસ (લોકોમાં શ્રેષ્ઠ) છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી, પછી બાકીના અશ્રએ મુબશ્શિરા, પછી બાકીના બદરવાળાઓ, પછી બાકીના ઓહદવાળાઓ, પછી બાકીના બયઅતે રિદ્વાનવાળાઓ, પછી બાકીના સર્વ સહાબીઓ."

*(તારીખુલ ખુલફા લિલ્ ઈમામમિ સુયૂતિ رحمۃ اللہ علیہ)*

**૨૬. અલ્લામા ઝયનુલ આબિદીન ઈબ્ને નજીમ હનફી رحمۃ اللہ علیہ (વફાત: હિ.સ. ૯૭૦)નો અકીદો :–**

اَلرَّافِضِیُّ اِنْ فَضَّلَ عَلِیًّا عَلٰی غَیْرِہٖ فَھُوَ مُبْتَدِعٌ "રાફઝી જો હઝરત અલી رضی اللہ عنہને બીજાઓ (એટલે શયખૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે."

*(અલ બહરુર્રાઈક, ૧/૬૧૧)*

**૨૭. અલ્લામા ઈબ્રાહીમ જલી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૭૦)નો અકીદો :–**

مَنْ فَضَّلَ عَلِیًّا فَحَسْبٌ فَھُوَ مِنَ الْمُبْتَدِعَۃِ "જે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને (શયખૈન : અબૂબક્ર, ઉમર) કરતાં અફઝલ બતાવે છે, તે અહલે બિદઅતમાંથી છે." *(ગુન્યતુલ મુસ્તમ્લી, પેજ–૪૪૩)*

**૨૮. ઈમામ શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૬૯)નો અકીદો :–**

اَمَّا تَخْصِیْصُ اَبِیْ بَکْرٍ فَلِاَنَّہُ الصِّدِّیْقُ الْاَکْبَرُ الَّذِیْ سَبَقَ النَّاسَ کُلَّھُمْ لِتَصْدِیْقِہٖ ﷺ وَ لَمْ یَصْدُرْ مِنْہُ غَیْرُہٗ قَطُّ

"અબૂબક્રને ખાસ કરવું એટલા માટે કે એ સિદ્દીકે અકબર છે, જેમણે સર્વ લોકોમાં પહેલ કરી આપ علیہ الصلوٰۃ والسلامને સમર્થન કરવામાં અને તેમનાથી સમર્થન સિવાય કાંઈ બહાર ન પડયું." *(નસીમુર્રિયાઝ, ૧/૧૪૨, મતબૂઆ દારુલ ફિક્ર)*

**૨૯. અલ્લામા અબ્દુર્રહમાન બિન મુહમ્મદ શયખઝાદા رحمۃ اللہ علیہ (વફાત : ૧૦૭૮ હિ.સ.)નો અકીદો :–**

اَلرَّافِضِیُّ اِنْ فَضَّلَ عَلِیًّا فَھُوَ مُبْتَدِعٌ "રાફઝી જો મૌલા અલી رضی اللہ عنہને (શયખૈન કરીમૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે."

*(મજમઉલ અન્હુર, ૧/૩, ૩૨૨, ૩૬૫)*

**30. ફખુસ્સાદાત અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ (વફાત : ૧૨૫૨)નો અકીદો :–**

اِذَاکَانَ یُفَضِّلُ عَلِیًّا اَوْ یَسُبُّ الصَّحَابَةَ فَاِنَّهٗ مُبْتَدِعٌ لَاکَافِرٌ۔ "જ્યારે કોઈ હઝરત અલીને (હઝરત અબૂબક્ર પર) ફઝીલત આપે અથવા સહાબીઓને બુરા કહે તો બિદઅતી છે ન કે કાફિર." *(રદ્દુલ મુહતાર, ૬/૨૨૧)*

**૩૧. અલ્લામા અબ્દુર્રઊફ મનાવી (વફાત : હિ.સ. ૧૦૩૧)નો અકીદો:**

اَبُوْ بَکْرٍ عَبْدُ اللّٰهِ اَمِیْرُ الشَّاکِرِیْنَ، اَفْضَلُ مَنْ طَلَعَتْ عَلَیْهِ الشَّمْسُ بَعْدَ الْاَنْبِیَاءِ وِفَاقًا مِنْ اَهْلِ السُّنَّةِ

"હઝરત અબૂબક્ર જેમનું નામ અબ્દુલ્લાહ છે તે સર્વ શુક્રગુઝાર બંદાઓના અમીર છે અને નબીઓ પછી માનવો પર સૂરજ ઉગ્યો (એટલે જે આ દુનિયામાં આવ્યા) તેમનામાંથી સૌથી અફઝલ છે. એના પર સર્વ એહલે સુન્નતનો ઈત્તેફાક છે." *(ફયઝુલ કદીર, ૧/૧૬૭)*

**૩૨. હઝરત મુજદ્દિદ અલ્ફેસાની શૈયખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૩૪)નો અકીદો :-**

ફર્માવે છે : امیر را افضل از صدیق اکبر (رضی اللہ عنہ) گوید از جرگہ اہل سنّت می برآید "જે શખ્સ હઝરત અલી رضی اللہ عنہને સિદ્દીકે અકબરથી અફઝલ કહે તે અહલે સુન્નતના ગિરોહથી નીકળી જાય છે." *(મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેસાની رحمۃ اللہ علیہ, દફતર : દોમ)*

**૩૩. શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૩૧)નો અકીદો :-**

افضلیت شیخین در ملت اسلامیہ قطعی است "ઈસ્લામી મિલ્લતમાં અફઝલિયતે શયખૈનનો મસ્અલો કતઈ છે." *(કુર્રતુલ અયનૈનિ ફી તફઝીલિશ્શયખૈન, પેજ–૨૬)*

**૩૪. મખ્દૂમ મુહમ્મદ હાશિમ ઠઠવી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૭૪)નો અકીદો :** اِنَّ الْحَقَّ اَنَّ مَسْئَلَةَ الْاَفْضَلِیَّةِ قَطْعِیَّةٌ ثَابِتَةٌ بِالتَّوَاتُرِ وَالْاِجْمَاعِ

"હક્ક એ જ છે કે મસ્અલએ તફઝીલ (અફઝલિયતનો મસ્અલો) કતઈ છે કે જે તવાતુર તથા ઈજમાઅથી સાબિત છે."

*(અત્તરીકતુલ મુહમ્મદિયા ફી હકીકતિલ્ કત્ઈ બિલ્ફદલિય્યહ, કલમી, પેજ : ૮)*

**૩૫. કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૨૫)નો અકીદો :–**

باجماع صحابہ ونصوص ثابت است کہ ابو افضل اصحاب است

"સહાબાએ કિરામની એકમતિ અને નુસૂસથી સાબિત છે કે હઝરત સૈયદુના સિદ્દીકે અકબર رضی اللہ عنہ તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી અફઝલ છે." *(માલાબુદ્દ મિન્હૂ, કિતાબુલ્ ઈમાન, પેજ : ૧૫)*

**૩૬. શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૧૨૩૯)નો અકીદો :–**

"તોહફાએ ઈષ્ના અશરિયા"માં લખે છે : 'અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદીએ પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ આ જ અકીદો શીખવ્યો કે હઝરત અલી رضی اللہ عنہ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી અફઝલ છે."

*(તોહફએ ઈષ્ના અશરિયા, પેજ–૪૧)*

**૩૭. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૪૦)નો અકીદો :–**

અહલે સુન્નત વ જમાઅત نَصَرَهُمُ اللّٰهُ تَعَالٰی નો ઈજમાઅ છે કે ફરિશ્તા રસૂલ તથા માનવ રસૂલ તથા નબીઓ صَلَوَاتُ اللّٰهِ تَعَالٰی وَتَسْلِيْمَاتُهٗ عَلَيْهِمْ ના પછી હઝરાત ખુલફાએ અરબા (ચારેવ ખલીફા) رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ ખુદાની સર્વ મખ્લૂકથી અફઝલ છે. શરૂથી અંત સુધી વિશ્વની સર્વ ઉમ્મતોમાં કોઈ શખ્સ તેમની બુઝુર્ગી તથા ઈજ્જત તથા મકામ તથા કબૂલ તથા કરામત તથા કુર્બ તથા વિલાયતને નથી પહોંચી શકતો. اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ફઝ્લ અલ્લાહ તબારક વ તઆલાના હાથમાં છે જેને ચાહે અતા કરે, અને અલ્લાહ મહાન ફઝલવાળો છે.

પછી તેમનામાં આસપાસમાં ક્રમ આ પ્રમાણે છે કે સૌથી અફઝલ સિદ્દીકે અકબર, પછી ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી صَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى سَيِّدِهِمْ وَآلِهٖ وَعَلَيْهِمْ وَبَارَكَ وَسَلَّمَ. વળી આ નેક ખાસિયતવાળા

મઝહબ પર કુર્આન આયતો તથા ખૂબ જ પ્રમાણમાં હદીષો હુઝૂર નબી કરીમ عَلَيْهِ وَعَلٰى آلِهٖ وَصَحْبِهِ الصَّلٰوةُ وَالتَّسْلِيْمُ તથા અમીરુલ મો'મિનીન મૌલા અલીયે મુર્તઝા તથા અન્ય અહલે બયતના ઈમામોના મહાન ઈર્શાદો, તથા સહાબા તેમજ તાબઈનનો ઈજમાઅ તથા ઉમ્મતના અવલિયા તેમજ ઉલમા رَضِیَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ اَجْمَعِيْنَની સ્પષ્ટતાઓથી તે ઉઘાડી દલીલો છે જેને લખાણમાં સમાવી નથી શકાતુ. *(ફતાવા રઝવિય્યહ્, ૨૮/૪૭૮, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

**૩૮. પીર સૈયદ મહેરઅલીશાહ ગોળવી** رحمۃ اللہ علیہ **(વફાત : ૧૩૫૬)નો અક્રીદો :–**

"જેથી ખિલાફત તેમની ખિલાફતે રાશિદા ઠરી જેમાં ખલીફાનું અફઝલ હોવું જરૂરી સમજવામાં આવ્યું છે." *(તસ્ફિયા મા બૈને સુન્ની વ શીઆ, પેજ–૨૩)*

**૩૯. સદરુશ્શરીઅહ અલ્લામા મુફતી અમજદ અલી આ'ઝમી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ. ૧૩૬૭)નો અક્રીદો :–**

"અંબિયા તથા રસૂલો બાદ મખ્લૂકાતે ઈલાહી માનવી તથા જિન તથા ફરિશ્તા સર્વથી અફઝલ સિદ્દીકે અકબર છે. પછી ઉમર ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین. જે શખ્સ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને સિદ્દીક્ કે ફારૂક્ رضی اللہ عنہما થી અફઝલ બતાવે તે 'ગુમરાહ બદ્મઝહબ' છે." *(બહારે શરીઅત, ૧/૨૪૬ થી ૨૪૬, મક્તબતુલ મદીના)*

**૪૦. હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી (વફાત : ૧૩૯૧ હિ.)નો અક્રીદો :–**

"અહલે સુન્નતનો અક્રીદો છે કે હઝરત સિદ્દીક્ 'અફઝલુલ ખલ્કિ બઅદલ અંબિયા' છે. તેમની અફઝલિયતે મુત્લકા કુર્આનથી સાબિત છે."

*(મિર્અતુલ મનાજીહ, ૮/૩૧૬)*

અલ્લાહના ફઝ્લો કરમથી કુર્આન તથા હદીષો તથા સહાબાના આષાર (કથનો) તથા બુઝુર્ગોને દીનના અક્વાલની રોશનીમાં એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અંબિયા તથા માનવ રસૂલો તથા રસૂલ ફરિશ્તા عَلَيْهِمُ السَّلَام અને ખાતમુન્નબીય્યીન

સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂકે ખુદા ઈન્સાન, જિન્નાત તથા ફરિશ્તાઓમાં સૌથી અફઝલ સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. આ જ અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે. આ અક઼ીદાનો મુન્કિર 'ગુમરાહ બદ્‌મઝહબ રાફઝી' છે અને અહલે સુન્નતથી ખારિજ છે.

રસૂલે અકરમ ﷺના સર્વ સહાબીઓ તથા અહલે બયત અઝમત તથા શાનવાળા છે. એમનામાંથી અમુકને એવી જુઝઈ ફઝીલતો હાંસલ છે જે એમની જ સાથે ખાસ છે, કોઈ અન્યને તે હાંસલ નથી, કેમ કે જો તે અન્યને પણ હાંસલ થાય તો વિશિષ્ટતા ન રહેશે.

સેંકડો ખાસિયતો એવી છે જે મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને મળી, તે ખૂબીઓ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ, હઝરત ઉમર رضی اللہ عنہને ન મળી. અને અમુક ખાસિયતો એવી છે જે ઉમર ફારૂક رضی اللہ عنہને મળી, અન્ય કોઈ સહાબીને નથી મળી. એ જ પ્રમાણે જે જુઝઈ ફઝીલત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہને જે મળી તે કોઈ અન્યને ન મળી.

આ સર્વ ફઝાઈલ જુઝઈય્યહ (આંશિક) છે, પણ ફઝલે મુત્લક઼ કુલ્લી જે જાતને મળ્યા તે સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની મુબારક જાત છે કે કોઈ અપવાદ વિના કોઈ પ્રકારની શર્ત વિના સેંકડો સ્પષ્ટતાઓ તેમની તફઝીલ (અફઝલિયત) પર મૌજૂદ છે.

Web.:www.barkatekhwaja.net

**સવાલ : 3**

**જે લોકો આ વિષયોને પબ્લિકમાં લાવીને વસવસા પેદા કરી રહ્યા છે તો શરીઅતની રૂએ એમની આ કાર્યપદ્ધતિ કેવી છે ?**

**:: અલ્‌જવાબુ બિઅવનિલ વહ્હાબ ::**

જે લોકો આ વિષયને લઈને પબ્લિકમાં શંકા કુશંકા તથા વસવસા પેદા કરીને વિના કારણે ફિત્ના ફસાદ ફેલાવી રહ્યા છે, તેમનો આ અમલ સખત નાજાઈઝ તથા હરામ છે. એ લોકો શૈતાનની પયરવી (અનુસરણ) કરનાર અને ગુમરાહ છે. તેમની સાથે મેલજોલ, સલામ કલામ ત્યજી દેવું શરીઅતની રૂએ લાઝિમ છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

وَاِمَّا یُنۡسِیَنَّكَ الشَّیۡطٰنُ فَلَا تَقۡعُدۡ بَعۡدَ الذِّكۡرٰی مَعَ الۡقَوۡمِ الظّٰلِمِیۡنَ ﴿۶۸﴾

''જો તમને શૈતાન ભૂલાવી દે તો પછી યાદ આવ્યા બાદ જાલિમ પાસે ન બેસો.'' *(સૂરએ અન્આમ, આ. ૬૮)*

હદીષે પાકમાં છે : اَلۡفِتۡنَةُ نَائِمَةٌ لَعَنَ اللّٰهُ مَنۡ اَیۡقَظَهَا ''ફિત્નો સૂતેલો હોય છે, તેને જગાડનારા પર અલ્લાહની લઅનત.''

*(અલ જામિઉસ્સગીર લિલ્‌સુયૂતી, ૫૯૭૫)*

હદીષે પાકમાં છે : قَالَ ﷺ : فَاِیَّا كُمۡ وَاِیَّا كُمۡ وَاِیَّاهُمۡ لَا یُضِلُّوۡنَكُمۡ وَلَا یَفۡتِنُوۡنَكُمۡ

''હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : (હે લોકો !) ગુમરાહોથી પોતે પોતાને બચાવો કે ક્યાંક તમને ગુમરાહ ન કરી દે અને તમને ફિત્નામાં નાખી દે.''

*(સહીહ મુસ્લિમ : ૭)*

અને હદીષે પાકમાં છે : قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ بَشِّرُوۡا وَلَا تُنَفِّرُوۡا ''હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, બશારત (ખુશખબરી) આપ્યા કરો, નફરત ન અપાવ્યા કરો.''

*(સહીહ બુખારી : ૬૯)*

## સવાલ : ૪

**અહલે બયતે અત્હાર અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બત તથા તા'ઝીમના મામલામાં સહીહ તથા મધ્યમમાર્ગી માન્યતા પણ સ્પષ્ટ દર્શાવી આપો જેથી વધારા કે ઘટાડા તથા ગુમરાહીથી અમો મહેફૂઝ રહી શકીએ.**

### :: અલ્‌જવાબુ બિઅવનિલ વહ્‌હાબ ::

અલ્લાહ તબારક વ તઆલાએ આ ઉમ્મતને 'ઉમ્મતે વસ્ત' (એટલે સૌથી અફઝલ અને ઘટાડા તથા વધારાથી પાક) બનાવી છે. (સૂરએ બક્રહ : ૧૪૩) બાકી ઉમ્મતોમાંથી યહૂદીઓ તથા ઈસાઈઓ છે જેઓ એકથી અધિક ખુદા માને છે અથવા નાસ્તિકો જેઓ ખુદાના વજૂદના મુન્કિર છે. તેઓમાં મુસલમાન મધ્યમમાર્ગી છે જેઓ ખુદાના અસ્તિત્વની સાથોસાથ એક ખુદાને માનનારા છે. અને હિંદુ નબુવ્વતને માનનારા નથી અને ક્દયાની ક્યામત સુધી નબુવ્વતને ચાલુ માને છે અને મુસલમાન નબુવ્વતને માનનારા છે અને સૈયદના મુહમ્મદ ﷺ પર નબુવ્વતને ખત્મ માને છે. એ જ પ્રમાણે ઈસ્લામના ફિર્કાઓમાં અહલે સુન્નત વ જમાઅત મધ્યમમાર્ગી છે. કેમ કે રાફઝી સહાબાએ કિરામને બુરુભલુ કહે છે તથા તબર્રા કરે છે, નાસબી અને ખારજી અહલે બયતે એઝામ અને સહાબાએ કિરામથી અદાવત રાખે છે. અને અહલે સુન્નત વ જમાઅત બંનેવ ગિરોહની પવિત્ર હસ્તીઓની તા'ઝીમ તથા ઈજ્જત અને તેમનાથી મહોબ્બત કરે છે, જેથી દુનિયાના સર્વ ધર્મોમાં ઈસ્લામ મધ્યમમાર્ગી છે અને ઈસ્લામના સર્વ ફિર્કાઓમાં અહલે સુન્નત વ જમાઅત મધ્યમમાર્ગી છે. અને મધ્યમમાર્ગી હોવું એ અફઝલ હોવાનું લાઝિમ ઠરાવે છે.

સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામ બંનેવની તા'ઝીમ તથા ઈજ્જત કરવું અનિવાર્ય છે. બંનેવ સાથે મહોબ્બત રાખવામાં આવે અને બંનેવ સાથે સંબંધિત રહેવામાં આવે. અને એ બંનેવમાંથી કોઈ એકની સાથે કીનો તથા અદાવત ગુમરાહી, બેઅદબી અને જહન્નમની આગના હક્કદાર થવું છે.

આ કેવળ એહલે સુન્નત વ જમાઅતની વિશિષ્ટતા છે કે તે સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામ બંનેવથી અકીદત રાખે છે, તેનાથી ઉલ્ટુ રાફઝી અહલે બયતથી મહોબ્બત તો રાખે છે, બલ્કે એમાં હદ ઉપરાંત અતિશયોક્તિ કરે છે, પરંતુ સહાબાએ કિરામ પર તબર્રા કરે છે અને તેમની સાથે કીનો રાખે છે. અને નાસબી સહાબાએ કિરામની તા'ઝીમ તથા ઈજ્જત કરે છે અને અહલે બયતની બુરાઈ કરે છે. અને ખારજી સહાબા તથા અહલે બયત બંનેવની બુરાઈ કરે છે. એ નાદાનોએ એ ન સમજ્યું કે અસલ તો રસૂલે પાક صلی اللہ علیہ وسلمની નિસ્બત છે અને આ નિસ્બત જેવી રીતે અહલે બયતે અત્હાર رضی اللہ عنہم اجمعینને છે તેવી જ રીતે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને પણ હાંસલ છે.

આપણા એક કિનારા પર દુનિયા છે બીજા કિનારા પર આખેરત છે અને દરમ્યાનમાં અંધાર્યો સમુદ્ર છે અને અંધારી રાતમાં માણસે સલામતીની સાથે બીજા કિનારે પહોંચવું હોય તો તેની સાથે સહી સલામત નાવડી પણ હોવી જોઈએ અને તેની નજર તારાઓ પર હોવી જોઈએ, કે જેથી અંધારામાં તેને તારાઓનું માર્ગદર્શન હાંસલ થાય. બંનેવમાંથી એક ચીજ પણ હાંસલ ન હોય તો તે સલામતી સાથે બીજા કિનારે નથી પહોંચી શકતો. એ જ પ્રમાણે એવું સમજો કે અત્યારે આપણે શરીઅતના હુકમોના સમુદ્રમાં સફર કરી રહ્યા છીએ અને શૈતાન તથા નફ્સે અમ્મારાની મોજો આપણી સાથે ટકરાઈ રહી છે અને તેમની તોફાની લહેરોના સપાટા આપણને સલામતીના કિનારાથી દૂર રાખવાની પૂરી કોશિશ કરી રહ્યા છે. એવામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ આપણી આખેરતની સફરની સહૂલત તથા આસાનીના માટે આપણને અહલે બયતે અત્હારથી મહોબ્બત તથા લગાવની કશ્તી (નાવ) પૂરી પાડી છે અને ગુનાહોના અંધારાંઓમાં માર્ગદર્શન માટે સહાબાએ કિરામને તારા ઠરાવીને તેમની હિદાયતની રોશની પૂરી પાડી છે.

જેથી અહલે સુન્નત વ જમાઅતની નિશાની એ રહી છે કે તે ખુલફાએ રાશિદીન, અશરએ મુબશ્શિરા, સર્વ અહલે બયતે અત્હાર, ઉમ્મહાતુલ મો'મિનીન તથા સર્વ સહાબાએ કિરામને આદિલ માને છે અને એ સર્વથી મહોબ્બત કરે છે. તે સૌની તા'ઝીમ કરે છે અને તેમની તારીફ તથા વખાણ કરે છે. કોઈ એકની

પ્રશંસા અથવા તેની ફઝીલત વર્ણન કરવાનો હરગિઝ હરગિઝ એ અર્થ નથી થતો કે બીજાની ટીકા મુરાદ હોય. પરંતુ સાવધાનીનું પાસુ એ છે કે એક સહાબીની પ્રશંસાની સાથે બાકીના સર્વ અન્ય સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામની પણ તારીફ કરવામાં આવે. બુઝુર્ગોની તા'ઝીમના બારામાં અહલે સુન્નત વ જમાઅતની નિશાની આ જ છે. અમુક લોકો મહોબ્બત તથા મન્કબતથી સંબંધિત હદીષોમાંથી કોઈ એકની સાથે લગાવ રાખે છે અને બીજા પ્રતિ ધ્યાન ન ધરવાનો રવૈયો અપનાવીને વક્ર દષ્ટિવાળા લોકોને ગુમરાહ કરે છે અથવા અતિશયોક્તિમાં વધારા કે ઘટાડાની તરફ લઈ જાય છે. કુર્આને કરીમની રૂએ તમામ અંબિયાએ કિરામ علیہم السلام ની મહોબ્બત તથા તા'ઝીમ લાઝિમ છે, પરંતું ખુદ અંબિયાએ કિરામ علیہم السلام ના દરમિયાન તફઝીલે દરજાત (દરજાઓમાં અફઝલપણા)નો ફરક કુર્આનની રોશનીમાં સ્પષ્ટ છે, તેમ છતાં કોઈની પણ ટીકા કે તૌહીનની કદાપિ કોઈ ગુંજાઈઝ નથી. બલ્કે આ જ પ્રમાણે સહાબાએ કિરામના દરમિયાન પણ દરજાઓ તથા મર્તબાઓનો ફરક મૌજૂદ છે, પરંતું કોઈની ટીકા ટીપ્પણ કે બેઅદબીની ઈજાઝત નથી.

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین માં 'અફઝિલયતે મુત્લકા' ખિલાફતના ક્રમના પ્રમાણે હઝરત અબૂબક્ર, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને હાંસલ છે. અલ્બત્ત વિવિધ ક્ષેત્રો તથા પાસાંઓથી અલ્લાહ તઆલાએ વિવિધ સહાબાએ કિરામને વિશિષ્ટતા તથા ફઝીલતથી નવાઝયા છે. અને તે ખૂબીઓ તથા વિશિષ્ટતાઓમાં અમીરુલ મો'મિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ની શાન સૌથી વિશિષ્ટ છે, અને એનો ન્યાયપ્રિય મિજાઝવાળા, ઈલ્મવાળા તથા દષ્ટિવાનને ઈન્કાર ન હોવો જોઈએ.

''અફઝલિયતે મુત્લકા''થી મુરાદ એ છે કે કોઈ ઈમાનવાળાને સવાલ કરવામાં આવે કે તમામ સહાબાએ કિરામમાં અફઝલ કોણ છે ? તો તેનો જવાબ હશે : હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ. પરંતું એને પોઝિટિવ અર્થમાં લેવામાં આવે, નકારાત્મક અર્થમાં ન લેવામાં આવે. તો ''અફઝલિયતે મુત્લકા'' અને ''અફઝલિયતે મિન કુલ્લિલ વજૂહ'' સમાનઅર્થી નથી.

અન્ય વિવિધ સહાબીઓના વિવિધ ફઝાઈલ આવેલા છે અને અહલે બયતના મુસ્તકિલ ફઝાઈલ આવેલા છે. અને એમની સાથે મહોબ્બત ઈમાનની નિશાની છે અને અહલે બયત પણ સહાબાએ કિરામમાં જ દાખલ છે. અને સામાન્ય સહાબીઓના દરજાના ક્રમમાં સૌ પ્રથમ ચારેવ ખુલફાએ રાશિદીન ક્રમસર આવે છે, પછી અશ્રએ મુબશ્શિરા (દસ તે સહાબીઓ જેમને દુનિયામાં જ હુઝૂરે જન્નતી દર્શાવ્યા), પછી બદરના સહાબીઓ (જે જંગે બદરમાં હતા), ત્યાર બાદ ઓહદના સહાબીઓ (જે જંગે ઓહદમાં હતા), અને પછી બયઅતે રિદ્વાનમાં જેઓ શરીક હતા અને ત્યાર બાદ ફતહે મક્કામાં સામેલ અને ત્યાર બાદ મુસલમાન થનારા સહાબાએ કિરામની ગણના થાય છે. અને સૌની સાથે અલ્લાહ તઆલાએ અચ્છાઈ (જન્નત)નો ઈરાદો કર્યો છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સામાન્ય ફઝાઈલ તથા ક્રમસર સર્વ દરજાઓમાં જે અહલે બયત સામેલ છે તે ફઝાઈલ તેમના પણ છે.

## કુર્આન તથા સુન્નતની સ્પષ્ટતાઓ પ્રમાણે સહાબીઓના બારામાં અહલે સુન્નતનો અકીદો

અહલે સુન્નત વ જમાઅતનો અકીદો છે કે સહાબાએ કિરામ અંબિયાએ કિરામ પછી કયામત કાયમ થતા સુધી પૃથ્વીના પટ પરથી સૌથી અધિક મુત્તકી (ખુદાથી ડરનારી), સાલેહ તથા અફઝલ જમાઅત છે. તેમની પ્રશંસા તથા વખાણમાં ડઝનબંધી કુર્આની આયતો તથા સેંકડો હદીષો નકલ થયેલ છે. જો તેમની ફઝીલત તથા પ્રશંસા અને અદાલતની ખૂબીમાં એક પણ આયત કે હદીષ મૌજૂદ ન હોત અને કુર્આન તથા હદીષ તેમની તારીફથી ખાલી હોત તો પણ બુદ્ધિના તકાઝા હેઠળ સહાબાએ કિરામની ઈજ્જત કરવું અને તેમની શાનમાં ગુસ્તાખીથી બચવું અને તેમનું અનુસરણ કરવું લાઝિમ થાત. કેમ કે તે રસૂલુલ્લાહ ﷺના સાથી હતા અને ખુદ હુઝૂર ﷺ તેમની સફાઈ કરતા હતા અને તેમને તા'લીમ આપતા હતા. પણ અહીં ન કેવળ એ કે ખામોશી નથી બલ્કે કુર્આન તથા હદીષો બંનેવ અતિશય ખૂબ સૂરત અંદાઝમાં ઠેક ઠેકાણે એમની તારીફમાં



Web: www.barkatekhwaja.net

બોલે છે. જેને પઢીને માણસ ઝુમી ઉઠે. તેમના માટે જન્નતની બશારત સંભળાવી રહ્યા છે. તેમના ઈમાનને કયામત સુધી આવનારા મુસલમાનોના માટે અનુસરવાને પાત્ર બનાવવામાં આવી રહ્યું છે. અને રબ તઆલાનો હુકમ થાય છે : آمِنُوْا كَمَآ آمَنَ النَّاسُ "જે પ્રમાણે સહાબીઓનું ઈમાન છે એ પ્રમાણે ઈમાન લાવો." તેમની સાથે મહોબ્બત કરવાનો હુકમ આપવામાં આવી રહ્યો છે. અને અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં સાફ સાફ એલાન કરી રહ્યો છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ "અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી." આવી સ્થિતિમાં સહાબીઓ તથા અહલે બયતની વિરુદ્ધ નફરત તથા અદાવતને પ્રદર્શિત કરવું અને વઅઝ તથા લખાણો થકી મુસ્લિમ પબ્લિકને તેમનાથી નફરત તથા અદાવતની તા'લીમ આપવું અત્યંત આશ્ચર્યનું તથા ઈમાનસોઝ કામ છે. સહાબીઓ તથા અહલે બયતની વિરુદ્ધ અદાવત તથા નફરત પર આધારિત આવી વિચાર શ્રેણી રાખવી અને તેનો પ્રચાર કરવો કોઈ મોટી આઝમાઈશ તથા મુસીબત એટલે સ્પષ્ટ કુફ્રની પૂર્વ ભૂમિકા બની શકે છે.

અહલે સુન્નત વ જમાઅતનો અકીદો કુર્આની આયત :

رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ، كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى "એટલે સહાબીઓ તકવા તથા વિશ્વાસપૂર્ણતાના ઉચ્ચ મકામ પર બિરાજમાન છે.

સહાબીઓ યકીનન માસૂમ અનિલ્ ખતા (ખતાથી માસૂમ) નથી પણ તેઓ બાકી અલલ્ ખતા (ખતા પર બાકી) પણ નથી એટલે મેહફૂઝ અનિલ ખતા (ખતાથી મહફૂઝ છે. તેમના થકી જો બશરી (માનવી હોવાના) તકાઝા હેઠળ કોઈ ખતા થઈ પણ તો તેઓ અલ્લાહની હુઝૂરમાં તુરંત જ તૌબા કરીને પોતાને પાક સાફ પણ કરતા રહ્યા છે. જાહેર છે કે તૌબા પછી ઈન્સાન ખતાથી પાક થઈ જાય છે. اَلتَّآئِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لَّا ذَنْبَ لَهٗ તેમના બાકી અલલ ખતા (ખતા પર બાકી) ન હોવાની કુર્આની આયતથી દલીલ અન્ય વિવિધ દલીલો ઉપરાંત કુર્આને કરીમનું આ એલાન છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ "અલ્લાહ એમનાથી રાજી તેઓ અલ્લાહથી રાજી."

જાહેર છે કે અલ્લાહ તઆલાએ સહાબીઓથી પોતાની રઝામંદી તથા ખુશ હોવાની જાહેરાત ભૂતકાળવાચક રીતે કરી જે યકીની હોવાનુ તથા તાકીદી હોવાનું દર્શાવે છે. અલ્લાહ તઆલાના ઈલ્મમાં નુઝૂલે કુર્આનની પૂર્ણતા બાદ ઉષ્માન ગની رضی اللہ عنہના કાતિલોથી કેસાસ લેવાના મામલામાં સહાબાએ કિરામના દરમિયાન ઉપસ્થિત થનારા મતભેદો, હઝરત મુઆવિયહનું હઝરત અલીના હાથ પર બયઅતનું ઈન્કાર કરવું, હઝરત અલી તથા હઝરત મુઆવિયહનું અન્ય સહાબીઓ સાથે હઝરત ઉષ્માનના કેસાસના મામલામાં લડાઈ લડવું અને હઝરત મુઆવિયહનું યઝીદને વલી અહદ (અનુગામી) બનાવવું આ સર્વ કાંઈ હતું. એમાંની કોઈ પણ ચીજ અલ્લાહ તઆલાના ઈલ્મથી બહાર કદાપિ ન હતી. પણ એ સર્વ કાંઈ હોવા છતાં રબનું એલાન "وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى"، "رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ" હોવાનો મતલબ એના સિવાય કોઈ નથી કે સહાબીઓ ભલે ખતાથી માસૂમ નથી પણ તેમના તરફથી બાકી અલલ ખતા (ખતા પર બાકી) પણ ન રહેશે, જેથી હું એમનાથી રાજી છું અને એનું એલાન પણ કરી રહ્યો છું જેથી અન્ય મુસલમાન પણ તેમનાથી રાજી રહે, તેમના વિરૂધ્ધ દિલમાં કીનો ન રાખે. અલ્લાહ તઆલાના તરફથી આ વાતને બતાવવા માટે وَرَضُوْا عَنْهُ વધારવાની જાહેરી રીતે જોતાં જરૂરત ન હતી, પણ આ વધારીને અલ્લાહ તઆલાની નજીક સહાબીઓ ઘણા જ અધિક લાડલા તથા પ્યારા હોવાને પુખ્તા રીતે જાહેર કરવામાં આવ્યુ. તો હવે કોઈ મુસલમાન માટે ક્યાં અવકાશ રહ્યો કે તે કોઈ સહાબી સાથે અદાવત તથા નફરત કરે અને તેમને ટીકાનું નિશાન બનાવે ? જેથી અહલે સુન્નત વ જમાઅતની નજીક સહાબાના આપસના વિવાદો ઝઘડાઓમાં પડવું અને સહાબીઓ તથા અહલે બયતમાંથી કોઈ એક હસ્તીને પણ ટીકાનું નિશાન બનાવવું હરામ છે અને એવું કરનાર બદ બાતિન, ગુમરાહ તથા બદદીન છે. કુર્બાન જાવ રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمની ફસાહત તથા બલાગત (ઉમદા વાણી) પર ! વાક્યના શરૂમાં કોઈ ફેઅલ ન વાપરવામાં આવ્યો અને ઈસ્મે જલાલતને વારંવાર દોહરાવીને કરીને કેટલા તાકીદી અંદાઝમાં બયાન કર્યું : "મારા સહાબીઓના બારામાં અલ્લાહથી ડરો !

તેમની શાનમાં કોઈ ગુસ્તાખી ન થાય, કોઈ અયોગ્ય શબ્દો જીભેથી ન નીકળે. અને મારા વિસાલ બાદ એમને નિશાન ન બનાવશો." તેમજ રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતના માટે સહાબીઓ જેમનામાં હઝરત મુઆવિયહ પણ સામેલ છે, એમનાથી મહોબ્બતને શર્ત ઠરાવી દેવામાં આવી અને સહાબીઓ જેમનામાં હઝરત મુઆવિયહ પણ સામેલ છે, તેમનાથી અદાવત તથા નફરતને ખુદા વ રસૂલથી અદાવત તથા નફરત ઠરાવી દેવામાં આવી અને ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં અલ્લાહના રસૂલ ﷺએ આ વાતો વર્ણવી.

ખુલફાએ રાશિદીન તથા અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ أَجْمَعِيْنَથી અદાવત મુનાફિકત છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "અબૂ બક્ર તથા ઉમરની મહોબ્બત ઈમાનની નિશાની છે અને તેમનાથી અદાવત કુફ્રની નિશાની છે." *(ફઝાઈલે સહાબા, પેજ–૪૮૭)*

તેમજ અન્સાર સહાબીઓ વિશે ફર્માવ્યું : "અન્સાર સહાબાએ કિરામની મહોબ્બત ઈમાનની નિશાની છે અને તેમની અદાવત મુનાફિકતની નિશાની છે."

*(સહીહ બુખારી : ૧૭, સહીહ મુસ્લિમ : ૨૩૫)*

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી રિવાયત કરે છે કે :–

اَللّٰهَ اَللّٰهَ فِیْ أَصْحَابِیْ، اَللّٰهَ اَللّٰهَ فِیْ أَصْحَابِیْ، لَا تَتَّخِذُوْهُمْ غَرَضًا بَعْدِیْ، فَمَنْ أَحَبَّهُمْ فَبِحُبِّیْ أَحَبَّهُمْ، وَ مَنْ أَبْغَضَهُمْ فَبِبُغْضِیْ، وَ مَنْ آذَاهُمْ فَقَدْ آذَانِیْ، وَ مَنْ آذَانِیْ فَقَدْ آذَی اللّٰهَ، وَ مَنْ آذَی اللّٰهَ فَيُوْشِكُ أَنْ يَأْخُذَهٗ

"(આપ ﷺએ ચાર વાર ફર્માવ્યું :) મારા સહાબીઓના બારામાં અલ્લાહથી ડરો ! મારા બાદ તેમને નિશાનો ન બનાવતા કે જે એમને દોસ્ત રાખે છે તે મારી મહોબ્બતના કારણે દોસ્ત રાખે છે અને જે એમનાથી અદાવત રાખે છે તે મારી સાથે અદાવત રાખવાના કારણે અદાવત રાખે છે. અને જેમણે એમને ઈજા આપી તેમણે મને ઈજા આપી અને જેમણે મને ઈજા આપી તેમણે વિના શંકાએ અલ્લાહને ઈજા આપી, અને જેણે અલ્લાહને ઈજા આપી તો નજીક છે કે અલ્લાહ તેને પકડશે." *(તિર્મિઝી, ૩૮૬૨)*

સહાબાએ કિરામથી આપણને મહોબ્બત છે, કેમ કે આપ ﷺએ તેમને ઉમ્મતે મુસ્લિમાના અમ્ન તથા ચૈનનો સબબ ઠરાવેલ છે.

જેમ કે ફર્માવે છે :

اَلنُّجُوْمُ أَمَنَةٌ لِسَّمَآءِ فَإِذَا ذَهَبَتِ النُّجُوْمُ أَتَى السَّمَآءِ مَا تُوْعَدُ، وَأَنَا أَمَنَةٌ لِاَصْحَابِى، فَإِذَا ذَهَبْتُ أَتَى أَصْحَابِى مَا يُوعَدُوْنَ وَأَصْحَابِىْ أَمَنَةٌ لِاُمَّتِى

"તારાઓ આસ્માનના માટે અમાન છે. જ્યારે તારાઓનું નીકળવું બંધ થઈ જશે તો પછી આસ્માન પર તે આવશે જેને વાયદો કરવામાં આવ્યો છે. હું મારા સહાબીઓના માટે અમાન છું અને જ્યારે હું ચાલ્યો જઈશ તો મારા સહાબીઓ પર તે આવશે જેનો વાયદો કરવામાં આવ્યો. મારા સહાબીઓ મારી ઉમ્મતના માટે અમાન છે." *(મુસ્લિમ, ૨૫૩૧)*

સૈયદના મૂસા અલી તથા અન્ય અહલે બયતે અત્હાર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની અદાવત પણ મુનાફિકત છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું : અલીથી કેવળ મોમિન જ મહોબ્બત કરશે અને કેવળ મુનાફિક જ તેમની સાથે અદાવત રાખશે. *(સહીહ મુસ્લિમ, ૨૪૦)*

અને તિર્મિઝીમાં છે : "મારી મહોબ્બતનો તકાઝો છે કે મારા અહલે બયત સાથે મહોબ્બત કરો." *(તિર્મિઝી : ૩૭૮૯)*

એક અન્ય રિવાયતમાં છે : "અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા અલીની મહોબ્બત અલ્લાહે તમારા પર લાઝિમ કરી દીધી છે."

*(તબકાતુલ હનાબિલા, ૧/૮૨)*

અલ્લામા ઈબ્ને હજર હયતમી લખે છે : નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَدِّبُوْا اَوْلَادَكُمْ عَلٰى ثَلَاثِ خِصَالٍ : حُبِّ نَبِيِّكُمْ وَحُبِّ اَهْلِ بَيْتِهٖ وَقِرَاءَةِ الْقُرْاٰنِ "તમારાં બાળકોને ત્રણ ચીજો શીખવાડો : તમારા નબીની મહોબ્બત અને અહલે બયતની મહોબ્બત અને કુર્આને પાકને પઢવાનું."

*(અસ્સવાઈકુલ મુહરિકા, પેજ–૧૭૨)*

عَن أَبِيْ ذَرٍّ أَنَّهُ قَالَ وَهُوَ آخِذٌ بِبَابِ الْكَعْبَةِ : سَمِعْتُ النَّبِيَّ ﷺ يَقُوْلُ : أَلَا ! إِنَّ مَثَلَ أَهْلِ بَيْتِيْ فِيْكُمْ مَثَلُ سَفِيْنَةِ نُوْحٍ، مَنْ رَكِبَهَا نَجَا وَمَنْ تَخَلَّفَ عَنْهَا هَلَكَ، رَوَاهُ أَحْمَدُ

''હઝરત અબૂ ઝરથી રિવાયત છે. તેમણે કાબાનો દરવાજો પકડીને ફર્માવ્યું, મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યું, સાવધાન થઈ જાવ ! કે તમારામાં મારા અહલે બયતનું દષ્ટાંત જનાબ નૂહની કશ્તીની જેમ છે, જે એમાં સવાર થઈ ગયો તે નજાત પામી ગયો અને જે એનાથી પાછળ રહી ગયો તે હલાક (બર્બાદ) થઈ ગયો.'' *(મિશ્કાતુલ મસાબીહ : ૬૧૮૩)*

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નતનો બેડો પાર છે કે એ અહલે બયત તથા સહાબા બંનેવના કદમથી સંબંધિત છે. ખારજી તથા નવાસિબની પાસે કશ્તી નથી અને રાફઝીઓની નજર એ તારાઓ પર નથી. એઓ બંનેવ આ સમંદરથી પાર નથી લાગી શકતા.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ હદીષની તર્જુમાની કરતાં ફર્માવ્યું :

*અહલે સુન્નતકા હૈ બેળા પાર, અસ્હાબે હુઝૂર*
*નજ્મ હૈં ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ કી*

જેથી એવો શખ્સ જે હઝરત અલી رضی اللہ عنہ તથા અહલે બયતે અત્હાર અથવા કોઈ પણ સહાબીયે રસૂલ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَથી અદાવત રાખે તે ગુમરાહ તથા બદદીન છે. સહાબીઓના આપસના ટકરાવના સંબંધે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં કાદરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''હઝરત મુર્તઝવી (અમીરુલ મો'મિનીન સૈયદના અલીયે મુર્તઝા) સાથે જેમણે વિવાદ તથા ટકરાવ કર્યા અને આ હક્ક મઆબ સાહિબુર્રાયની રાયથી અલગ થયા અને એ મતભેદના કારણે તેમના વચ્ચે જે બનાવ ઉપસ્થિત થયા કે એકબીજાના મુકાબલામાં આવ્યા. દા.ત. જંગે જુમલમાં હઝરત તલ્હા તથા ઝુબૈર તથા સિદ્દીકા આઈશા, અને જંગે સિફફીનમાં હઝરત અમીર મુઆવિયહ, મૌલા અલી رضی اللہ عنہના મુકાબલામાં. رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ આપણે અહલે સુન્નત

એમાં હક્કની તરફ મૌલા અલીને (માનીએ છીએ) અને તેઓ સૌને (લગઝિશ કરનારા) ગલતી તથા ખતા પર માનીએ છીએ. અને હઝરત શેરે ખુદાને તેમના કરતાં અનેક ગણા અકમલ તથા આ'લા જાણીએ છીએ. પણ આ બધા છતાં મજકૂર હદીષના લેહાઝથી (કે જે આ હઝરાતની પ્રશંસા તથા ફઝાઈલમાં આવેલી છે) એ બીજા હઝરાત માટે મહેણા ટોણા માટે જીભને નથી ખોલતા અને તેમને તેમના મર્તબાઓ પર જે એમના માટે શરીઅતમાં સાબિત છે રાખીએ છીએ. કોઈના પર કોઈને પોતાની નફસની ઈચ્છાથી ફઝીલત નથી આપતા અને તેમના આપસી વિવાદોમાં દખલઅંદાઝીને હરામ જાણીએ છીએ. અને તેમના મતભેદોને અબૂ હનીફા તથા શાફઈ જેવા મતભેદ સમજીએ છીએ. જેથી આપણે અહલે સુન્નતની નજીક એમનામાંથી કોઈ અદના સહાબી પર પણ ટીકા ટીપ્પણ જાઈઝ નથી તો કઈ રીતે થઈ શકે કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા તૈયબા તાહિરા رضی اللہ عنہا અને ઝુબેર તથા તલ્હા, તેમનાથીય અફઝલ કે અશરાએ મુબશ્શિરામાંથી છે તે (એટલે ઝુબૈર બિન અવામ) રસૂલુલ્લાહ ﷺના ફોઈના પુત્ર અને હવારી (જાંબાઝ, સપોર્ટર તથા સહાયક) અને એ (એટલે તલ્હા) રસૂલુલ્લાહ ﷺના ચહેરાએ અન્વર માટે ઢાલ, જાંનિષારીના સમયે (જાણે એક જાંનિષાર, નીડર સિપાહી તથા સરફરોશ રક્ષક) રક્ષક રહ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ તો એમનો દરજો એ સૌના પછી છે. અને હઝરત મૌલા અલી (મુર્તઝા کرم اللہ وجہہ الکریم)ના ઉચ્ચ મકામ (ઉચ્ચ મર્તબા) તથા અઝવાળી શાન તથા આ'લા મંઝિલત સુધી તો એમનાથી તે દૂર દરાઝ મંઝિલો છે જે હજારો હજાર એવા વિશાળ પહોળા કદવાળા ઘોડાઓ જાણે વીજળી ચમકે, હવાથી વાતો કરનારા તેજ ગતિવાળા થાકી જાય અને અંતર ન કાપી શકે. (એવો મહાન તેમનો એટલે હઝરત અલીનો મર્તબો છે.)

પણ સોહબતનો ફઝ્લ (તથા સહાબિયતનો શરફ–બુઝુગી તથા ફઝ્લ) તથા શરફે સયાદત ખુદાઈ દૈન છે જેનાથી મુસલમાન આંખ બંધ નથી કરી શકતા, તો એમના પર લઅન તઅન (ભલુ બુરુ કહેવું) અથવા તેમની તૌહીન તથા ટીકા કેવી રીતે માન્ય રાખીએ, અને કેવી રીતે સમજી લઈએ કે મૌલા અલીના મુકાબલામાં તેમણે જે કાંઈ કર્યું તે નફસાનિયતના કારણે હતું. ઈમાનવાળા

મુસલમાનના ખ્વાબો ખયાલમાં પણ એ વાત નથી આવી શકતી. અહલે સુન્નત મુસલમાનો પોતાનું ઈમાન તાજુ કરી લે અને સાંભળી લે કે જો સહાબાએ કિરામના દિલોમાં ખોટ, નિય્યતોમાં ખામી અને મામલાઓમાં ફિત્ના ફસાદ હોય તો رَضِیَ اللّٰہُ عَنْہُمْ નો કોઈ અર્થ જ નથી બાકી રહેતો.

સહાબાએ કિરામ અલ્લાહની નજીક પસંદીદા હોવાનો અર્થ એ જ તો છે કે મૌલા કરીમ તેમના જાહેર તથા બાતિનથી (અંતરથી) રાજી છે, તેમની નિય્યતો તથા દિમાગના વિચારથી ખુશ છે અને તેમના અખ્લાક઼ તથા અમલો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં પસંદીદા છે. એટલા માટે ઈર્શાદ ફર્માવ્યો કે : وَلٰکِنَّ اللّٰہَ حَبَّبَ اِلَیْکُمُ الْاِیْمَانَ وَزَیَّنَہٗ فِیْ قُلُوْبِکُمْ. الْاٰیۃ "અલ્લાહ તઆલાએ તમને ઈમાન પ્યારુ કરી આપ્યું છે અને તેને તમારા દિલોમાં સજાવી દીધું છે, અને કુફ્ર તથા હુકમની અવગણના અને નાફર્માની તમને નાપસંદ કરી દીધી છે." હવે જે કોઈ આની વિરૂધ્ધ કહે તે પોતાનુ ઈમાન ખરાબ કરે અને પોતાની આખેરત બર્બાદ કરે. વલ્અયાઝુબિલ્લાહ !

*(ટૂંકાવીને : ફતાવા રઝવિય્યહ, ૨૯/૩૭૫ થી ૩૮૦, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

Web.:www.barkatekhwaja.net

**સવાલ : ૫**

**આજકાલ ઘણા બધા નામ માત્રના પીર પોતાના ખાનદાન તથા નસબનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. સવાલ એ છે કે ઈલ્મ તથા તક્વાના સ્થાને પોતે સૈયદ હોવાને પાયો બનાવવો અને ''ઈમામુસ્સાદાત'' તથા ''ફખ્રુસ્સાદાત'' જેવા લક્બોનો પ્રચાર તથા પ્રસાર કરવો અને ઈલ્મી કક્ષા સ્થાપિત કરવાને બદલે ખાનદાની પ્રતિષ્ઠાઓને આધાર બનાવવું શરઅન કેવું છે ? અને આ રીતની હરકતોથી જે લોકો ઈલ્મ તથા ચિંતનને બદલે નસબ, ખાનદાન અને અમુક ખાસ નારાઓને અહલે સુન્નતની પહેચાન બનાવવાનું ઈચ્છી રહ્યા છે, એવા લોકોના વિશે શરીઅતની તાલીમાત શું છે ? બૈયનૂ તૂજરૂ.**

જવાબથી પહેલાં થોડીક પ્રસ્તાવના રજૂ કરીએ છીએ.

ગર્વ કરવો કે જેનાથી હક્કની દાવત આપનારાઓને નીચા પાડવાનો હેતુ હોય, ચાહે તે ઈલ્મ પર હોય કે નસબ પર, માલ પર હોય કે કમાલ પર, મુત્લક્ન (કોઈ રીતે પણ) જાઈઝ નથી. અને ખાસ કરીને આલે રસૂલના માટે તો ઔર અધિક બુરુ છે કે તેમના નાના જાન જે કોનો મકાંના સર્જનના સબબ છે, શબે અસ્રાના દુલ્હા હઝરત મુહમ્મદ મુસ્તફા عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء તો ફર્માવે છે :

أَنَا سَيِّدُ وَلَدِ آدَمَ يَوْمَ الْقِيَامَةِ وَ لَا فَخْرِ وَ بِيَدِي لِوَاءُ الْحَمْدِ وَ لَا فَخْرَ. وَ مَا مِنْ نَبِيٍّ يَوْمَئِذٍ آدَمُ فَمَنْ سِوَاهُ إِلَّا تَحْتَ لِوَائِي. وَأَنَا أَوَّلُ مَنْ تَنْشَقُّ عَنْهُ الْأَرْضُ وَلَا فَخْرَ

''હું કયામતના દિવસે આદમની ઔલાદનો સરદાર છું પણ ફખ્ર નથી. લિવાઉલ હમ્દનો ઝંડો ઉઠાવનાર છું અને ફખ્ર નથી. સર્વ નબીઓ હઝરત આદમ અને જે એમના સિવાય છે સૌ મારા ઝંડા હેઠળ હશે અને હું જ સૌથી પ્રથમ જમીનથી ઉઠનારો છું છતાં કાંઈ ફખ્ર નથી.'' *(જામિઉત્તિર્મિઝી, અબ્વાબુલ મનાકિબ, બાબુ ફઝ્લુન્નબી ﷺ, હદીષ : ૩૬૨૪)* તો જે સર્વ કાંઈ છે, બલ્કે જેમનાથી સર્વ કાંઈ છે તે કોઈ બાબત પર ફખ્ર ન કરે, અને તેમની આલે પાક જે (તેમની નિસ્બતના વિના કાંઈ ન હોય અને તેમના નામ તથા નિસ્બત વિના) ન કાંઈ રહે,

તે અકડાઈને ચાલે ! حَاشَا وَكَلَّا وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰه !

દીને મતીનમાં નસબની શરાફતને જુઝવી ફઝીલત હાંસલ છે જેની અસર અમુક દુનિયવી હુકમો, જેમ કે કફાઅત (કુફૂનો મસ્અલો) અને તાઝીમ તથા તકરીમમાં અગ્રતા આપવી વગેરે અને અમુક આખેરતના ફાયદાઓમાં જાહેર છે.

كَمَا حَقَّقَهُ الْاِمَامُ اَحْمَد رضا خان رَحِمَهُ اللّٰهُ تَعَالٰى فِى الْفَتَاوٰى الرَّضَوِيَّةِ અને આ (જુઝવી ફઝીલત) પણ દીનથી બગાવત ન હોવાની શર્ત પર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : يٰنُوْحُ اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ ۚ اِنَّهٗ عَمَلٌ غَيْرُ صَالِحٍ ۖ "હે નૂહ ! એ તારા ઘરવાળાઓ (અહલે બયત)માંથી નથી. બેશક ! તેના કામ ઘણા નાલાયક છે."

(સૂ. હૂદ–૪૬)

અને ઉમ્મતના અસ્લાફ તથા અખ્લાફ (પૂર્વજ તથા પાછલા બુઝુર્ગો)નો યઝીદ તથા ઈબ્ને સઅદના વિશે ગૈર તાઝીમી રવૈયો રહ્યો, જ્યારે કે તેઓ સાલેહોની આલ હતા. એ જ પ્રમાણે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી જેવા અદબ કેળવનારા અને સાદાતોના ચાહકનું ઈસ્માઈલ દહેલ્વીની બાબતે સખત લહેજો અપનાવવું પણ આપણા મૌકૂફ (કે નસબી શરાફતની જુઝવી ફઝીલત દીનથી બગાવત ન હોવાની શર્ત પર આધારિત છે)નો સમર્થક છે. જ્યારે દીનમાં સનદની હૈષિયત નસબી પ્રતિષ્ઠા પર આધારિત નથી. જો હોત તો હાબિલ તથા કાબિલ, હઝરત યૂસુફ તથા યૂસુફના ભાઈઓમાં કઈ ફરક ન રહેત. દીનમાં સનદનું સ્થાન ઈલ્મ તથા તક્વાધારી હોવા પર આધારિત છે. જે જેટલા પ્રમાણમાં દીનદાર તથા મુત્તકી અને જાણકાર હશે, એટલા જ પ્રમાણમાં અનુસરવાને પાત્ર અને ફઝ્લવાળો ગણાશે, ભલે નસબી રીતે કે સૂરતની રીતે કોઈ પ્રતિષ્ઠા તથા શરાફત ન ધરાવતો હોય. અને જે જેટલા પ્રમાણમાં દીનદારી તથા ઈલ્મી લાયકાતથી દૂર હશે એટલા જ પ્રમાણમાં ફઝાઈલથી ખાલી રહશે, ભલે ઘણા બધા લેહાઝથી પ્રતિષ્ઠિત તથા શરીફ હોય.

જેમ કે અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માને આલીશાન છે :

اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ "બેશક ! અલ્લાહને ત્યાં તમારામાંથી અધિક ઈજ્જતવાળો તે જે તમારામાં અધિક પરહેઝગાર છે." *(હુજુરાત–૧૩)*

અને સૈયદે આલમ નૂરે મુજસ્સમ શફીએ ઉમમ ﷺનું ફર્માન જન્નત નિશાન છે : وَمَنْ أَبْطَأَ بِهِ عَمَلُهُ لَمْ يُسْرِعْ بِهِ نَسَبُهُ "જે અમલમાં સુસ્ત પડયો તેનો નસબ તેને તેજ રફતારી નહીં કરે." *(સુનને અબૂ દાઊદ, ૩૬૪૩)*

**નોંધ** : આપણે ફખ્રુસ્સાદાત તથા સૈયદુસ્સાદાત વગેરે લકબોના ઉપયોગના મુદ્દલે વિરોધી નથી. અમે ચાહીયે છીએ કે આ લક્બો એ અગ્રગણ્ય સાદાત માટે ઉપયોગ થવા જોઈએ જે એના પાત્ર હતા. દા.ત. ફાતેહે ક઼ાદયાનિયત હઝરત કિ઼બ્લા અલ્લામા પીર મહેર અલી શાહ ગોલળવી, હઝરત કિ઼બ્લા ફકી઼હે આ'ઝમ સૈયદ અબુલ બરકાત અહમદ, હઝરત ગઝાલીએ ઝમાં, રાઝીએ દૌરાં અલ્લામા સૈયદ અહમદ સઈદ કાઝમી, હઝરત અમીરે મિલ્લત સૈયદ જમાઅત અલી શાહ સાહબ અલીપુરી, સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, મુહદ્દિષે આઝમે હિંદ અલ્લામા સૈયદ મુહમ્મદ કછોછવી, અલ્લામા સૈયદ શાહ અલી હુસૈન જીલાની અશરફી, અલ્લામા શાહ આલે રસૂલ ક઼ાદરી બરકાતી મારહરવી વગેરે. رحمة الله عليهم اجمعين આ સૌ અને જે પણ શરીઅત તથા તરીક઼તમાં એમની રાહો પર ચાલ્યા છે અથવા ચાલી રહ્યા છે તેઓ સૌ પોત પોતાના સમયના ફખ્રુસ્સાદાત, ઈમામુસ્સાદાત અને સૈયદસ્સાદાત કહેવડાવવાના યકી઼નન હક્ક઼દાર છે. પરંતું જે સાદાત ગેર મુતશર્રઅ (શરીઅતના પાબંદ નથી) અને દીનદાર નથી, જો તે સૌને પણ એવા જ લક઼બો આપવામાં આવે તો પછી મર્તબાઓનો ફરક કેવી રીતે રહેશે ?!

અમુક હઝરાતે ઈમામે અહલે સુન્નતના એક ફત્વાથી દલીલ પકડતાં એ મૌક઼ફ ઈખ્તિયાર કર્યો છે કે સૈયદ ભલે બદ અકી઼દા તથા બદ અમલ હોય તેની તાઝીમ વાજિબ છે. એના અનુસંધાન પ્રથમ તેમનો મૌક઼ફ જોઈ લો.

## બદ્ મઝહબ સૈયદની તા'ઝીમ વાજિબ હોવાનો અર્થ શું છે?

સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબ "ગાયતુત્તબજીલ" લેખક : શયખ સઈદ મહમૂદના અનુવાદની શરૂઆતમાં પેજ ૨૧ પર લખે છે :

"ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, અશ્શાહ ઈમામ અહમદ રઝાખાં સૈયદની તાઝીમ તથા તૌકીરના વિશે ઈર્શાદ ફર્માવતાં લખે છે કે સૈયદ તફઝીલી હોય તો પણ તેની તાઝીમ તથા એહતેરામ લાઝમી તથા જરૂરી છે. વધુમાં એ કે તે પેજ નં. ૨૨ ઉપર આ'લા હઝરતનો ફત્વો નકલ કરે છે :

"સૈયદ સુન્ની મઝહબવાળાની તાઝીમ લાઝિમ છે ભલે તેના અમલો ગમે તેવા હોય. એ અમલોના સબબે તેનાથી નફરત ન કરવામાં આવે. નફ્સે આમાલ (મૂળ અમલો)થી નફરત કરવામાં આવે, બલ્કે તેના મઝહબમાં પણ થોડો ફરક હોય કે કુફ્રની હદ સુધી ન પહોંચે, જેમ કે તફઝીલ, તો એ હાલતમાં પણ તેની તાઝીમે સયાદત (સૈયદ હોવાને લીધે તાઝીમ) જશે નહીં. હા! જો તેની બદમઝહબી કુફ્રની હદે પહોંચે જેમ કે રાફઝી, વહાબી, કાદયાની, નેચરી વગેરે. તો હવે તેની તાઝીમ હરામ છે કે જે તાઝીમનું કારણ હતું એટલે સયાદત તે જ ન રહી." આ'લા હઝરતનો આ ફત્વો સમયના પ્રખ્યાત તફઝીલી કારી ઝહૂર અહમદ ફૈઝી સાહબે પણ પોતાની કિતાબ "મનાકિબે ઝહ્રા" પેજ ૨૨૪–૨૨૫ પર નકલ કર્યો છે.

કહેવું એ છે કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ખાન કાદરી رحمۃ اللہ علیہના આ ફત્વા પર પોતાની રાય આપવા કરતાં બેહતર છે કે આ'લા હઝરતનો પોતાનો ખુલાસો રજૂ કરી દેવામાં આવે જેથી મામલો સાફ થઈ જાય અને વાંચકો સરળતાપૂર્વક ફૈસલો કરી શકે. તો આ'લા હઝરતનો એક અન્ય ફત્વો પણ જુઓ :

**મસ્અલા–૮૦૯** : અહલે સુન્નત વ જમાઅતનો મુત્તફક અલૈહ અકીદો છે કે સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ અંબિયા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ બાદ અફઝલુલ બશર (માનવોમાં શ્રેષ્ઠ) છે. ઝયદ તથા ખાલિદ બંનેવ સાદાતમાંથી

છે. ઝયદ કહે છે, જે શખ્સ હઝરત અલીને હઝરત અબૂ બક્ર પર ફઝીલત આપે છે તેની પાછળ નમાઝ મકરૂહ થાય છે. ખાલિદ કહે છે : હું અલલ એલાન કહું છું કે હઝરત અબૂબક્ર સિદ્દીક પર હઝરત અલીને ફઝીલત છે. અને દરેક સૈયદ તફઝીલિયહ છે અને તફઝીલિયહ પાછળ નમાઝ મકરૂહ નથી થતી, બલ્કે જે તફઝીલિયા પાછળ નમાઝ મકરૂહ બતાવે ખુદ તેના પાછળ નમાઝ મકરૂહ થાય છે.

**અલ્જવાબ** : તમામ અહલે સુન્નતનો ઈજમાઈ અકીદો છે કે સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ, મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી અફઝલ છે. દીનના ઈમામોની સ્પષ્ટતા છે કે જે કોઈ મૌલા અલીને તેમના પર ફઝીલત આપે તે દીનમાં નવી વાત કાઢનાર બદમઝહબ છે. તેની પાછળ નમાઝ મકરૂહ છે. ''ફતાવા ખુલાસા'' તથા ''ફુત્હુલ કદીર'' તથા ''બહરુર્રાઈક'' તથા ''ફતાવા આલમગીરી'' વગેરે ઘણી કિતાબોમાં છે : ''જો કોઈ હઝરત અલીને સિદ્દીક તથા ફારૂક પર ફઝીલત આપે છે તો તે બિદઅતી છે.'' ગુન્યહ તથા રદુલ મુહતારમાં છે : ''બદ્મઝહબની પાછળ નમાઝ દરેક હાલમાં મકરૂહ છે.'' અરકાને અરબમાં છે : ''તેઓ એટલે તફઝીલી શીઆની ઈક્તેદામાં નમાઝ સખત મકરૂહ છે. તફઝીલીઓની પાછળ નમાઝ સખત મકરૂહ, એટલે મકરૂહે તહરીમી છે કે પઢવી ગુનોહ અને દોહરાવવી વાજિબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવા રઝવિય્યહ, ૬/૬૨૨)*

**નોંધ** : આ મુદ્દો પણ ધ્યાનમાં રાખશો કે આ ફત્વાની તારીખ ૧૪ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૩૯ છે અને આ અલ્લામા સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબના રજૂ કરેલ ફત્વાથી પછીનો છે. વાંચકો ! આપ આ’લા હઝરતના બંનેવ ફત્વા તથા બંનેવ ફરકને જુઓ અને વિચારણાપૂર્વક પઢનારને આ’લા હઝરતનો મૌકફ સારી રીતે માલૂમ થઈ જશે. સારાંશ, ઈલ્મી પ્રમાણિક્તાનો તકાઝો એ હતો કે સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાન કાદરી رحمۃ اللہ علیہના બંનેવ ફત્વા ઈલ્મવાળાઓ સામે રજૂ કરવા જોઈતા હતા જેથી ઈમામે અહલે સુન્નતનો મસ્લક તથા આ મસ્અલામાં તેમનો ખયાલ સંપૂર્ણપણે ઈલ્મવાળાઓની સામે આવે.

ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہના બંનેવ ફત્વા સામે રાખીને એ જ સમજમાં આવે છે કે આપે જે ફર્માવ્યું, "સૈયદ જો બદ્‌મઝહબ પણ હોય તો પણ તેની તા'ઝીમ જરૂરી છે." ત્યાં આપનો આશય એ છે કે તેની અંગત તથા નસબી તૌહીન કરવાથી બચવામાં આવે અને દુનિયવી મામલાઓ તથા સામાજિક બાબતોમાં તેમની સાથે માનપૂર્વકનો વર્તાવ કરવામાં આવે. ન એ કે તેને લોકો સમક્ષ રેહબર તથા પેશવા બનાવીને પેશ કરવામાં આવે કે જેથી તે પોતાની ગુમરાહીને ફેલાવે. એટલા જ માટે બીજા ફત્વામાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ઈમામે અહલે સુન્નતે ફર્માવ્યું, "ગુમરાહ સૈયદને ઈમામ નથી બનાવી શક્તા." જેથી ફત્વાનો ભાવાર્થ સમજ્યા વિના પોતાની ખ્વાહિશને ઈમામે અહલે સુન્નતનો મસ્લક બતાવીને અવામની સામે પેશ કરવું તેમને હલાકત (બર્બાદી)માં ફેંકવું છે.

બદ્ મઝહબનો સામનો કરવાથી બેહતર એ છે કે તેમને ચેતવણી કરવામાં આવે, શરીઅતની વોર્નિંગો સંભળાવીને તેમને સુન્નતની નિશાનીઓ તરફ દા'વત આપવામાં આવે અને અમ્ર બિલ મઅરૂફ તથા નહી અનિલ મુન્કરનો શરઈ ફરીઝો અંજામ આપવામાં આવે.

જો બદ્ અમલ તથા બદ્ મઝહબ સૈયદને પોતાનો દીની પેશવા તથા રહબર બનાવવાની કોશિશ કરવામાં આવી રહી છે તો લોકો દીની પેશવા સમજીને તેમની રવિશને અપનાવશે અને એ અધિક બદ્‌મઝહબીને ઉત્તેજન આપવાનો સબબ બનશે કે જે શરીઅતની રૂએ હરામ છે.

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાન કાદરી رحمۃ اللہ علیہથી સવાલ કરવામાં આવ્યો :–

"ઝયદની માનો એ અક઼ીદો છે કે, હઝરત અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ના બરાબર કોઈ સહાબીનો રુત્બો નથી." તો આપે એના જવાબમાં ફર્માવ્યું, "ઝયદની મા આ મજકૂર અક઼ીદાના કારણે અહલે સુન્નતથી ખારિજ (બહાર) અને ગુમરાહ ફિર્કા તફઝીલિયામાં દાખલ છે. જેમને દીનના ઈમામોએ રાફઝીઓના નાના ભાઈ કહ્યા છે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૧/૧૫૨, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

સારાંશ કે કેવળ પોતાના લાભ ખાતર ઈમામે અહલે સુન્નતના મસ્લકમાં પનાહ લેનારાને અમારી એલાનિયા દા'વત છે કે તેમના મસ્લકને જે છે તેવો જ કૃબૂલ કરે જે એ છે કે, ''હક્ક બદસ્તે હૈદરે કર્રાર, મુઆવિયા પણ અમારા સરદાર છે, તેમના પર ટોણાં મારવાં એ ફાજિરોનું કામ છે.

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાને સવાલ થયો : ''સૈયદના છોકરાને તેનો ઉસ્તાદ અદબ શીખવવા માટે મારી શકે છે કે નહીં ?'' આપે જવાબમાં ફર્માવ્યું, : કાઝી જે અલ્લાહની નિશ્ચિત કરેલી સજાઓ કાયમ કરવા માટે મજબૂર છે, તેની સામે જો કોઈ સૈયદ પર સજા સાબિત થઈ તો તેમ છતાં કે તેના પર શિક્ષા લાગુ કરવી ફર્ઝ છે અને તે શિક્ષા કરશે. પરંતુ તેને હુકમ છે કે સજા આપવાની નિય્યત ન કરે, બલ્કે દિલમાં એવી નિય્યત કરે કે શહઝાદાના પગોમાં કીચડ લાગી ગયેલ છે તેને સાફ કરી રહ્યો છું. તો પછી કાઝી જેના પર સજા આપવું ફર્ઝ છે તેને તો આ હુકમ છે તો : ''ઉસ્તાદ કઈ મંઝિલમાં છે !'' *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ૩/૩૬૬)*

જેમ કે અનુભવ છે કે ફખ્રુસ્સાદાત સરકાર ગૌષે આ'ઝમ હોય કે દાતાગંજ બખ્શ અલી હિજવૈરી, ઈમામુસ્સાદાત શહાબુદ્દીન સુહરવર્દી હોય કે ખ્વાજા ગરીબ નવાઝ, સૌ સયાદત તથા શરાફતવાળા આ બુઝુર્ગો, ચાર ઈમામો (ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ)માંથી કોઈના મુકલ્લિદ તથા પયરવી કરનારા છે. જ્યારે કે ઈમામોમાંથી કોઈપણ સૈયદઝાદા નથી. બલ્ખે ફખ્રુસ્સાદાત અલ્લામા સૈયદ અહમદ તહતાવી ફર્માવે છે : فَمَنْ كَانَ خَارِجًا عَنْ هٰذَا الْاَرْبَعَةِ فَهُوَمِنْ اَهْلِ الْبِدْعَةِ وَالنَّارِ ''તો જે કોઈ (સૈયદ હોય કે ગૈર સૈયદ, પીર હોય કે મુરીદ) આ ચારેવ (ઈમામોમાંથી કોઈની તકલીદ)થી બહાર છે તે બિદઅતીઓ તથા જહન્નમીઓમાંથી છે.''

*(હાશિયતુત્તહતાવી અલદુર્રિમુખ્તાર, કિતાબુઝ્ઝબાઈહ, ૪/૧૫૩, મક્તબા ઈસ્લામિયા–કોઈટા)*

અહીં મુફસ્સિરે શહીર, ફખ્રુસ્સાદાત સૈયદ મહમૂદ આલૂસી બગદાદીનું લખાણ ઉલ્લેખનીય છે જે ઈલ્મી તથા અમલી કાબેલિયતોથી ખાલી, મુતકબ્બિર

શાહઝાદગાન ચાહે સાદાતે કિરામ હોય કે આલે સૂફિયાએ કિરામ કે આલે ઉલમાએ કિરામ સૌને માટે ધ્યાન કરવા જેવું તથા સબક લેવા જેવું છે :–

"આલે રસૂલ ﷺએ તકવાથી ખાલી તથા ખ્વાહિશોની પયરવી કરનાર હોવું ન જોઈએ. નેકી (પણ) ફી નફસહા સારી ચીજ છે પરંતુ આલે રસૂલમાં હોય તો અધિક અંશે સારી, અને બુરાઈ (પણ) ફી નફસહા બુરી ચીજ છે પણ આલે રસૂલમાં હોય તો અધિક અંશે બુરી છે. કદીક કોઈ સૈયદઝાદાની બેરાહ રવીઓ લોકોને તેને આલે રસૂલ ﷺ ગણવામાં શરમિંદા કરે છે. અને ઘણીવાર લોકો તેના નસબનો (જ) ઈન્કાર કર કરી આપે છે. અને જે વખતે લોકો આવા સૈયદઝાદાને તેની મકરૂહ પ્રવૃત્તિના કારણે ભલુ બુરૂ કહે અને ગૈર સૈયદને તે સૈયદઝાદા પર અગ્રતા આપે તો સૈયદઝાદા પોતે પોતાને જ ભલુ બુરુ કહે. જેમ કે ખુરાસાન શહેરના એક સૈયદઝાદાની હિકમત નકલ થયેલ છે. તે રસૂલુલ્લાહ ﷺથી નસબ (વંશ)ની રીતે તો નિકટતા ધરાવતા હતા પણ અમલી રીતે એલાનિયા ફિસ્ક (ગુનાહો)માં સપડાયેલા હતા. અને ત્યાં જ એક શ્યામ વર્ણના આઝાદ કરેલ ગુલામ પણ હતા જે ઈલ્મ તથા અમલમાં અગ્રસ્થાને હતા જેના કારણે લોકોમાં બાઈઝ્ઝત તથા મોઅઝ્ઝમ હતા.

એક દિવસે સંજોગોવસાત તે આલિમ સાહબ ઘરેથી મસ્જિદ જવા નીકળ્યા તો ખૂબ જ સંખ્યામાં લોકો તેમની આસપાસ ભેગા થઈને તેમનાથી બરકત હાંસલ કરવા લાગ્યા. સૈયદઝાદા નશાની હાલતમાં તે આલિમને મળવા ચાહતા હતા પણ લોકો તેમને હટાવી દેતા. તે કોઈ રીતે આલિમ સાહબ સુધી પહોંચી ગયા અને આલિમ સાહબનું બાઝુ પકડીને બોલ્યા, હે કાળા પગ તથા હોઠોવાળા ! હે કાફિર ઈબ્ને કાફિર ! હું રસૂલ ﷺની ઔલાદ છું છતાં લોકો મને ઝલીલ કરી રહ્યા છે અને તારી તા'ઝીમ કરી રહ્યા છે ! મારી તૌહીન કરી રહ્યા છે અને તારી મદદ ! તો લોકો સૈયદઝાદાને મારવા માટે તૈયાર થયા પરંતુ આલિમ સાહબે રોકી દીધા, અને કહ્યું, ભલે એ હદથી ગુજરી ગયા છે પણ નિસ્બતે રસૂલ ﷺના કારણે દરગુઝર કરવાને પાત્ર છે. અને પછી સૈયદઝાદાને સંબોધીને કહ્યું, હે

શહઝાદા ! મેં મારા બાતિન (અંતર)ને (ઈલ્મ તથા અમલ વડે) રોશન કર્યું અને આપે સિયાહ કર્યું. તો મારા બાતિનનું નૂર મારા ચહેરાની કાળાશ પર ગાલિબ આવી ગયું અને હું (લોકોમાં) હસીનો જમીલ થઈ ગયો. અને આપના દિલની સિયાહી આપના ચહેરાની સફેદી પર ગાલિબ આવી ગઈ અને આપ (લોકોમાં) ખરાબ થઈ ગયા. મેં આપના જદ્દે કરીમ (નાનજાન) ﷺની સીરતને અપનાવી લીધી અને આપે મારા દાદાની, તો લોકોએ મને આપના જદ્દે કરીમ ﷺની સીરત પર અમલ કરતો પામ્યો અને આપને મારા જદ્દે કરીમની સીરત પર ! (એટલા માટે) મને આપના જદ્દે કરીમ ﷺનો (રૂહાની) પુત્ર સમજી લીધો અને આપને મારા દાદાના (રૂહાની) પુત્ર માન્યા. જેથી તેમણે આપની સાથે આવો વર્તાવ કર્યો જે મારા બાપની સાથે કરવામાં આવતો હતો. અને મારી સાથે તે સુલૂક કર્યો જે આપના નાનાજાન સાથે કરવામાં આવતો હતો.

*(તફસીરે રૂહુલ મઆની, સૂ. હુજુરાત, આ. ૧૩)*

આટલી પ્રસ્તાવના પછી આપના સવાલ (ઈલ્મ તથા તક્વાને બદલે પોતાના સૈયદ હોવાને પાયો બનાવવો અને .... છેવટ સુધી)નો જવાબ :–

વર્તમાનકાળમાં આપણા સમાજમાં પીરાને એઝામ બે પ્રકારના જોવા મળે છે :–

૦૧. સુન્ની સહીહુલ અક઼ીદા આલિમ, મુત્તસિલુસ્સિલસિલા, ગૈરે ફાસિક઼ે મુઅ્લીન, મુત્તબએ મુઆ઼સિરીન ઉલમાએ અહલે સુન્નત.

૦૨. જેનામાં ઉપરોક્ત શરતો અથવા એક પણ શરત ગાયબ હોય.

પ્રથમ પ્રકારના પીર સાહબ પોતાના માટે લક઼બો તથા વંશિક પ્રતિષ્ઠાનો ઉપયોગ દીનની તરક્કી, મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતના ગલ્બા તથા મુસલમાનોની ઈસ્લાહ માટે કરે જેથી લોકો નસબી શરાફતના કારણે આકર્ષાય અને બયઅત કરીને બદ્‌મઝહબોના ધોકાઓથી બચે. તો આ લક઼બોનો ઉપયોગ જાઈઝ છે. કેમ કે એમાં મુસલમાનોની ખૈર ખ્વાહી છે. અલ્બત્ત ! તેમ છતાં તેણે જોઈએ કે તવાઝોઅ (આજીજી, નમ્રતા) પ્રદર્શિત કરવામાં કમી ન કરે. મુરીદોને

એના માટે (લકબો વાપરવા) પ્રોત્સાહિત ન કરે, લોકોને પોતાના પર બદ્‌ગુમાનીનો માર્ગ ન આપે.

અને જો કેવળ નફ્સના સંતોષ તથા માલની મહોબ્બતમાં તથા વાહ વાહીના માટે અથવા પોતાના સમકાલિનોથી મુક઼ાબલો કરવા માટે અથવા કોઈ દુનિયવી હેતુ પામવા માટે એવું કરે તો એ નાજાઈઝ તથા હરામ છે.

તરીક઼એ મુહમ્મદિયા તથા હદીક઼એ નદિયામાં છે :

سَبَبُ حُبِّ الرِّيَاسَةِ ثَلٰثَةٌ. ثَانِيُهَا التَّوَسُّلُ بِهٖ اِلٰى تَنْفِيْذِ الْحَقِّ وَاِعْذَازِ الدِّيْنِ وَاصْلَاحِ الْخَلْقِ. فَهٰذَا اِنْ خَلَا عَنِ الْمَحْذُوْرِ كَالرِّيَا وَ التَّلْبِيْسِ وَتَرْكِ الْوَاجِبِ وَالسُّنَّةِ فَجَائِزٌ بَلْ مُسْتَحَبٌّ. قَالَ اللّٰهُ تَعَالٰى عَنِ الْعِبَادِ الصَّالِحِيْنَ : وَاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا. مُلْتَقِطًا۔

"સરદારીની ચાહત તથા મહોબ્બતના ત્રણ સબબો છે. બીજો એ છે કે સત્તા એટલા માટે ચાહે છે કે જેથી જેના સબબથી હક઼ લાગુ કરવું, દીનની પ્રતિષ્ઠા વધારવી અને લોકોની ઈસ્લાહ કરી શકે. જો આ મના બાબતો દા.ત. રિયા, ધોકો, તથા વાજિબ તથા સુન્નતના છોડવાથી ખાલી હોય તો ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ (અજરો સવાબનો સબબ) છે. જેમ કે અલ્લાહ તઆલાએ નેક બંદાઓની હિકાયત વર્ણવી (કે તેઓ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્ઝ કરે છે :) "હે પરવરદિગાર ! અમને પરહેઝગાર તથા ડરનારા લોકોનો ઈમામ (પેશવા) બનાવી દે." *(અત્તરીક઼તુલ મુહમ્મદિયહ્‌, ૧/૧૫૩–૧૫૪, મક્તબે હનફિયા કોઈટા, અલ્‌ હદીક઼તુન્નદિય્યહ્‌, ૧/૪૪૧, ૪૪૨, મક્તબે નૂરિયા રઝવિય્યા–ફૈઝાબાદ)*

બાકી બીજા પ્રકારના પીર સાહબ આલિમ તો આલિમ અવામની નિગાહમાં શૈખુલ ઈસ્લામ જ કેમ ન હોય, તેને પીર બનાવવો જ જાઈઝ નથી, તેની તારીફ તથા લક઼બો વડે તેની જાહેરાત કરવાનું તો દૂરની વાત છે ! એવા શખ્સો તથા વ્યક્તિઓ બમણા મુજરિમ છે કે એક તો ગુનાહમાં પડયા (કે પીરને અપાત્રને પીર બનાવ્યો) બીજા ગુનાહ પ્રતિ આકર્ષવું. (કે એ અપાત્રની લક઼બો વડે જાહેરાત કરવાનું કામ કરવું.)

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

لَا تَحْسَبَنَّ الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّ يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٨٨﴾

''કદાપિ ગુમાન ન કરશો તેમને જેઓ પોતાના કર્યા પર ખુશ થાય છે અને દોસ્ત રાખે છે કે ન કરેલા પર દાદ આપવામાં આવે, તો કદાપિ તેમને અઝાબના બચાવની જગા ગુમાન ન કરશો અને તેમના માટે દર્દનાક માર છે.''

*(આલે ઈમરાન, ૧૮૮)*

સદરુલ અફાઝિલ, બદરુલ અમાષિલ અલ્લામા સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી આ આયતની તફસીરમાં ફર્માવે છે : આ આયત યહૂદીના હક્કમાં નાઝિલ થઈ જેઓ લોકોને ધોકો આપવા પર અને ગુમરાહ કરવા પર ખુશ થતા અને અજ્ઞાન હોવા છતાં પસંદ કરતા કે તેમને આલિમ કહેવામાં આવે.

**મસ્અલા** : આ આયતમાં ચેતવણી છે ખુદ પસંદી કરનારાઓ (પોતાની વાહવાહી ચાહનારાઓ)ના માટે અને તેમના માટે જેઓ લોકોથી પોતાની જૂઠી પ્રશંસા ચાહે, જે લોકો ઈલ્મ વિના પોતે પોતાને આલિમ કહેવડાવે છે, અથવા એ જ પ્રમાણે કોઈ અન્ય ખૂબી પોતાને માટે પસંદ કરે છે તેઓએ આના પરથી સબક હાંસલ કરવો જોઈએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

Web.:www.barkatekhwaja.net

## ચેતવણી

અહલે સુન્નત વ જમાઅતની નિશાની એ હોવી જોઈએ કે જે દીની બુઝુર્ગના ફઝાઈલ વર્ણન કરવા હોય તે જેવુ હોય એવું વર્ણન કરવામાં આવે. તેમને વર્ણન કરતી વખતે કોઈ અન્ય માનનીય દીની હસ્તીની તરફ ટીપ્પણી ન કરવામાં આવે કે દૂરનો પણ તૌહીનનો અણસાર પેદા થાય. કેમ કે આપણા માટે સર્વ દીનની અગ્રગણ્ય હસ્તીઓ સન્માનને પાત્ર છે. સૌ આપણા માટે અક઼ીદતનું કેન્દ્ર છે, સૌથી મહોબ્બત અને સૌની તા'ઝીમ આપણા ઈમાનનો તકાઝો છે. જેમ કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ લખે છે :

كَيْفَ وَ لَيْسَ حُبُّ الصَّحَابَةِ لِذَوَاتِهِمْ وَ لَا حُبُّ اَهْلِ الْبَيْتِ لِاَنْفُسِهِمْ، بَلْ حُبُّهُمْ جَمِيْعًا لِوُصْلَتِهِمْ بِرَسُوْلِ اللّٰهِ ﷺ، فَمَنْ اَحَبَّ رَسُوْلَ اللّٰهِ ﷺ، وَجَبَ اَنْ يُّحِبَّهُمْ جَمِيْعًا، وَ مَنْ اَبْغَضَ بَعْضَهُمْ ثَبَتَ اَنَّهٗ لَا يُحِبُّ رَسُوْلَ اللّٰهِ ﷺ، فَلَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ كَمَا لَا نُفَرِّقُ بَيْنَ رُسُلِ رَبِّنَا صَلَوَاتُ اللّٰهِ وَ سَلَامُهٗ عَلَيْهِمْ، وَ مَنْ اَحَبَّ اَبَا بَكْرٍ وَ لَمْ يُحِبَّ عَلِيًّا كَالنَّوَاصِبِ وَالْخَوَارِجِ عُلِمَ اَنَّهٗ اِنَّمَا يُحِبُّ ابْنَ اَبِيْ قُحَافَةَ، لَا خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ حَبِيْبَهٗ وَ صَاحِبَهٗ وَمَنْ اَحَبَّ عَلِيًّا وَ لَمْ حُحِبَّ اَبَا بَكْرٍ كَالرَّوَافِضِ، عُلِمَ اَنَّهٗ اِنَّمَا يُحِبُّ ابْنَ اَبِيْ طَالِبٍ، لَا اَخَا رَسُوْلِ اللّٰهِ وَوَلِيَّهٗ وَنَائِبَهٗ وَ هٰذَا مَعْنٰى قَوْلِ الْمَوْلَوِيّ

**(અનુવાદ)** : ''એવું કેમ ન થયું અને સહાબાની મહોબ્બત એમની જાતના સબબે નથી, અને ન અહલે બયતની મહોબ્બત તેમની જાતના સબબે છે, બલ્કે એ સૌની મહોબ્બત રસૂલુલ્લાહ ﷺના સંબંધ તથા નિસ્બતના લીધે છે. તો જે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બત કરે તેના પર લાઝિમ છે કે એ સૌની સાથે મહોબ્બત કરે. અને એમનામાંથી કોઈ એકથી પણ અદાવત રાખે તો લાઝિમ ઠરશે કે તેને અલ્લાહના રસૂલથી મહોબ્બત નથી. તો આપણે (મહોબ્બત તથા તા'ઝીમ કરવામાં) તેમનામાંથી કોઈ એકની સાથે પણ તફાવત નથી કરતા. જેમ કે આપણે આપણા રબના સર્વ રસૂલો صَلَوَاتُ اللّٰهِ وَ سَلَامُهٗ عَلَيْهِمْના બારામાં

(ઈમાન લાવવામાં અને તા'ઝીમ કરવામાં) કોઈ ફરક નથી રાખતા. અને નાસબીઓ તથા ખારજીઓની જેમ જેણે અબૂ બૂક્ર સાથે મહોબ્બત કરી અને અલીથી મહોબ્બત ન કરી તો તે ફક્ત ઈબ્ને અબૂ કુહાફા (અબૂ કુહાના પુત્ર)થી મહોબ્બત કરે છે, ન કે રસૂલુલ્લાહ ﷺના ખલીફા, આપના હબીબ તથા આપના સહાબીથી કરે છે. અને (એ જ પ્રમાણે) જેણે રાફઝીઓની જેમ અલીથી મહોબ્બત કરી અને અબૂબક્રથી મહોબ્બત ન કરી, તો જાણવા મળ્યું કે તે કેવળ અબૂ તાલિબના પુત્ર અલીથી મહોબ્બત કરે છે, રસૂલુલ્લાહ ﷺના (કાકાના પુત્ર) ભાઈ, આપના વલી તથા આપના નાયબથી મહોબ્બત નથી કરતો. મૌલાના રૂમના શેઅરોનો આ જ અર્થ છે કે :–

اے گرفتارِ ابوبکر و علی! ۔ تو چہ دانی سرِ حق کہ غافلی

(અર્થ) : "હે અબૂ બક્ર તથા અલીની ઝાતી મહોબ્બતના કેદી ! તું હક્કના રાઝને શું જાણે કે તું છે. (એટલે કે અબૂબક્ર તથા અલી رضی اللہ عنہماની ઝાતી મહોબ્બત શરીઅતનો હેતુ નથી બલ્કે તે મહોબ્બત દરકાર છે જે રસૂલુલ્લાહ ﷺની નિસ્બતના માનમાં દરજા પ્રમાણે કરવામાં આવે.")

*(હવાલો : اَلْمُعْتَمَدُ الْمُسْتَنَد بِنَاءَ نَجَاةِ الْاَبَد حَاشِيَةُ الْمُعْتَقَد الْمُنْتَقَد ,*
*પેજ : ૨૬૪, ૨૬૫, દારુલ અહલિસ્સુન્નહ)*

જેમ કે ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીન ફર્માવે છે :–

مَا اَظُنُّ رَجُلًا يَنْتَقِصُ اَبَا بَكْرٍ وَّ عُمَرَ يُحِبُّ النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

"જે શખ્સ હઝરત અબૂબક્ર તથા ઉમરની તૌહીન કરે છે તો હું નથી સમજતો કે તે (હક઼ીક઼તમાં) નબી ﷺથી મહોબ્બત કરે છે." *(સુનને તિર્મિઝી, ૩૬૯૪)*

## ઈમામ માલિકના મઝહબનો ખુલાસો

અમુક હઝરાતે નેઅમતુલ બારી શરહે સહીહ બુખારી, અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہની એક ઈબારત (લખાણ)નો હવાલો આપ્યો છે જે તેમણે રૂહુલ મઆનીના હવાલાથી ઈમામ માલિકનો મૌક઼ફ વર્ણવતાં લખ્યું કે, "ઈમામ

માલિક સૈયદા ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہا ને સર્વ સહાબાથી અફઝલ માને છે. તો આપ હઝરાતે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની અફઝલિયતના મુન્કિર પર જે હુકમ લગાડયો છે, તે શું ઈમામ માલિક પર પણ લાગશે ?''

તેના જવાબમાં અર્ઝ છે કે આ બેકાર બહષ છે. આપણી ચર્ચા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની મુત્લક્ અફઝલિયતના બારામાં છે, અને અમે સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે એ અમુક અન્ય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત સૈયદા ફાતિમા ઝૂહરા رضی اللہ عنہا સહીતની ખાસ ફઝીલતની વિરુદ્ધ નથી. તેની વિગત નીચે પ્રમાણે છે :–

અલ્લામા મુહમ્મદ આલૂસી હનફી કુર્આને કરીમની આયત : يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ ના હેઠળ લખે છે :–

وَاعْتَرَضَهٗ أَيْضًا بَعْضُهُمْ بِاَنَّهٗ يَلْزَمُ عَلَيْهِ أَنْ يَّكُوْنَ كُلٌّ وَاحِدَةٍ مَنْ نِسَآءِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَفْضَلَ مِنْ فَاطِمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا مَعَ أَنَّهٗ لَيْسَ كَذٰلِكَ وَ أُجِيْبَ عَنْ هٰذَا بِاَنَّهٗ لَا مَانِعَ مِنْ اِلْتِذَامِهٖ إِلَّا أَنَّهٗ يَلْتَزِمُ كَوْنُ الْاَفْضَلِيَّةِ مِنْ حَيْثُ أُمُوْمَةِ الْمُؤْمِنِيْنَ وَالزَّوْجِيَةِ لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا مَنْ سَئِرِ الْحَيْثِيَّاتِ، فَلَا يَضُرُّ فِيْهِ كَوْنُ فَاطِمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَفْضَلَ مِنْ كُلِّ وَاحِدَةٍ مِّنْهُنَّ لِبَعْضِ الْحَيْثِيَاتِ الْاُخِرِ، بَلْ هِيَ مِنْ بَعْضِ الْحَيْثِيَاتِ كَحَثِيَةِ الْبُضْعِيَةِ أَفْضَلُ مِنْ كُلِّ مِنَ الْخُلَفَاءِ الْاَرْبَعَةِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ أَجْمَعِيْنَ

''એના પર એ વાંધો ઉઠાવવામાં આવે છે કે એનાથી એ લાઝિમ થશે કે અઝવાજે મુતહ્હરાત (હુઝૂરની પાક બીવીઓ) સૈયદતેના ફાતિમતુઝ્ ઝહ્રા رضی اللہ عنہا થી પણ અફઝલ હોય. જ્યારે કે એવું નથી.'' આ વાંધાનો એ જવાબ આપવામાં આવ્યો છે કે બેશક ! (નબી ﷺ ની) અઝવાજે મુતહ્હરાત તથા ઉમ્મહાતુલ મો'મિનીન હોવાની હૈષિયતથી તેઓ સૈયદતેના ફાતિમા رضی اللہ عنہا થી અફઝલ છે. પરંતુ સર્વ હૈષિયતના લહાઝથી તેમનાથી અફઝલ નથી. અને એમાં કોઈ વાંધો નથી કે અન્ય હૈષિયતના લેહાઝથી હઝરત ફાતિમા તેમનાથી અફઝલ હોય. બલ્કે એ હૈષિયત કે સૈયદતેના ફાતિમા رضی اللہ عنہا નબી ﷺ ના શરીર

મુબારકનો ભાગ છે. આ હૈષિયતથી તો તેણી તમામ ચારેવ ખલીફાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ અફઝલ છે.'' *(રૂહુલ મઆની, ૧૧/૧૮૫)*

આ લખાણમાં કુલ્લી અથવા સર્વ હૈષિયતોથી અફઝલ હોવાની વાત નથી, બલ્કે જુઝવી (આંશિક) તથા અમુક હૈષિયતોથી અફઝલ હોવાની વાત છે. એટલા માટે એ આપણા મૌકૂફ (એટલે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની મુત્લક્ અફઝલિયત)ની વિરુદ્ધ નથી, અને એના પર કોઈને વાંધો પણ નથી. કેમ કે જે શરફ (બુઝુર્ગી) હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہાને રસૂલુલ્લાહ ﷺના શરીરનો હિસ્સો હોવાની હૈષિયતથી હાંસલ છે તે અઝવાજે મુતહ્હરાત તથા ચારેવ ખલીફામાંથી કોઈને પણ હાંસલ નથી, અને આ ઍંગલથી (એતબારથી) તેણી અફઝલ છે. ઈમામ માલિકની તરફ સંબંધિત છે કે તેમણે ફર્માવ્યું, وَلَا أُفَضِّلُ أَحَدًا عَلٰى بَضْعَةِ رَسُوْلِ اللّٰهِ ﷺ ''હું રસૂલુલ્લાહ ﷺના શરીરના ટુકડા પર કોઈને ફઝીલત નથી આપતો.'' *(મિર્કાતુલ મફાતીહ, ૯/૩૯૬૫)*

તેમનો આ કૌલ જુઝવી (આંશિક) ફઝીલતના એતબારથી છે. એટલા માટે ઈમામ માલિકની માન્યતા પણ એ જ છે કે નબી કરીમ ﷺ પછી મુત્લક્ અફઝલિયતના મર્તબા પર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ બિરાજેલ છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہ પણ અફઝલિયતે સિદ્દીકે અકબરના મસ્અલામાં કતઈય્યતના કાઈલ (માનનારા) છે.

એ જ પ્રમાણે ઈમામ અહમદ બિન સાલિમ સફારીની હંબલી رحمۃ اللہ علیہ ઈમામ માલિકના હવાલાથી લખે છે : ઈમામ માલિકને સવાલ કરવામાં આવ્યો :

أَيُّ النَّاسِ أَفْضَلُ بَعْدَ نَبِيِّهِمْ ، فَقَالَ : أَبُوْ بَكْرٍ ، ثُمَّ عُمَرُ ، ثُمَّ قَالَ : أَوَفِيْ ذٰلِكَ شَكٌّ

''નબી કરીમ ﷺના પછી સૌથી અફઝલ કોણ છે ? આપે ફર્માવ્યું, હઝરત અબૂબક્ર પછી ઉમર. પછી ફર્માવ્યું, શું એમાં કોઈ શક છે ?!''

وَهُوَ الْمَشْهُوْرُ عَنِ الْإِمَامِ مَالِكٍ رَضِيَ اللّٰهُ عَنْهُمْ أَنَّ الْأَفْضَلَ بَعْدَ أَبِيْ بَكْرٍ وَ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا عُثْمَانُ بْنُ عَفَّانَ ، ثُمَّ عَلِيُّ بْنُ أَبِيْ طَالِبٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا

"હઝરત ઈમામ માલિકનો મશહૂર ક઼ૌલ એ છે કે હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماના પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ અને પછી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ છે." *(લવામિઉલ અન્વારિલ બહિય્યહ્, ૨/૩૫૫)*

ઈમામ હારિષ બિન મિસ્કીન رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં ઈમામ માલિક رحمۃ اللہ علیہથી તફઝીલે શયખૈન (અબૂબક્ર ઉમરની અફઝલિયત)ના વિશે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું : لَيْسَ فِيْ أَبِيْ بَكْرٍ وَّ عُمَرَ شَكٌّ. "અબૂ બક્ર ઉમર رضی اللہ عنہماના અફઝલ હોવામાં કોઈ શંકા નથી."

*(શરહે ઉસૂલે એઅ્તેક઼ાદ અહલે સુન્નત લિલ્અલ્કલાઈ, ૨૬૧૨)*

અલ્લામા સખાવી (વફાત : ૯૦૨) લખે છે : ઈમામ માલિકને પૂછવામાં આવ્યું : أَيُّ النَّاسِ أَفْضَلُ بَعْدَ نَبِيِّهِمْ. فَقَالَ: أَبُوْبَكْرٍ "નબી ﷺ પછી લોકોમાં સૌથી અફઝલ કોણ છે ? ઈમામ માલિકે જવાબ આપ્યો : અબૂબક્ર."

*(ફતહુલ મુગીષ, ૪/૧૧૬)*

ઉપરોક્ત હવાલાઓથી સ્પષ્ટ થયું કે ઈમામ માલિકનું સૈયદા ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની ફઝીલતના બારામાં આ બયાન : "........હું નબી ﷺના શરીરના હિસ્સા પર કોઈને ફઝીલત નથી આપતો." તે હઝરત સૈયદા رضی اللہ عنہاની જુઝવી તથા વિશિષ્ટ ફઝીલતના બારામાં છે, એમાં કોઈ મુસલમાનને શક નથી, દરેક ઈમાનવાળો તેને દિલો જાનથી સ્વીકારે છે.

આ તે લોકોની ઈલ્મી ખયાનત છે કે તેઓ અલ્લામા સઈદી સાહબ رحمۃ اللہ علیہનો હવાલો આપીને દલીલ રૂપે નકલ કરી રહ્યા છે, પણ ઈમામ માલિક તથા અલ્લામા આલૂસીના ક઼ૌલથી વિરોધીઓ જે પુરવાર કરવા ચાહે છે તેનો રદ અલ્લામા સાહબે આ લખાણના પછી તરત જ કર્યો છે. આપ લખે છે :–

"હું કહું છું : આના આધાર પર રસૂલુલ્લાહ ﷺની તમામ ઔલાદનો પણ એ જ હુકમ હોવો જોઈએ. અને મુસલમાનોનો એના પર ઈજમાઅ છે કે અંબિયા علیہم السلام પછી અફઝલુલ બશર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર છે, પછી હઝરત ઉષ્માન છે, પછી હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે. *(નેઅમતુલ બારી, ૧/૧૨૫)*